સૌરભ શાહ



પ્રેમનું મૅનેજમૅન્ટ



પ્રેમ કરતાં પહેલાં,
પ્રેમ કર્યા પછી



VISIT…

LANZAROTE

Caliente.COM

સૌરભ શાહ



પ્રેમનું મૅનેજમેન્ટ



પ્રેમ કરતાં પહેલાં,
પ્રેમ કર્યા પછી



પ્રેમનું મૅનેજમેન્ટ

પ્રેમનું મૅનેજમેન્ટ

પ્રેમ કરતાં પહેલાં, પ્રેમ કર્યા પછી

સૌરભ શાહ

સંપર્કસૂત્ર



આર. આર. શેઠ ઍન્ડ કંપની પ્રા. લિ.

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

116, પ્રિન્સેસ સ્ટ્રીટ, અર્થબાગ, મુંબઈ 400 002 ટેલિ. (022) 22013441

'દ્વારકેશ', રૉયલ એપાર્ટમૅન્ટ પાસે, ખાનપુર, અમદાવાદ 380 001 ટેલિ. (079) 25506573

Email : sales@rrsheth.com Visit us at : www.rrsheth.com

PREM NU MANAGEMENT
Articles on Love, marriage and personal relationship
Written by Saurabh Shah
Published by R. R. Sheth & Co. Pvt. Ltd.
Mumbai □ Ahmedabad
2018

hisaurabhashah@gmail.com

ePub Version 3.0.1
eISBN : 978-93-5122-741-07

અર્પણ

સ્વ. **બીના** ને તથા **હેમંત સંઘવી** ને
મીના તથા **કિરણ કોઠારી** ને
અને
સાધના તથા **કૈલાસ શાહ** ને

સાથે વસવા માટે બે માણસોએ સરખી ઉમ્મરનાં જુવાન કે ઘરડાં હોવું કે એક જાતનાં કામ કરનારાં હોવું, એટલું જ બસ નથી. પોતાથી જુદા કે પોતાને ન રુચતા વિચાર સામું માણસ પ્રામાણિકપણે ધરાવતું હોય, તો પણ પ્રત્યક્ષ વહેવાર કે વર્તનમાં જ્યાં સુધી એ નડતરરૂપ ન થાય ત્યાં સુધી તે સાંખવાની ઉદારતા કે મનની મોટાઈ જોઈએ; જે આપણામાં નથી હોતી; અને કેવળ સગાઈ સગપણ અથવા તો માયામમતાના માર્યાં આપણે ભેળાં રહેવા મથતાં હોઈએ છીએ. આમ કરવામાં માણસ એકબીજાની હૂંફ કે સગવડ કદાચ થોડીઘણી ભલે મેળવે, પણ સાચું અંતરનું સુખ કે સંતોષ કદી પામી શકે નહીં.

– સ્વામી આનંદ

('સમાજ ચિંતન અને બીજા લેખો'માં પ્રગટ થયેલા નિબંધ 'વૃદ્ધોની વિટંબણા'માંથી, પૃષ્ઠ 62. પ્રકાશકઃ એન. એમ. ત્રિપાઠી, મુંબઈ)

પ્રસ્તાવના

'પ્રેમનું મૅનેજમેન્ટ' પુસ્તક અગાઉ 'સંબંધોની સુવર્ણમુદ્રાઓ' અને તે પહેલાં 'સંબંધોનું મૅનેજમેન્ટ'ના નામે પ્રગટ થઈ ચૂક્યું છે. નૉર્મલી પુસ્તક એક વખત પ્રગટ થઈ જાય તે પછી એના શીર્ષકમાં કોઈ ફેરફાર ન થવો જોઈએ એવો આગ્રહ હોય છે જેથી વાચકોમાં કોઈ અસ્પષ્ટતા સર્જાય નહીં. પણ અપવાદરૂપે આ વખતે એવું કર્યું છે. પુસ્તક અલમોસ્ટ આખેઆખું મેં ફરીથી લખ્યું હોય તે રીતે એડિટ કર્યું છે. આ પ્રથમ સંવર્ધિત આવૃત્તિ છે.

આ પુસ્તકના લેખો વિશે હું શું કહું? એ જ્યારે મારી કૉલમોમાં પ્રગટ થતા હતા ત્યારે જે મળે તે અચૂક કહે કે, 'ગઈ કાલે જ મેં મારી પત્ની / મારા પતિ જોડે આ વિશે ચર્ચા કરી અને તમે બીજી સવારે અમને કૉલમ દ્વારા જવાબ આપ્યો!' આવું વારંવાર બનતું રહ્યું છે. આનો અર્થ હું એ લઉં છું કે આમાં જે મુદ્દાઓ વિશે લખ્યું છે તે તમામ સૌ કોઈના જીવનને સ્પર્શે છે.

પ્રેમ, મૈત્રી, લગ્ન, લગ્નેતર સંબંધો, ડિવોર્સ – આ બધા એવા વિષયો છે જેના વિશે મેં ખૂબ વિચારો કર્યાં છે, બહુ જ નવા લાગે એવા, ક્રાન્તિકારી જણાય એવા, મૌલિક વિચારો કર્યા છે. આનંદ એ વાતનો છે કે મારા આ વિચારો સાથે ભાગ્યે જ કોઈ અસહમત થાય છે. આનો મતલબ એ કે આપણો સમાજ બદલાઈ રહ્યો છે, લોકોની માનસિકતામાં પરિવર્તન આવી રહ્યું છે, આપણે હવે બંધિયાર નથી રહ્યા.

આ વિષય પર લખવું, નવું લખવું, અઘરું છે જેની સાથે દરેક સ્થળકાળના વાચકો આઇડેન્ટિફાય કરી શકે એવું લખવું એના કરતાંય અઘરું છે. મા સરસ્વતીના ચારેય હાથ તમારા માથા પર હોય ત્યારે આવું લખાય છે એવું વર્ષોથી મહેસૂસ કર્યું છે.

'પ્રેમનું મૅનેજમેન્ટ' પુસ્તક વાસ્તવમાં તો પ્રથમવાર પ્રેમમાં પડતાં પહેલાં વાચવા જેવું છે, લગ્ન કરતાં પહેલાં તો અચૂક વાંચવા જેવું છે અને જેઓ પોતાના સૌથી અંગત સંબંધને જીવની જેમ સાચવી રાખવા માગે છે એમના માટે તો આ પુસ્તકનું વાચન અનિવાર્ય છે – આવું મને લાગી રહ્યું છે. પુસ્તક વાંચી લીધા પછી તમને પણ લાગશે.

20 નવેમ્બર, 2017
– સૌરભ શાહ
મુંબઈ
www.facebook.com/saurabh.a.shah
www.saurabh-shah.com
WhatsApp Group: 90040 99112

લેખકનાં અન્ય પુસ્તકો

નવલકથા: મહારાજ, વૈરવૈભવ

નિબંધ: પ્રિય જિંદગી, મનની બાયપાસ સર્જરી, કંઈક ખૂટે છે

ચિંતન: સ્વભાવનું મૅનેજમેન્ટ, લાગણીઓનું મૅનેજમેન્ટ, પ્રેમનું મૅનેજમેન્ટ, સંબંધોનું મૅનેજમેન્ટ

પત્રકારત્વ: મોદી શા માટે મોદી છે, મોદીનો વિરોધ શા માટે, નોટબંધીનું એટુઝેડ, જીએસટીની એ.બી.સી., અયોધ્યાથી ગોધરા

સંપાદન: સર્જન-વિસર્જન *(હરકિસન મહેતાના જીવન-કવન વિશેનો ગ્રંથ)*

અનુવાદ: વન ઇન્ડિયન ગર્લ *(ચેતન ભગતની નવલકથા)* , ગૉડફાધર *(મારિયો પૂઝોની નવલકથા)* , જિના ઈસી કા નામ હૈ *(પ્રેરણાત્મક સત્ય ઘટનાઓ)* , થિન્ક એવરેસ્ટ *(એવરેસ્ટ આરોહણની કથા)*

હવે પછી: જીવનનું મૅનેજમેન્ટ, તુમ જિયો હજારોં સાલ, પહેલી ને છેલ્લી – આ જ છે જિંદગી, જિંદગી ના મિલેગી દોબારા, ભારતનો સાચો ઇતિહાસ, લખવા વિશે – વાંચવા વિશે, ગમતા માણસોની ગમતી વાતો, પોત પોતાના ધ્રુવના તારા, ગાંધીજી એમ.જી. રોડ બની ગયા છે ત્યારે.

પ્રેમનું મૅનેજમેન્ટ



પ્રેમ કરતાં પહેલાં, પ્રેમ કર્યા પછી

એક
પ્રેમ એટલે ખુલ્લા પરબીડિયામાં મૂકેલો સરનામા વિનાનો પત્ર

પ્રેમ એટલે શું?
પ્રેમ એટલે સલામતી?
કે પછી પ્રેમ એટલે સમાધાન?
હૂંફની હાજરી એટલે પ્રેમ?
કે ભયનો અભાવ એટલે પ્રેમ?
પ્રેમ એટલે અધિકારની માગણી?
કે અધિકારની સોંપણી?

પ્રેમ જો વેદના હોય તો 'અજ્ઞેય' કહી ગયા એમઃ "વેદનામાં એક શક્તિ છે, જે દૃષ્ટિ આપે છે અને જે યાતના ભોગવે છે એ દ્રષ્ટા બની શકે છે." પણ પ્રેમ જો ટેવ હોય તો સુરેશ જોષીએ કહ્યું એમઃ "ટેવના માળખાને ઊંચકી ઊંચકીને ફરવાનો હવે થાક લાગે છે."

પ્રેમ એટલે શું?
કશુંક મેળવી લેવું?
કે પછી કશુંક આપી દેવું?
એકબીજાની સાથે રહીને જે અનુભવ થાય તે પ્રેમ?
કે પછી દૂર રહીને પણ જે લાગણી થતી રહે એ પ્રેમ?
પ્રેમ એટલે ભવિષ્યનાં સપનાં?
કે પ્રેમ એટલે ભૂતકાળનાં સ્મરણો?

પ્રેમની જે ક્ષણ વર્તમાનમાં જિવાય છે તે જ એનું એકમાત્ર અને સંપૂર્ણ સત્ય. એ સિવાયની ક્ષણોમાં પ્રેમ વિશે પાછળથી પ્રગટેલા વિચારો હોય અથવા ભવિષ્યમાં સર્જાનારા સંજોગોની કલ્પનાઓ હોય. આ બંનેમાં – બદલાયેલા સંજોગો, બદલાયેલા વિચારો અને બદલાયેલી આસપાસની વ્યક્તિઓ જેવું – પ્રેમ સિવાયનું બીજું ઘણું બધું ઉમેરાતું હોય. પ્રેમ વર્તમાનની ક્ષણ જેટલો અણિશુદ્ધ ક્યારેય રહી શકતો નથી. વર્તમાનમાં ન હોય એવો પ્રેમ અનેક અસરોથી ઘેરાયેલો રહે છે.

પ્રેમ એટલે સાગરનાં પાણી પર વરસી પડતી વાદળી?
કે પછી પ્રેમ એટલે દરિયાનાં જળમાંથી આકાશે બંધાઈ જતી વરાળ?
સ્પર્શાળુ ઇચ્છાઓનો વિસ્ફોટ એટલે પ્રેમ?
કે એ ઇચ્છાઓનું ઓગળી જવું એટલે પ્રેમ?
પ્રેમ એટલે તળેટી પરથી નજર કરતાં છેક ઉપર દેખાતું શિખર?
કે પછી શિખરેથી જોયેલું પ્રથમ પગથિયું પ્રેમ?

'સુન્દરમ્'નું એક નાનકડું કાવ્ય છેઃ *મેરે પિયા, મૈં કછુ નહીં જાનું: મૈં તો ચુપ ચૂપ ચાહ રહી... મૈં તો પલ પલ બ્યાહ રહી.*

પલ પલ બ્યાહ રહીની ગતિનો જેમને અનુભવ થતો હોય એમના માટે બીજી કોઈ પ્રગતિની જરૂર રહેતી

નથી. જેમાં હેતુ નથી એ જ પ્રેમ અનંત છે. હેતુ હોય ત્યાં એ હેતુ પૂરો થતાં જ પ્રેમ પણ પૂરો થઈ જાય છે.

પ્રેમ એટલે શું?

પ્રેમ એટલે સમાધાન કરીને સચવાય એટલી
સાચવી લીધેલી જીવનની ક્ષણો,
પ્રેમ એટલે સલામતીની સતત તૂટતી રહેલી દીવાલોની
બાકી રહી ગયેલી ઈંટો અને
પ્રેમ એટલે ખુલ્લા પરબીડિયામાં મૂકેલો સરનામા વિનાનો પત્ર.



બે

પ્રયત્ન વિના કશું ટકતું નથી, ચાહે એ મૈત્રી હોય યા લગ્ન

સંબંધો આપોઆપ બંધાય છે અને એની મેળે જ તૂટી જાય છે, એ વાત ખોટી છે.

વર્ષોથી, યુગોથી એક ભ્રમણા ચાલી આવે છે કે લાગણીના સંબંધો અનાયાસ સર્જાય છે, સાહજિક રીતે મ્હોરે છે અને કુદરતી રીતે પૂરા થઈ જાય છે. આવી વાતોમાં સત્ય હશે તો પણ તે નહિવત્ હશે અને એવા સંબંધો પણ વિરલ હશે.

પ્રથમ મુલાકાત કે પ્રથમ પરિચય અનાયાસ હોઈ શકે. કદાચ એવો યોગાનુયોગ બીજી-ત્રીજી વાર પણ થાય.

યોગાનુયોગ લાગતી મુલાકાતો બેમાંથી એક વ્યક્તિના છૂપા પ્રયત્નોને કારણે ગોઠવાઈ હોય એવું પણ બને. ક્યારેક બેઉ વ્યક્તિઓ પોતપોતાની રીતે 'યોગાનુયોગ' લાગે એવી મુલાકાત યોજવા પ્રયત્નો કરે એવું પણ બને. તમને ખબર હોય કે તમારા મામાના દીકરાની બાજુમાં એ રહે છે એટલે અમુક પ્રસંગે એ ત્યાં આવવાની જ. તમે અચાનક ટપકી પડ્યા હોવાનો દેખાવ કરીને ત્યાં પહોંચી જાઓ. સામે પક્ષે એને પણ ખબર હોય કે પોતાના ઘરની બાજુમાં જે છોકરો રહે છે એના ફોઈના તમે દીકરા છો અને અમુક પ્રસંગે તમે ત્યાં આવશો જ એટલે એ પણ આવી પહોંચે જે 'યોગાનુયોગ' થઈ જાય.

સંબંધ બાંધવા પ્રયત્નની જરૂર પડે. આખરે એ બે માણસ વચ્ચેનો સંબંધ છે, બિલાડીનો ટોપ નથી કે આપોઆપ ફૂટી નીકળે. સોશ્યલ ગ્રુપમાં કે જ્ઞાતિના મેળાવડામાં કે પાર્ટીમાં કે મિત્રવર્તુળમાં થતાં પ્રથમ પરિચયો કે પ્રથમ ઓળખાણોને સંબંધમાં બદલવા પ્રયત્નની જરૂર પડે, આયાસની જરૂર પડે. બેમાંથી એક વ્યક્તિની ઇચ્છા વિના પરિચય પછીનું ડગલું ભરાતું નથી. બેઉ વ્યક્તિની ઇચ્છાઓ ભેગી ના મળે ત્યાં સુધી એ પરિચયને સંબંધની ઓળખાણ મળતી નથી. સર્જાઈ ન શકેલા કે અધૂરા રહેલા સંબંધો માત્ર પરિચય કે ઓળખાણના તબક્કા પર ઝૂલતા રહે છે, ક્યારેક ખરી પડે છે.

પ્રયત્ન વિના કશું ટકી શકતું નથી, ચાહે એ મૈત્રી હોય યા લગ્ન. એક વખત સંબંધ બંધાયો એટલે હવે એ સંબંધ કાયમી છે એવું માની લેતા લોકો વખત જતાં સંબંધ પ્રત્યે બેદરકાર થઈ જાય. સતત માંજીને ઊજળા રાખવાના સંબંધ પ્રત્યે બેધ્યાન થઈ જવાથી વખત જતાં એને કાટ લાગે.

લેવું જ અને આપવું કશું નહીં એવી માનસિકતા બેમાંથી એક વ્યક્તિની હોય કે થઈ જાય ત્યારે સંબંધનું અસ્તિત્વ જોખમમાં મુકાય. આની સામે, આપ-લેની આ વાતને ત્રાજવામાં મૂકીને સતત બે પલ્લાંની સમતુલા જાળવવા માગતા સંબંધોમાં કૃત્રિમતા પેસી જાય. કેટલું આપ્યું અને કેટલું મળ્યું એનું ઑડિટિંગ ન થાય ત્યાં સુધી સંબંધમાં સાહજિકતા અને તાજગી રહે.

માત્ર મૈત્રીના જ નહીં, લગ્નના સંબંધને ટકાવવા પણ સભાન પ્રયત્નો કરવા પડે. મોટા ભાગનાઓ આ વાતથી અજાણ હોય છે. ચાર ફેરા ફરી લીધા પછી આ સંબંધને ટકાવવા કોઈ મહેનત કરવાની જરૂર નથી એવી માન્યતાથી પીડાતા લોકોને કારણે સમાજમાં કેટલાંય લગ્નો ત્રીજા દિવસની શાકભાજી જેવાં જોવા મળે છે. કાછિયો એના પર ગમે એટલું પાણી છાંટે તોય એને એની લીલોતરીનો ભૂતકાળ પાછો મળતો નથી. તાજગીને સાચવી ન શકનારા લોકો પોતાના વાસીપણાને ફેસલિફ્ટ કરાવવા પબ, ડિસ્કોથેક અને બારમાં લઈ જાય. ક્યારેક આશ્રમોમાં પણ લઈ જાય. પરંતુ ચમચીથી જે જાય છે તે સ્વિમિંગ પૂલ વડે પાછું આવી શકતું નથી.

સંબંધોને કાચના ફ્રેજાઈલ સામાનની જેમ સાચવવાના-જાળવવાના હોય. બેદરકાર થઈ જતા લોકોના કથળેલા સંબંધોનું સમારકામ થઈ ગયા પછી પણ એના ઉઝરડાનાં નિશાન કાયમ રહી જાય.

વર્ષગાંઠ કે અગત્યની તારીખો યાદ રાખીને તે દિવસે શુભેચ્છા-ફૂલ-ભેટ આપી દેવાથી સંબંધો કદાચ સચવાઈ જતા હશે પણ એવું કરવાથી સંબંધ મ્હોરી ઊઠે તે જરૂરી નથી. સંબંધો સાચવવાના હોય સાહેબો સાથે, જ્ઞાતિના પ્રમુખ સાથે કે 'કામ લાગે' એવા પરિચિતો સાથે. સંબંધો સાચવવાના પ્રયત્નોમાં અને સંબંધોને મ્હોરાવવાના પ્રયત્નોમાં ફરક છે. સંબંધો સાચવવા તમે દિવાળીએ ડ્રાયફ્રુટ્સનું બૉક્સ મોકલી આપો છો. સંબંધો મ્હોરાવવા તમારું કામ બાજુએ મૂકી સામેની વ્યક્તિને તમારા સમયની તમામ નિરાંત આપી દો છો.

બેમાંથી એકની કે બેઉની મંજૂરી વિના સંબંધો વિદાય લેતા નથી. પહેલાં અમારે એની સાથે બહુ બનતું, પછી ધીરે ધીરે ઓછું થતું ગયું એવું કહેનારાઓને ખબર નથી હોતી કે ઓછું થતું ગયું નહોતું, ઓછું કરી નાખવામાં આવ્યું હતું – એના તરફથી અથવા કદાચ, ખુદ તમારા પોતાના તરફથી. વહેલું કે મોડું, એક વખત તો દરેક માણસે મરવાનું જ છે એ વાત શીરાની જેમ ગળે ઊતરી ગઈ છે. પણ દરેક સંબંધ વહેલો કે મોડો પૂરો થઈ શકે એમ છે એવું મન સમજી નથી શકતું, માની નથી શકતું, સ્વીકારી નથી શકતું. એટલે જ હજારો ફિલ્મી ગીતોમાં અને દુનિયાભરના સાહિત્યમાં સર્જાયેલી લાખો કવિતાઓમાં 'જબ દિલ હી ટૂટ ગયા હમ જિ કે ક્યા કરેંગે'નું બૅકગ્રાઉન્ડ મ્યુઝિક સંભળાતું રહે છે.

કોઈ પણ સંબંધ એના પ્રથમ તબક્કામાં જેવો હોય એવો કાયમ રહી શકતો નથી. કાં તો એ વિકસે અથવા મૂરઝાઈ જાય. વિકસતા સંબંધને એક વખત એની યોગ્યતા મુજબની ઊંચાઈ મળી જાય પછી ક્યારેય તે શિખર પર ટકી રહેતો નથી.

પ્રયત્નો કરવાથી ટોચ પરના રહેઠાણની ક્ષણોને કદાચ થોડી વધુ લંબાવી શકો. પણ ત્યાં કાયમનો વસવાટ બધા માટે શક્ય નથી. 'ધીમે ધીમે ઢાળ ઊતરતી કેડીઓની સાખે તમને ફૂલ દીધાનું યાદ' એવું કવિ રમેશ પારેખ કહે છે, પણ કવિ એક વાત યાદ દેવડાવવાનું ભૂલી જાય છે કે આ ઊતરતો ઢાળ કદાચ વખત જતાં તમને તળેટીએ લઈ જશે અને તે વખતે કોઈકે આપેલું એ ફૂલ કરમાઈ ગયું હશે. પછી એ સુકાઈ ગયેલા ફૂલને તમારે કિતાબનાં બે પાનાં વચ્ચે મૂકી દેવાનું. ક્યારેક એ શુષ્ક પુષ્પ હાથ ચડી જાય ત્યારે ભૂતકાળની સમૃદ્ધિ યાદ કરીને સ્મિત કરી લેવાનું, અશ્રુ સારવવાનું નહીં.



ત્રણ

પ્રેમ કરતાં પહેલાં, પ્રેમ કર્યા પછી

એક વ્યક્તિનો બીજી વ્યક્તિ પ્રત્યેનો પ્રેમ કદી જાહેર ન હોઈ શકે. જ્યારે એ જાહેર બને છે ત્યારે એ પ્રેમ મટીને દેખાડો બની જાય છે. બે વ્યક્તિ મળે અને એક સંબંધ બંધાય ત્યારે એમાં પવિત્રતા વિના બીજું કશું જ સંભવી ન શકે. એ સંબંધ લગ્નમાં પરિણમે કે ન પરિણમે એનું બહુ મહત્ત્વ નથી.

માણસ શા માટે પ્રેમમાં પડતો હશે? એક અનંત પ્રશ્ન છે. જવાબ મેળવવાનો પ્રયાસ કરતાં પહેલાં એક વાત. લેખક મનોહર શ્યામ જોશીએ એક મુલાકાતમાં કહ્યું હતું, "જેની સાથે બૌદ્ધિક અથવા માનસિક નિકટતા અનુભવતા હો અને જેની સાથે લાગણીની નિકટતા અનુભવતા હો તેની સાથે શારીરિક નિકટતા પણ સર્જાય એ બહુ સાહજિક છે." જોશીજીનું આ વિધાન 'વી આર જસ્ટ ફ્રેન્ડ્સ' કહેતાં બે મિત્રોને પોતાના સંબંધો વિશે ફરી એક વાર વિચારતા કરી મૂકે. જોકે, આ વિશે અહીં ચર્ચા કરવાની નથી. મુદ્દો છેઃ આપણે પ્રેમમાં શા માટે પડીએ છીએ?

બે વ્યક્તિઓ પોતપોતાની આશા, આકાંક્ષા, અપેક્ષાને પરિપૂર્ણ થતી જોવા માટે એકબીજા પ્રત્યે આકર્ષાય છે. આનંદ, સંતોષ કે ભવિષ્યની આશાઓ દરેકના મનમાં પ્રગટ યા અપ્રગટપણે રહેવાની. સામેની વ્યક્તિમાં આપણી તમામ અપૂર્ણ ઇચ્છાઓને સાકાર થતી જોવાનું સપનું આપણે સેવીએ છીએ. સપનાંઓ હંમેશાં અતિશયોક્તિભર્યાં હોવાનાં. પોતે જે કંઈ પામી શક્યા નથી એ તમામ સામેની વ્યક્તિ પાસેથી પામવાની ઝંખનાને કારણે પ્રેમ સર્જાય છે.

પ્રેમની પ્રથમ પળ પછી સપનાંઓની ખૂબ મોટી ભરતી આવે. મોજાંઓ પર સવાર થયેલી આકાંક્ષાઓ મેઘધનુષી દેખાય. કોઈકના જીવનમાંની સૌથી અગત્યની વ્યક્તિ બની રહેવાનો ઉન્માદ હોય. દુનિયાની પરવા કર્યા વિના ગાંડાતૂર બનીને પોતાનું તમામ અસ્તિત્વ નિચોવીને કોઈકની પાસે ઠલવાઈ જવાનો અનુભવ સ્વર્ગની કલ્પના કરતાં વધુ રમણીય લાગે. અપાર સુવર્ણમય શક્યતાઓ નજર સામે ઊઘડતી દેખાય. આ એ તબક્કો છે જ્યાં વિકલ્પો, સમાધાનો અને ત્યાગનો પ્રવેશ નથી થયો. ગેરસમજ થવાની કે ભ્રમ દૂર થઈ જવાની ક્ષણો હજુ સર્જાઈ નથી. આકાશમાં ખૂબ ઊંચે વિહરતા હોવાની અત્યારની લાગણી કાયમ ટકી રહેશે એવી પાકી ખાતરી છે. આ વખતે તો એની પ્રાપ્તિ થશે જ જેની ઝંખના છે. મનમાં શ્રદ્ધા છે કે જિંદગીની શરૂઆત નવા છેડાથી કરી શકાશે.

પ્રેમના પ્રાથમિક તબક્કામાં બે આશાઓ હોય. એક, બાળપણથી માંડીને નજીકના ભૂતકાળમાં થયેલા તમામ હૂંફાળા અને સલામતી આપતા પ્રસંગો આ સંબંધમાં દોહરાવાય એવી આશા. અને બે, બાળપણથી માંડીને નજીકના ભૂતકાળમાં થયેલા તમામ કડવા અનુભવોની યાદ અને આ દરમિયાન અનુભવેલી અસલામતીની લાગણી ભૂંસાઈ જાય એવી આશા. જરૂરી નથી કે આ આશાઓ ખુલ્લંખુલ્લા આપણા મનમાં હોય. અપ્રગટપણે મનના કોઈક ખૂણે સંતાયેલી હોવાની.

પોતાના મનમાં જે વિચારોનો અને જે લાગણીઓનો પ્રવાહ ચાલી રહ્યો છે તે પોતાના નહીં પણ સામેવાળી વ્યક્તિના મનમાં ચાલી રહ્યો છે એવી માન્યતાને માનસશાસ્ત્રીઓ પ્રોજેક્શન કહે છે. પ્રેમમાં આશાભર્યાં સપનાંઓથી શરૂ કરીને ભ્રમનિરસનના દિવસો સુધીની સફર વચ્ચેનો આ પ્રોજેક્શનનો ગાળો સમજી લેવા જેવો છે. એક સાદોસીધો દાખલોઃ નાનું બાળક રાત્રે પોતાના રૂમની લાઇટ બંધ કરવાની ના પાડતાં એની

મમ્મીને કહે છેઃ “મારા ટેડી બેરને અંધારામાં બીક લાગે છે.” બીક કોને લાગે છે તે આપણે સમજીએ છીએ. પોતાની બીકનું આરોપણ બાળક ટેડી બેરમાં કરે છે. પોતાની લાગણી પ્રગટ ન થવા દેવી અને બીજામાં એવી લાગણી છે એવું કહેવું એનું નામ પ્રોજેક્શન.

તું કેમ આજકાલ મારાથી નારાજ રહે છે એવો પ્રગટ પ્રશ્ન આપણા પ્રોજેક્શનનો એક ભાગ છે. આપણે મનોમન વિચારીએ છીએ કે સામેની વ્યક્તિની મારા પ્રત્યેની ચાહત ઓછી થઈ ગઈ છે ત્યારે વાસ્તવમાં આપણો એના માટેનો પ્રેમ ઓછો થઈ ગયો હોય છે. રોજબરોજના વ્યવહારોમાં જ્યાં ને ત્યાં પ્રેમની ગેરહાજરી મહેસૂસ કરીને ઝઘડો કરી નાખનારી વ્યક્તિ જાણતી જ નથી કે અંધારાની બીક ટેડી બેરને નહીં, પોતાને લાગે છે. છાશવારે સામેની વ્યક્તિના પ્રેમમાં દોષ શોધનારને ખબર નથી કે આ જ બધાં કારણોસર વાસ્તવમાં પોતે દોષિત છે. પ્રોજેક્શનને કારણે પોતાના દોષ સામેની વ્યક્તિમાં દેખાતા રહે છે.

આવાં પ્રોજેક્શનોને કારણે પ્રેમમાં મોટા ભાગનો ભાર બેમાંથી એક જ વ્યક્તિએ ઉપાડવો પડતો હોય છે. કયો ભાર? પોતાની તેમ જ સામેની વ્યક્તિની – બેઉની અકળામણોનો ભાર. પોતાના પર કરવામાં આવતા નાના નાના બેવજૂદ આક્ષેપોનો ભાર. સામેની વ્યક્તિ વિશે ફરિયાદ નહીં કરી શકવાનો ભાર.

માણસ પ્રેમ કરે છે પોતાનાં સપનાંઓ સાકાર કરવા માટે, પોતાની ખુશી માટે, પોતાના સંતોષ માટે. આવું કરતી વખતે સામેની વ્યક્તિનાં પણ સપનાં સાકાર થઈ જાય, સામેની વ્યક્તિને પણ ખુશી અને સંતોષ પ્રાપ્ત થાય તો એ આડલાભ છે, હેતુ એવો નથી હોતો. સામેની વ્યક્તિને ખુશ જોવાની ઇચ્છામાં પણ છેવટે તો પોતાના માટે સંતોષ મેળવવાનો હેતુ રહેલો હોય છે. અહીં સવાલ એ ઊભો થાય કે શું પ્રેમ સ્વાર્થી છે?

જો પ્રેમ સ્વાર્થી હોય તો પ્રેમમાં એકમેકની લેવાતી નિર્દોષ કાળજીને શું કહીશું? એકબીજાનાં સુખદુઃખમાં સહભાગી થઈને પરસ્પરની લાગણીઓને સરખે હિસ્સે વહેંચી લેવાની ભાવનાને શું કહીશું?

પ્રેમનો આરંભ કદાચ સ્વાર્થને કારણે થતો હશે. પ્રેમનો વિકાસ થતો જાય એમ આ સ્વાર્થ એક વ્યક્તિનો મટીને બેઉનો સહિયારો સ્વાર્થ બની જતો હોય છે. બેઉ વ્યક્તિના સ્વાર્થની દિશા એક બની જાય ત્યારે માણસ પોતાની હારને પ્રિય વ્યક્તિની જીત ગણીને ઊજવતો હોય છે.

પ્રથમ પ્રેમનો પહેલો નશો ઊતરી જાય ત્યારે ખબર પડે કે દુનિયા જેવી કલ્પી હતી એવી સોનેરી નથી. આ દુનિયામાં પોતાની એક અલગ નાનકડી દુનિયા બનાવીને રહેવું દર વખતે કે બધા માટે શક્ય નથી. સમાધાન શબ્દનો અર્થ હવે સમજાતો જાય છે.

આશા, ઉન્માદ, ગેરસમજ અને ભ્રમનિરસના તબક્કાઓને સફળતાપૂર્વક પાર પાડનાર પ્રેમ જિંદગીની મોંઘી જણસ બની જાય. ક્યારેક આ પ્રેમ આગળ ન ચાલતાં ત્યાં જ પૂરો થઈ જાય તો પણ સાચો પ્રેમ પૂરો થાય ત્યારે વ્યક્તિ પોતે વધુ સંપૂર્ણ બને. ખાલીપો લાગતો હોવા છતાં પોતાનામાં રહેલી અધૂરપ ઓછી થઈ જાય. પ્રિયજન જો ખરેખર પ્રિય હોય તો છૂટાં પડતી વખતે બન્ને વ્યક્તિ પોતપોતાની રીતે વધુ સમૃદ્ધ બને છે, વધુ ઉમદા મન ધરાવતી થાય છે. કોઈના ગયા પછી ભણકારાના સહારે પણ જિંદગી સમૃદ્ધ થઈ શકતી હોય છે.



ચાર

પ્રેમ માટે જિંદગી કે જિંદગી માટે પ્રેમ

સાચો પ્રેમ કોને કહીશું? જટિલ સવાલ છે. પ્રેમ એટલે શું અને સાચું કે સત્ય એટલે શું – દુનિયાના સૌથી ભારેખમ સવાલોમાંના આ બે સવાલ છે. અત્યારે માત્ર આટલું જ વિચારીએ: ખરો પ્રેમ કોને કહેવાય?

એક જ વાક્યમાં જવાબ આપવો હોય તો કહેવાનું કે જે પ્રેમ એ પ્રેમ સિવાયની ક્ષણોને પણ સમૃદ્ધ બનાવે એ ખરો પ્રેમ.

પ્રેમની પ્રત્યક્ષ ક્ષણો જીવનમાં કેટલી? પ્રિયપાત્રની સાથેના સતત સંપર્કની કે સતત સહવાસની ક્ષણો કેટલી જીવનમાં? આ પ્રત્યક્ષ ક્ષણોમાં મળેલી સમૃદ્ધિ જીવનના બાકીના સમયમાં છલકાવી જોઈએ. રોજ તમે એને બે કલાક મળ્યા તો એ બે કલાકમાં પ્રાપ્ત થયેલી સુગંધ બાકીના બાવીસ કલાકમાં પ્રસરી જવી જોઈએ. અઠવાડિયે એક જ વખત મળ્યા તો બાકીના છ દિવસમાં અને મહિને કે વર્ષે એક વાર મળ્યા તો બાકીના મહિના કે બાકીના વર્ષ દરમિયાન એ મહેક પ્રસરતી રહેવી જોઈએ. કારણ? કારણ કે પ્રેમ માટે જીવન નથી, જીવન માટે પ્રેમ છે. જીવનને વધુ સમૃદ્ધ બનાવવા માણસના મનમાં, હૃદયમાં પ્રેમની લાગણી જન્મે છે અને એ લાગણીને સંતોષવાની ઇચ્છા જન્મે છે. જિંદગીના મેઇન્ટેનન્સ માટે, એની જાળવણી માટે પ્રેમ અનિવાર્ય છે.

આ અનિવાર્યતા પર વધુ પડતો ભાર મૂકી દે છે લોકો. એના મહત્ત્વ અંગે ગરબડ કરી મૂકે છે અને પ્રેમ ખાતર આખી જિંદગી દાવ પર લગાડી દે છે. પ્રેમની લાગણીને વધુ પડતી રોમૅન્ટિસાઇઝ્ડ કરી નાખવાથી આવા વિચારો જન્મે છે. જેમ ખોરાકનું મહત્ત્વ જિંદગીમાં છે એ જ રીતે પ્રેમનું મહત્ત્વ જિંદગીમાં છે. જીવવા માટે ખાઈએ છીએ આપણે. ખાવા માટે નથી જીવતા.

સવાલ પ્રાથમિકતા નક્કી કરવાનો છે. પ્રેમ કરવાને કારણે અથવા તમે પ્રેમમાં છો એ હકીકતને કારણે તમારું રોજિંદું કામ તમે વધારે સારી રીતે કરી શકો છો કે નહીં? આ સવાલ સાચા પ્રેમની કસોટી છે. જો હા, તો તમે સાચા માર્ગે છો. તમારો પ્રેમ સાચો છે. જે પ્રેમ તમને જીવનમાં આગળ લઈ જાય, જીવનનાં અન્ય કાર્યો કરવા માટે જે પ્રોત્સાહન આપે, સહાયરૂપ થાય તે પ્રેમ પુણ્યશાળી છે.

પણ જે પ્રેમને કારણે તમારું જીવન ખોરવાઈ જતું હોય એવું લાગે, તમારી રોજબરોજની જિંદગી, તમારાં અગત્યનાં કાર્યો પાટા પરથી ઊથલી પડતાં હોય તો એ પ્રેમ વિશે તમારે પુનર્વિચાર કરવો પડે. રોજ કલાકો સુધી તમે એને એકાન્તમાં મળી શકતા હો કે રોજ કલાકો સુધી તમે એના વિશે જ વિચાર્યા કરતા હો ત્યારે થોડાક જ સમયમાં આ પ્રેમ તમારા જીવનની ગતિને અસ્તવ્યસ્ત કરી નાખે છે. પ્રેમ ભલે યથાવત્ રહેતો હોય પણ તમારું કામ, તમારા જીવનનાં હેતુઓ, લક્ષ્યો, આદર્શો, સપનાંઓ બધું જ ધીમે ધીમે ખોરવાઈ જાય છે ત્યારે વખત જતાં ખુદ પ્રેમ પણ ખોરવાઈ જાય છે. માણસનું કામ માત્ર ભૌતિક ઇચ્છાઓ સંતોષવા નથી થતું હોતું. પોતાનામાં પડી રહેલી શક્યતાઓને ઉછેરવા માટે પણ માણસ નવાં કામ હાથમાં લઈને નવા પડકારો ઉપાડી લેવાનું પસંદ કરે છે. પ્રેમ કરવા રોકાઈ જશું તો આ પડકારોને પહોંચી વળવાની ગતિ થંભી જશે.

ખરેખર તો પ્રેમ કરવા રોકાવાનું જ ન હોય. પ્રેમ જિંદગીની પ્રગતિનો એક અનિવાર્ય હિસ્સો બની જાય પછી એ તમને રોકી રાખવાનો બદલે વધુ ને વધુ આગળ જવા પ્રોત્સાહન આપતો રહે છે. તમારામાં ધરબાઈને પડી રહેલી પરંતુ હજુ સુધી બહાર ન આવેલી શક્તિઓને, તમારી ઢંકાયેલી ખૂબીઓને પ્રગટાવવામાં જે ઉદ્દીપક તરીકેની, કૅટલિસ્ટ તરીકેની ફરજ બજાવી શકે એ ખરો પ્રેમ.

જે બાધારૂપ બને, જે ગૂંગળાવે, જે ક્ષિતિજોને ટૂંકાવી દે, જે બંધિયાર બનાવી દે એ પ્રેમમાં બીજાં તમામ તત્ત્વો ભલે હોય, સત્યનું કે સચ્ચાઈનું કે ખરાપણાનું તત્ત્વ એમાં નહીં હોય. પ્રેમમાં ખુવાર થઈ જવાનું ન હોય. પ્રેમ પામવા જતાં જિંદગી પોતે જ બરબાદ થઈ જવાની હોય તો એ પ્રેમનો અર્થ શું? પ્રેમ વિશેની કેટલીક ભ્રમણાઓ જીવન માટેની પ્રાથમિકતાઓ કઈ કઈ છે તે નક્કી કર્યા પછી સહેલાઈથી તૂટી જતી હોય છે. પ્રેમનું સ્થાન જીવનમાં કેટલામું છે? પહેલું તો નહીં જ.



પાંચ

જે ઝડપી શકાઈ નથી એ તક ક્યારેય છેલ્લી હોતી નથી

માણસને શા માટે વારંવાર પોતાની ખામીઓ પર બિલોરી કાચ મૂકીને જોવાનું મન થતું હશે? પોતે બધાથી વિખૂટો થઈ ગયો છે એવી લાગણીથી એ શા માટે વગર કારણે વહોરાતો હશે? આસપાસની વરુ જેવી દુનિયા પોતાને ફાડી ખાશે એવા ભયથી શા માટે એ ધ્રૂજતો હશે?

ગામ આખાને ન્યાયના ત્રાજવે તોળતા રહીએ છીએ પણ જાત વિશે મૂલ્યાંકન કરવું અઘરું છે. કોઈક વખત લાગે કે આપણો ક્યાંય વાંક નથી, સંજોગો જ ખરાબ છે અને નસીબ પણ ફૂટેલું છે. તો વળી ક્યારેક તમામ અણગમતી ઘટનાઓના દોષનો ટોપલો જાતે જ માથા પર મૂકીને બેસી પડીએ. સચ્ચાઈનો અમલ બહાર કરતાં પહેલાં અંદરથી કરવાનો હોય. તટસ્થતા ભરેલી સચ્ચાઈ આત્મનિંદા અને આત્મવંચનાના બે અંતિમોની વચ્ચેથી જડી આવે. પોતાની ખામીઓ વિશે સભાન થઈ ગયા પછી પોતે તરછોડાઈ ગયેલા હોવાની લાગણીનું રૂપાંતર પોતાના માટેના પ્રેમમાં થઈ શકે. શરત એટલી કે પોતાની ખામીઓને ઓળખવી, પછી સમજવી અને છેલ્લે એની હાજરીને સ્વીકારી લેવાની તૈયારી રાખવી. જેના અસ્તિત્વનો સ્વીકાર કર્યો હોય એની સામે જ લડી શકાય અને લડવાનો પ્રયત્ન નિષ્ફળ ગયા પછી એની સાથે જ સંધિ કરીને રહી શકાય.

આત્મપ્રશંસા જેટલી જ હાનિકારક આત્મદયાની લાગણી છે. સેલ્ફ-પિટીમાં રચ્યાપચ્યા રહેતા લોકોને ચારે બાજુથી સહાનુભૂતિ મળે એવી અપેક્ષા રહે છે. એક તબક્કો એવો પણ આવી જાય જ્યારે વ્યક્તિ હાંસીનું પાત્ર બની જાય. એવું થાય તે પહેલાં પોતાનામાં ક્યાં, શું, કેટલું ખોટું છે એ વિશે સ્પષ્ટ થઈ જવું પડે. દુનિયા પાસેથી મનગમતું બધું જ મેળવી લેવાની લાહ્યમાં આપણે ભૂલી જઈએ છીએ કે જેમની પાસેથી કશુંક પામ્યા છીએ એમને ઊંડે ઊંડે તમારી પાસેથી પણ કશુંક મેળવવાની ઇચ્છા છે. આપવાનું નક્કી કરીએ ત્યારે ધ્યાન રાખીએ કે આપવામાં ગરિમા હોવી જોઈએ. લેનારને એની લાચારીનો અહેસાસ કરાવીને અપાયેલી કીમતીમાં કીમતી ચીજ કે અમૂલ્યમાં અમૂલ્ય લાગણી ધૂળ બરાબરની થઈ જાય.

ડગલે ને પગલે પ્રોત્સાહનની જરૂર જેને ન પડે એ માણસ સંત કોટિએ પહોંચી ગયેલો જાણવો. હતાશા-ઉત્સાહથી જે પર છે એવી વ્યક્તિઓ સંસારમાં બહુ ઓછી જોવા મળે. સામાન્ય માણસને વારંવાર હતાશાની ખાઈમાં ઊંડે સુધી ઊતરી ગયાની લાગણી થઈ આવે. એને તીવ્ર ઇચ્છા થયા કરે કે હવે આશાભર્યા, હૂંફભર્યા, પ્રેમભર્યા બે બોલ કહીને કોઈક આમાંથી પોતાને બહાર કાઢે. નિરાશાજનક વિચારો જીવનમાં નિયમિત આવતા રહેવાના. એનો પ્રવેશ રોકવામાં દર વખતે સફળ ન પણ થવાય. આવા સમયે માણસ કેટલાક એવા નિર્ણયો લઈ બેસે જેને કારણે જિંદગી હોય એનાં કરતાં વધારે ગૂંચવાઈ જાય. નવી પડેલી એ ગૂંચ ઉકેલતાં કદાચ જીવન આખું પૂરું થઈ જાય. આવા સમયે કોઈકને ઉજાસભર્યા શબ્દો કહીને એની આંગળી ઝાલી મૂળ રસ્તે પાછા લાવવાનો પ્રયત્ન કરવા જેવું પુણ્યનું કામ બીજું એકેય નહીં.

ગૂંચ ઉકેલવા માટે અત્યાર સુધી કહેવામાં આવેલા તમામ માર્ગને છોડીને નવો રસ્તો લેવો પડે. આ રસ્તો કયો? સ્વ. નાટ્યકાર શૈલેષ દવેના નાટકનો એક સંવાદ છેઃ 'અંતરમાં ન ડંખે તે જ મારું સત્ય અને માંહ્યલો જે કહે તે જ મારો મારગ.' તો બસ, મન તીવ્રતાથી જે દિશા ચીંધ્યા કરતું હોય તે જ જીવનનો સાચો માર્ગ. પણ એ માર્ગ શોધતાં પહેલાં ઘરેડમાં પડી ગયેલી વિચારસરણીને ખંખેરી નાખવી પડે. નવેસરથી એનો એક-એક ટુકડો જોડીને નવી ભાત ધરાવતી વિચારસરણી ઘડવી પડે.

વિચારોનો આ નવો અવતાર પણ કાયમી નથી એવું માનવું પડે. આગળ વધવા સતત પરિવર્તનશીલ રહેવું પડે. પણ પરિવર્તનનો ડર લાગે છે. નવાનો ભય લાગે એ સ્વાભાવિક છે. જે સદી ગયું છે, જેની ટેવ પડી ગઈ છે, જે પરિચિત વાતાવરણ છે એમાં જ રચ્યાપચ્યા રહેવું ગમે છે. એટલે જ નવી તક, નવા અનુભવો, નવા વિશ્વથી વિમુખ થઈએ છીએ અને છેવટે અટવાઈએ છીએ. શું કરવું અને શું ન કરવું એ વિશે બીજાઓના અભિપ્રાયો પર આધાર રાખીને નકશો દોરવાનો થાય ત્યારે આવું જ બને. આવા નકશાનું છેવટનું સ્વરૂપ લીટાલપેડાનું હોય.

ક્યારેક મન પણ પોતાનાં જ તમામ કાર્યોનો વિરોધ કરતું થઈ જાય. ક્યારેક બધું નકામું લાગે, ક્યારેક બધું કરવા જેવું લાગે. એક સાથે ઘણું બધું અને ક્યારેક બધું જ કરી નાખવાની હોંશમાં માણસ ભયંકર પછડાટ ખાઈ બેસે. દુનિયાની દોડમાં પાછળ રહી જવાના ભયથી મન સતત ફફડતું રહે ત્યારે આવી પછડાટો અચૂક આવવાની. આ પછડાટો દરમ્યાન ક્યારેક કોઈએ સહૃદયતાપૂર્વક કહેલા કડવા પણ સાચા શબ્દો જીરવી શકાતા નથી અને જતનપૂર્વક ઉછેરાયેલા સંબંધ પર પણ ઉઝરડા કરી નાખીએ છીએ.

જિંદગીમાં વિકલ્પો ક્યારેય ખૂટતા નથી. જે ઝડપી શકાઈ નથી એ તક ક્યારેય છેલ્લી હોતી નથી. ભૂલભરેલી ગઈ કાલને છોડી દેવાની છે. ન જન્મેલી આવતી કાલ વિશે લાંબી કલ્પનાઓ પણ છોડી દેવાની છે. જે સમય અદીઠ છે તેના પર કોઈનો કાબૂ નથી. શ્રદ્ધા એક જ છે કે જિંદગી આખી એક ચમત્કાર લાગે એ રીતે ઉપરવાળો ત્યાં બેઠાં બેઠાં આશ્ચર્યચિહ્નોનો વરસાદ વરસાવ્યા કરે છે.



૭

નવેસરથી શરૂઆત થતી હોય ત્યારે

નવા સંબંધનો આરંભ બે વ્યક્તિઓની પરસ્પરની અપેક્ષાઓથી થાય છે. કોણ કેટલી અપેક્ષા સંતોષે છે એના આધારે સંબંધ બાંધવાનો કે આગળ વધારવાનો નિર્ણય થાય છે. આને બદલે શું એવું કરી શકાય કે બેઉ એકબીજાને કહે કે, મારી આકાંક્ષાઓમાંથી હું આટલી – કહો કે પચીસ ટકા જેટલી આકાંક્ષાઓ ઓછી કરી નાખું છું અને એ પૂરી કરવાની તારી કોઈ જ જવાબદારી નથી. એ ફળીભૂત ન થઈ તો મને કશો જ વાંધો નહીં આવે અને આવું કરવાથી આ સંબંધને ઊની આંચ પણ નહીં આવે.

ઉદારતાથી આરંભાતા સંબંધો જ પાંગરતા હોય છે. ખુલ્લાશભર્યા વાતાવરણમાં ઊગી રહેલું વૃક્ષ ભવિષ્યમાં ઘટાદાર બનીને માત્ર એ બે વ્યક્તિઓને જ નહીં, એમની આસપાસની તેમ જ અજાણી એવી અનેક વ્યક્તિઓ માટે વિસામો બનવાનું વચન આપે છે. અપેક્ષાઓ ઘટાડીને શરૂ થતા સંબંધો ભવિષ્યમાં એ અપેક્ષાઓ કરતાં ઘણી વધારે સમૃદ્ધિ લાવવાની ખાતરી આપે છે.

અંગ્રેજીમાં જેને લવ એટ ફર્સ્ટ સાઇટ કહેવાય છે તે પ્રથમ દૃષ્ટિએ પ્રેમમાં પડી જવાની ક્રિયા વાસ્તવમાં લાઇકિંગ એટ ફર્સ્ટ સાઇટ હોય છે. જોતાંવેંત કે મળતાંવેંત કોઈ વ્યક્તિ ગમી જાય એવું બને. એનું વર્તન, એના વિચારો, એનો દેખાવ, એના વ્યક્તિત્વનું કોઈ એક પાસું ગમી જાય, પ્રથમ મુલાકાતમાં જ ગમી જાય એવું બની શકે. ચાહવાનું તો ઘણું પાછળથી આવતું હોય છે. ગમવાથી ચાહવા સુધી જવાના માર્ગમાં આવતી માઇલસ્ટોન્સરૂપી તારીખોને અંગત ડાયરીમાં રેડલેટર ડેથી નવાજવામાં આવતી હોય છે. આય લવ યુ શબ્દોથી શરૂ થયેલો સંબંધ આય હેઈટ યુ સુધી પહોંચીને તૂટી શકે છે. આય લાઇક યુથી આરંભાતો સંબંધ આય લવ યુ પર જઈને વિરમી શકે.

ગમવામાંથી ચાહવા તરફ જવામાં સૌથી મોટું નડતર અપેક્ષાઓ ઊભું કરે છે. ગમતી વ્યક્તિને ચાહી ન શકાય, ત્યારે અહેસાસ થતો હોય છે કે એક અદૃશ્ય દીવાલ, અપેક્ષાઓની દીવાલ બાધા બનીને ઊભી છે. અપેક્ષાઓ બીજી વ્યક્તિની, અપેક્ષાઓ આસપાસની વ્યક્તિઓની અને અપેક્ષાઓ પોતાની જ, પોતાના માટેની. આવી દીવાલ સર્જાય એ કુદરતી છે. દીવાલને ઓળંગ્યા વિના આગળ નહીં વધી શકાય એ પણ નક્કી. માટે જ બને એટલી ઓછી ઊંચાઈએ એને અટકાવી દેવી જેથી એક નાનકડા મક્કમ કૂદકા વડે એને ઠેકી શકીએ.

નવો સંબંધ એક નવા માનસિક વિશ્વ સાથે આવે છે. કલ્પનામાં રચાયેલા એ વિશ્વનો મેળ દુનિયાદારીના વિશ્વ સાથે, વ્યવહારના જગત સાથે કઈ રીતે પડે તે જોવાનું કામ બેઉ સંબંધિત વ્યક્તિઓનું. એમાં ત્રીજી કોઈ વ્યક્તિ, ગમે એટલી આત્મીય હોય તો પણ સહાયરૂપ ન થઈ શકે. કારણ કે એ ત્રીજી વ્યક્તિ બહુ બહુ તો કાલ્પનિક વિશ્વનો ચિતાર જોઈ શકે, એ વિશ્વના જન્મ સમયે થયેલો રોમાંચ ન અનુભવી શકે. ત્રીજી વ્યક્તિ બહુ બહુ તો વ્યવહારુ દુનિયાનાં વિઘ્નો દેખાડી શકે, એ વિઘ્નો દૂર કરવાની મક્કમતા ન આપી શકે. આવી મક્કમતા એમની પાસે જ હોય જેઓ પેલા રોમાંચની તીવ્રતા અનુભવી ચૂક્યા હોય અને એ માનસિક અનુભવનું વ્યવહારુ ઉકેલોમાં રૂપાંતર કરવાની જવાબદારી ધરાવતા હોય.

જીવનમાં શું કરવું એનો નિર્ણય જેટલો અગત્યનો છે એટલું જ મહત્ત્વનું એ નક્કી કરવાનું છે કે કોની સાથે એ બધું કરવું છે. શું કરવું છે અને કોની સાથે રહીને એ કરવું છે એવા વિચારોના તાણાવાણા ગૂંચવાઈ જતા લાગે ત્યારે એને છૂટા પાડીને, એક-એક તારને અલગ કરીને એનું સ્વરૂપ સમજવામાં ઘણો સમય વીતી જઈ

શકે, ક્યારેક આખો જન્મારો.

આવું ન બને તે માટે પાછળ એક ઝડપી નજર કરીને નક્કી કરી લેવાનું કે મનમાં કઈ કઈ બાબતો અંગેના વિચારો ક્યારેય બદલાયા નથી? બદલાતા રહેલા વિચારોમાં શું હજુય પરિવર્તન આવી શકે છે? ન બદલાયેલા વિચારો પણ વખત જતાં બદલાઈ જાય એવું બને?

વિચારોના બદલાવા, ન બદલાવાની આ પ્રક્રિયા અવિરત ચાલ્યા કરવાની. એમાં અટવાઈ જઈને ખોવાઈ જતાં બચવું હોય તો બેઉ વ્યક્તિએ નક્કી કરી લેવાનું કે જે થાય તે, આપણે સાથે જ છીએ – વિચારોમાં પરિવર્તન આવશે, આપણા પોતાનામાં પરિવર્તન આવશે, બાકીનું બધું જ બદલાઈ જશે, છતાં આપણે સાથે છીએ.

ગુમાવ્યા વિના કશું મળતું નથી અને કશુંક છૂટે નહીં ત્યાં સુધી નવું કશુંય બંધાતું નથી. નવો સંબંધ સર્જાય ત્યારે કંઈક ગુમાવવાની, કશુંક છોડી દેવાની તૈયારી રાખવાની. એ વિના કોઈ કેવી રીતે જે મેળવવા માગે છે તે મેળવી શકે? જ્યાં પહોંચવા માગે છે ત્યાં પહોંચી શકે? આ રીતે શરૂ થતા નવા સંબંધની સમૃદ્ધિનો આધાર ભૂતકાળના અનુભવો નહીં, ભવિષ્યની કલ્પનાઓ હોય.



સાત

તૂટે તે સંબંધ, ટકે તે વ્યવહાર

પેઇન્ટિંગમાં પીંછીનો પહેલો લસરકો સૌથી મહત્ત્વનો અને લેખ, વાર્તા કે કવિતામાં પ્રથમ વાક્ય કે પ્રથમ પંક્તિ સૌથી મહત્ત્વનાં.

પ્રથમ બ્રશ સ્ટ્રોક પછી જ બાકીના સ્ટ્રોક્સ કેવા આવશે તે નક્કી થાય. પહેલો જ લસરકો કે પહેલું જ વાક્ય ખોટાં મુકાયાં તો ત્યાર બાદ સર્જાતી સમગ્ર કૃતિ એ જ દિશામાં આગળ વધવાની.

સંબંધમાં પ્રથમનું નહીં, અંતિમનું મહત્ત્વ છે. અંતિમ મુલાકાતનું. કોઈ પણ સંબંધનું ખરું મૂલ્ય બે વ્યક્તિની પ્રથમ નહીં, અંતિમ મુલાકાતને આધારે નક્કી થતું હોય છે. સંબંધના ચિત્રનો એ છેલ્લો બ્રશ સ્ટ્રોક નક્કી કરી આપે છે કે અત્યાર સુધી તમે દોરતા રહ્યા એ ચિત્ર કેવું રહ્યું. 'મરીઝ' કહે છે એમઃ *બધો આધાર છે એના જતી વેળાના જોવા પર.*

અપેક્ષા દરેક સંબંધનું આરંભબિંદુ. ભૌતિક સિવાયની અપેક્ષાઓથી આરંભાતો સંબંધ માણસની માણસ માટેની તરસને કારણે સર્જાય. આ તરસનું જન્મસ્થાન માણસના મનનું એકાંત હોઈ શકે, માણસના મનના ઉઝરડા પણ હોઈ શકે. અપેક્ષા વિનાના સંબંધનું અસ્તિત્વ હોઈ શકે? કદાપિ નહીં. અપેક્ષા વિનાનો કોઈ પણ સંબંધ તમે બતાવો, હું તમને ચંદ્ર વિનાની શરદ પૂર્ણિમા બતાવીશ. દરેક વ્યક્તિને સંબંધમાં અપેક્ષા રાખવાનો હક્ક છે. બન્ને પક્ષે સમજણભેર વધતી જતી અપેક્ષાઓ સંબંધમાં આત્મીયતા ઉમેરતી રહે છે. દીવાલ ત્યારે ઊભી થાય જ્યારે બેઉ પક્ષની અપેક્ષાને સામસામા પલ્લામાં મૂકીને એને તોળવામાં આવે. ત્રાજવાનાં બંને પલ્લાં એકસરખી ઊંચાઈએ રહે અને કાંટો બરાબર મધ્યમાં આવીને ટટ્ટાર ઊભો રહે એવા પ્રયત્નો થાય ત્યારે સંબંધનો અંત આવે, વ્યવહારની શરૂઆત થાય.

વિરલ પ્રેમની શરૂઆતમાં સભાનતાનો, જાગ્રતપણાનો કે આયાસનો અભાવ હોય. ટૂંકા વિરામની જાહેરાત થાય ત્યારે જ ખબર પડે કે સવા કલાક પહેલાં ચલચિત્ર શરૂ થઈ ગયું હતું. વિરામના નાનકડા પડાવ વિનાનો સંબંધ શક્ય નથી. દરેક સંબંધમાં એક તબક્કો એવો આવી જતો હોય છે જ્યારે શૂન્યાવકાશ, દિશાહીનતા અને ખાલીપણાના ભાવ તળિયેથી નીકળીને સપાટી પર આવી ગયેલા જણાય. સિનેમાગૃહનો પડદો દસ મિનિટ માટે સાવ કોરોકટ દેખાય. આ ગાળાનું મહત્ત્વ સમજનારી વ્યક્તિઓ જ ભવિષ્યમાં એ સંબંધને એના પૂર્ણ સ્વરૂપમાં પામી શકે. અધીરાઓ ઇન્ટરવલમાં જ થિયેટર છોડીને ઘરભેગા થઈ જાય.

કોઈ ચોક્કસ સમયે અને કોઈ એક ચોક્કસ સ્થળે જન્મેલો સંબંધ કાયમ ત્યાં ને ત્યાં રહી શકતો નથી. સમય અને સ્થળની સાથે સંબંધની તીવ્રતામાં, એના આવેશમાં વધઘટ થતી રહેવાની. સંબંધ સર્જાયા પછી ક્યારેક એનો ભાર લાગવા માંડે, ઊડવાને બદલે ડૂબવાની લાગણી થવા માંડે. ત્યારે શું ફરી એક વાર અજનબી બની જવું? દરેક વખતે એ જરૂરી નથી અને ક્યારેક શક્ય પણ નથી. જેમાં વર્ષો અનેક ઉમેરાયાં હોય પણ એ વર્ષોની ધૂળ એના પર બાઝી ન હોય એવા સંબંધો બહુ ઓછા જોવા મળે અને મળે ત્યારે એ ઈશ્વરે આપેલા ઉત્તમોત્તમ વરદાન જેવા લાગે.

અવિનાશી કશું જ હોતું નથી. સંબંધ પણ નહીં. બે વ્યક્તિઓની વચ્ચે જે તૂટે છે તે જ સંબંધ છે. તૂટ્યા પછી પણ ટકી રહે એ સંબંધ નહીં, વ્યવહાર છે. કોઈ વ્યક્તિ માટે કોઈ એક સમયે લાગણી જન્મી હોય તો જન્મતાંની સાથે જ એ જીવનની મૂડી બની જાય. ભવિષ્યમાં એ વ્યક્તિ માટે એવી જ લાગણી ન રહે તો એને

કારણે મૂળ મૂડીમાંથી કશું ઓછું નથી થતું.

દુનિયા જેને સમાધાનો કહે છે તે સંબંધમાં પણ અનિવાર્ય. ખુલ્લા મન સાથે ભરાયેલું સમાધાનનું દરેક પગલું એક વ્યક્તિએ બીજીને આપેલી કીમતી ભેટ બની જાય. સામેથી મળી જતી આ સોગાદ સાચવવાની હોય, એની આશા રાખવાની ન હોય.

સંબંધમાં એક તબક્કો એવો પણ આવે જ્યારે ફેલાવા જઈએ તો વિખેરાઈ જઈએ અને ઊંચે ચડવા જઈએ તો બટકી જઈએ. મુઠ્ઠીભર મળી જતી ક્ષણો જિંદગીભર સાચવવાની હોય. વરસાદથી ભીની થયેલી સડક પર વેરાયેલાં બોરસલ્લીનાં ફૂલની સુગંધ જેવી આ ક્ષણોનાં પાનાં વરસો પછી ખૂલશે ત્યારે સ્થિર થઈ ગયેલા સમયની સુગંધ એમાંથી આવશે.



આઠ

પ્રેમ, સેક્સ અને સંબંધો: જવાબ વિનાના સવાલો

ક્યાંથી શું જોઈએ છે એની મૂંઝવણમાં માણસ ઠેકઠેકાણે ભટક્યા કરે છે. આદર્શો-નીતિ અને પાપ-ગુના વચ્ચેની ભેદરેખાઓ વધુ ને વધુ સ્પષ્ટ કરવાના પ્રયત્નોમાં એ ગૂંચવાઈ જાય છે.

આદર્શ સંબંધોમાં એકબીજા સાથે પરસ્પરના વિચારોની આપલેને સર્વોચ્ચ મહત્ત્વ અપાયું. પણ કહેવા જેવું શું બધું જ કહી શકાતું હોય છે? અને સાંભળવા જેવું શું બધું જ સાંભળવા મળતું હોય છે? અધૂરો સંવાદ દરેક સંબંધનો અભિશાપ છે, પૂરેપૂરો સંવાદ દરેક સંબંધના વિખવાદનું જન્મસ્થાન બની શકે છે.

તમારા વિશે તમારે કેટલું, કઈ બાબતમાં, ક્યાં અને ક્યારે ખૂલવું એનો નિર્ણય તમારો જ હોય. આમાં ન તો ખૂબ બધી સાવચેતી કે વધુ પડતું સભાનપણું ચાલે કે સાવ બેદરકારી પણ વાજબી નહીં.

માનસશાસ્ત્રીઓએ આ માટે થોડાક સવાલ તૈયાર કર્યા છે. આ સવાલો તમે પોતાને જ પૂછીને જાતને જવાબ આપી શકો અથવા તમારા પાર્ટનરને, તમારા સાથીને – પતિ, પત્ની, પ્રેમી, પ્રેમિકા, મિત્રને – પૂછીને એની પાસેથી જાણી શકો કે એ શું વિચારે છે આ વિશે. પ્રસ્તુત છે જવાબોની શોધમાં અટવાતા કેટલાક આત્મીય સવાલો.

સંબંધના આરંભે અવિશ્વાસને કોઈ કારણ ન હોય તો શું તરત જ તમે તમારા સાથી પર પૂરેપૂરો વિશ્વાસ મૂકશો? કે પછી એણે તમારો ભરોસો તો જીતવો જ પડે એવું વિચારીને થોડો વખત રાહ જોશો?

પરિણીતો માટે જિંદગીમાં જો ફરી એક વાર એવો સમય, એવી ઉંમર અને એવા સંજોગો પાછા મળે અને એક તક આપવામાં આવે તો તમે કોની સાથે લગ્ન કરો? અત્યારે જેમની સાથે કર્યાં છે એની જ સાથે? અને આ તમારો જવાબ તદ્દન ખાનગી રહેવાનો હોય તો કોનું નામ આપો તમે?

સંબંધો આપોઆપ સર્જાતા-તૂટતા હોય છે એવું તમે માનો છો? કે એના જન્મ માટે, એને ઉછેરવા માટે મહેનત કરવી પડે તેમ જ એને તોડવા માટે પણ પ્રયત્ન કરવા પડે એવું લાગે છે તમને?

કાલ ઊઠીને તમે મરણપથારીએ હો તો જીવનના છેલ્લા ચોવીસ કલાકમાં તમને જિંદગીમાં કયા કયા સંબંધો યાદ આવી જાય? એમાંથી કોને કોને આખરી વાર મળી લેવાનું તમને મન થાય? તમે એમને મળવા બોલાવો ખરા? એમને તમારી પરિસ્થિતિની ખબર પડે તો એ આપોઆપ આવે?

ન કરે નારાયણ ને રાતોરાત તમે દૃષ્ટિ ગુમાવી દો તો બાકીના અંધજીવન દરમ્યાન આદર્શ પતિ/પત્ની કે પ્રેમી/પ્રેમિકા વિશેની તમારી કલ્પનામાં કોઈ ફેરફારો થાય?

કોઈકની પાસેથી તમને કેવી રીતે હૂંફ મેળવવી ગમે? શબ્દો દ્વારા કે સ્પર્શ દ્વારા? અને એવું ક્યારેય વિચાર્યું છે કે એમને તમારી પાસેથી આ બાબતમાં કેવી અપેક્ષા હશે?

ચોવીસે કલાક ને બારે મહિના સતત સાથે રહેવાથી વધુ નિકટ આવી શકાય? કે વચ્ચે વચ્ચે થોડું ભૌતિક અંતર આવી જાય તો એકબીજા માટેની ઝંખના યથાવત્ રહે? આ બેમાંથી તમારી માન્યતા જે હોય તે – એને અમલમાં મૂકવા અત્યાર સુધી તમે શું કર્યું? તમારા સાથીના વિચારો આ અંગે તમારી સાથે મળતા હશે? ન મળતા હોય તો એનો ઉકેલ શું?

સંબંધોમાં તમે ક્યારેય કોઈના માટે હોય એના કરતાં વધુ લાગણીનો દેખાડો કરતા હો છો? એનું કારણ શું હોઈ શકે? કોઈક ત્રીજી વ્યક્તિને ઈર્ષ્યા થાય તે માટે? કે પછી તમારી પોતાની ગિલ્ટ ફીલિંગ દૂર થાય તે માટે?

તમને ક્યારેય એવું લાગ્યું છે કે તમને મળવો જોઈએ એના કરતાં ઓછો પ્રેમ જિંદગીમાં મળ્યો છે? તમારા સાથીને પણ આવું લાગતું હશે? આનું કારણ શું હોઈ શકે? એ દૂર થઈ શકે? કેવી રીતે?

નવા સંબંધો બાંધતી વખતે તમે તમારા જૂના સંબંધો વિશે કેટલા નિખાલસ થઈ શકો? આ નિખાલસતા પાછળનું કારણ તમે તમારા મનની પ્રામાણિકતા છે એવું માનતા હો પણ શું એવું ન બને કે ખુલ્લા પડી જવાના ડરથી તમે બધું કહી દેવા માગતા હો? તમારી સચ્ચાઈ પુરવાર કરવા જતાં તમે જેને આ બધી વાતો કહી રહ્યા છો એના પર બિનજરૂરી બોજો લાદી રહ્યા છો એવો વિચાર આવે તમને?

તમારી આસપાસની ઓળખાણોમાં કે તમારા મિત્રવર્તુળમાં જોયેલું સૌથી સુખી યુગલ તમને કયું દેખાયું? એ યુગલ વચ્ચે પણ તમારા ને તમારા સાથી વચ્ચે છે એવા જ વિખવાદો છે એવી ખબર પડે તો તમને મનમાં છૂપો આનંદ થાય ખરો?

લગ્ન વખતે પુરોહિત, કાજી કે પાદરીની સાક્ષીએ પતિ-પત્નીની એકબીજા પ્રત્યેની ફરજો વિશેની કોઈ વાત તમને કરવામાં આવી ત્યારે તે તમે સાંભળી હતી? અત્યારે એમાંથી કેટલી વાતને તમે અમલમાં મૂકી રહ્યા છો? અત્યારે જે છે એને બદલે બીજી કોઈ વ્યક્તિ સાથે તમે પરણ્યા હોત તો એમાંની કઈ કઈ વાતોને તમે અમલમાં મૂકતા હોત?

તમારાં બાળકોને તમારા અનુભવો પરથી લગ્નજીવન વિશે શિખામણો આપવાની હોય તો તમે શું શું કહેશો એમને? એ લોકો પણ તમારા જેવી જ ભૂલો એમના દાંપત્યજીવન પહેલાં અને પછી કરીને આવે તો તમે એમની સાથે કેવો વર્તાવ કરશો?

તમે અત્યારે જેમના પ્રેમમાં છો અથવા જેમને પરણેલા છો એના વિશે હજુ સુધી શું શું નથી જાણી શક્યા? હજુય ઇચ્છા છે એ વિશે જાણકારી મેળવવાની? એ માટે શું કરશો તમે?

તમારા સાથીને છેલ્લામાં છેલ્લે તમે ક્યારે, કઈ વાત કહીને દુઃખી કર્યા હતા? ભવિષ્યમાં ફરીથી એવા સંજોગો ઊભા થાય તો તમે એ જ રીતે વાત કરો (કે કોઈ જુદી રીતે એને દુઃખી કરો!) કે પછી વાત જ ન કરો?

તમે ગળાડૂબ તમારા સાથીના પ્રેમમાં છો અને એ ગાળામાં કોઈ ત્રીજી વ્યક્તિ તમને અહેસાસ કરાવે કે એ પોતે તમારા ગળાડૂબ પ્રેમમાં છે તો તમે શું કરો? અત્યારના સાથી સાથે થયેલા જૂના ઝઘડાઓનું બહાનું આગળ ધરીને એનાથી જુદા થઈ જાઓ? ભવિષ્યમાં તમે અત્યારના સાથીથી છૂટા પડવાનું વિચારશો તે વખતે, અત્યારે મળી રહેલો વિકલ્પ ખુલ્લો નહીં હોય એવું વિચારો? એક વ્યક્તિને ખાતર તમે બીજી એક વ્યક્તિને છોડતા હો ત્યારે તમને કમિટમેન્ટ તોડવા બદલ કશોક ગુનો કરતા હોવાની લાગણી થાય?

અને છેલ્લે એક સવાલ. ઉપરના તમામ પ્રશ્નો વિશે નિરાંતે વિચાર્યા પછી જીવનમાં તમને કઈ વાત વધુ મહત્ત્વની લાગેઃ તમારા સંબંધોના વિશ્વની વાત કે પછી છાપાનું ફ્રન્ટ પેજ અને ટીવીના પ્રાઇમ ટાઇમ સમાચાર?

પતિ અને પત્ની વચ્ચે કેવા સંબંધો છે એ જાણવાની સૌથી સચોટ રીત કઈ? બહારથી જે દેખાતું હોય તે અંદર પણ હોય એ જરૂરી ખરું? કેવાં લગ્નો વધુ સફળ થાયઃ લવ મૅરેજ કે અરેન્જ્ડ મૅરેજ? આ છેલ્લા સવાલનો જવાબ આપતાં એક જણે કહ્યું હતુંઃ લગ્ન ક્યારેય સફળ હોતું નથી, એ સફળ હોય એવું દેખાડવામાં આવે છે.

પરિણીત સ્ત્રીપુરુષોની એકબીજા પ્રત્યેની સમજ વધે તો કોઈ ક્યારેય પેલી જાણીતી મજાક નહીં કરે કે છૂટાછેડાનું એકમાત્ર કારણ લગ્ન છે.

■

નવ

સેક્સ પાસે પ્રેમનું અને પ્રેમ પાસે સેક્સનું કામ લેવાય છે ત્યારે

સેક્સ વિશે જાહેર ચર્ચા થઈ શકે, થવી જ જોઈએ. બે વ્યક્તિઓ વચ્ચેના સેક્સ સંબંધો વિશે જાહેર ચર્ચા ન થવી જોઈએ, ન જ થવી જોઈએ.

ચેન્નઈમાં સેક્સૉલૉજિસ્ટ તરીકે પ્રૅક્ટિસ કરતા ડૉ. ડી. નારાયણ રેડ્ડીએ પોતાની રિસર્ચ ટીમના સથવારે વૈજ્ઞાનિક અભિગમ રાખીને એક સર્વે કર્યો હતો. ડૉ. રેડ્ડીએ 15થી 83 વર્ષની 10,023 વ્યક્તિઓની મુલાકાતો પ્રાપ્ત કરી હતી જેમાંથી 2,517 સ્ત્રીઓ હતી. આ સર્વે મદ્રાસના મધ્યમ વર્ગીય સમાજમાં થયો હતો. સર્વેમાં 40 ટકા લોકોએ કહ્યું કે લગ્ન પહેલાં અમે જાતીય સંબંધો બાંધી ચૂક્યા છીએ. (સર્વે હેઠળના એંશી ટકા લોકો પરિણીત છે.) જેઓ લગ્ન અગાઉ સેક્સના સંબંધો બાંધી ચૂક્યા હોય એમાંના 67 ટકા લોકોએ કહ્યું કે અમે એક નહીં પરંતુ છ કે તેથી વધુ વ્યક્તિઓ સાથે અલગ અલગ તબક્કે આવા સંબંધો ધરાવતા હતા. લગ્ન પહેલાં સેક્સ સંબંધ બાંધનારાઓમાંથી 97 ટકા લોકોએ સંતતિનિયમનનાં કોઈ સાધનો વાપર્યાં નહોતાં. સેક્સ એજ્યુકેશનના વિરોધીઓએ જાણવું જોઈએ કે જાતીય જ્ઞાન મળવાથી સેક્સ સંબંધોમાં વધારો નહીં થાય, પરંતુ એમાં રહેલી તબીબી તેમ જ શારીરિક અસલામતી દૂર થશે. આ બધા જ લોકો (સંતતિનિયમનનાં સાધનો ન વાપરનારા 97 ટકા લોકો) અભણ નથી. 80 ટકા પાસે સ્કૂલનું શિક્ષણ છે, 50 ટકા ગ્રેજ્યુએટ છે. સાડા તેર ટકા લોકોએ કબૂલ કર્યું કે તેઓ જાતીય રોગોના, સેક્સ્યુઅલી ટ્રાન્સમિટેડ ડિસિઝીસના ભોગ બન્યા છે. આ લોકોને જે કંઈ જાતીય શિક્ષણ મળ્યું તે ક્યાંથી મળ્યું? 38 ટકા લોકોને મિત્રો પાસેથી જ્યારે 31 ટકા લોકોએ પુસ્તકોમાંથી માહિતી મેળવી. આ પુસ્તકો વૈજ્ઞાનિક પદ્ધતિએ જ લખાયેલાં હશે એની કોઈ ખાતરી નથી અને મિત્રો તરફથી મળતી માહિતીમાં મિત્રોનું પોતાનું આ વિષયનું અજ્ઞાન કેટલું ઉમેરાયું હશે.

સેક્સ પાસે પ્રેમનું અને પ્રેમ પાસે સેક્સનું કામ ન લેવું જોઈએ. હકીકતની જિંદગીમાં બેઉની ભેળસેળ થઈ જતી હોય છે. ઇરાદાઓની અસ્પષ્ટતા સંબંધોના તાણાવાણા ગૂંચવી નાખે છે. પ્રેમની જેમ નકરી સેક્સમાં પણ માસૂમિયત, શુદ્ધિ, પ્રામાણિકતા હોઈ શકે છે. અને એની સામે નીતર્યા ગણાતા પ્રેમમાં વિકૃતિ, બદઈરાદાઓ તથા જડતા હોઈ શકે છે.

સેક્સ એક ટ્રિકી સબ્જેક્ટ છે. તમે ધારો તો પ્રચ્છન્નપણે આ વિષય દ્વારા વાચકોને ગલગલિયાં કરાવી શકો અને ધારો તો નિર્ભેળ વૈજ્ઞાનિક-શાસ્ત્રીય હકીકતો જણાવી એમના અંગત જીવનને ઉપયોગી પણ થઈ શકો. સેક્સ શબ્દ હવે નાકનું ટોચકું ચડાવવું પડે એવો, છોછવાળો નથી રહ્યો. એની ચર્ચા ઠાવકાઈથી થતી હોય તો પછી એ જાહેરમાં થાય કે ખાનગીમાં, કશો ફરક પડતો નથી. કેટલાક લોકો આ વિષયને વારંવાર એટલા માટે વાગોળતા હોય છે કે એમની જિંદગીમાં ઘણી બધી અતૃપ્તિઓ રહી ગઈ હોય છે. આ હતાશા વિકૃત બનીને એમના વિચારોમાં પ્રવેશી જતી હોય છે. અર્થશાસ્ત્રથી માંડીને ખેતી સુધીના કોઈ પણ વિષયની વાત કરતી વખતે જ્યારે તમે સેક્સની વાતો તમારી ચર્ચામાં ઘુસાડી દો છો ત્યારે બીજાઓ તરત જ તમારી હલકી મનોવૃત્તિને પામી જતા હોય છે. સેક્સ એક ગંભીર વિષય છે. મજાકનો, મસ્તીનો કે મવાલીગીરીનો વિષય નથી.

ભારતીયો સેક્સની બાબતમાં રૂઢિચુસ્ત છે, પછાત છે, અણઘડ છે એવી છાપ ઊભી કરવામાં આવી છે અથવા તો આપોઆપ એ ઊભી થયેલી છે. પશ્ચિમના સુધરેલા કહેવાતા દેશોમાં વ્યક્તિના સેક્સજીવન અંગે એક જબરદસ્ત ક્રાંતિ આવી, પૂરી પણ થઈ ગઈ. પરિવર્તન દરમિયાન ખૂબ આંધી ચડી અને હવે ધૂળ શમીને

ધરતી પર ઠરી પણ ગઈ. જાતીય ઇચ્છાઓ, જાતીય અનુભવો અને જાતીય કલ્પનાઓની બાબતમાં વિશ્વની સરખામણીએ ભારતનું સ્થાન ક્યાં છે?

ભારતના એક પ્રમુખ અંગ્રેજી સામયિકે આઠ મહાનગરોમાં સર્વેક્ષણ કર્યું: દિલ્હી, મુંબઈ, કોલકાતા, ચેન્નઈ, અમદાવાદ, કોચીન, બૅંગલોર અને લખનૌ. 22થી 50 વર્ષની વયનાં 1,665 પરિણીત સ્ત્રી-પુરુષોને ખૂબ લાંબી પ્રશ્નયાદી આપવામાં આવી. આ દરેક વ્યક્તિની ઓળખ ખાનગી રહે અને પ્રશ્નોના જવાબ લખવામાં સહેજ પણ સંકોચ ન અનુભવે એ માટે એક લાંબી પ્રક્રિયા કરવામાં આવી જેની વિગતોમાં આપણે નથી ઊતરતા. લગભગ છ મહિના સુધી ચાલેલી આ પ્રક્રિયા બાદ જે તારણો મળ્યાં એની શાસ્ત્રીયતા વિશે કે વિશ્વસનીયતા વિશે કઈ શંકા ઉઠાવી શકે નહીં. એટલું ઉમેરવું જોઈએ કે આ સર્વે શહેરી મધ્યમ વર્ગીય પ્રજામાં થયેલો છે. આમાં શક્ય છે કે ગ્રામીણ પ્રજા, અત્યંત શ્રીમંત તેમ જ સાવ કંગાળ પ્રજાની જીવનશૈલીનો પડઘો નથી. તારણોના આંકડા વાંચતી વખતે આ વાત ખાસ ધ્યાનમાં રાખવી જોઈએ.

અગાઉ વરરાજા પોતે નહીં પણ એની તલવાર પરણવા જતી. આજેય કેટલાંક કુટુંબોમાં એવાં બાપદાદા અને માદાદી હયાત હશે જેમણે લગ્ન પહેલાં કન્યાને કે મુરતિયાને સદેહે નહીં જોયાં હોય, એમને માત્ર ફોટો બતાવવામાં આવ્યો હશે. લગ્ન પહેલાં તમે તમારી પત્નીને કે તમારા પતિને એકાંતમાં મળ્યાં હતાં? સર્વેક્ષણ હેઠળની 37 ટકા વ્યક્તિઓ કહે છે, ના. 50 ટકાએ હા પાડી. 13 ટકા લોકોએ કોઈ જવાબ આપ્યો નહીં. લગ્ન પહેલાં તમારાં પતિ/પત્ની સાથે તમે શારીરિક સંબંધ રાખ્યો હતો? આ સવાલના ઉત્તરમાં અડધો ડઝન વિકલ્પો હતા: હાથ પકડ્યા હતા (44 ટકા), ચુંબન (39 ટકા), આલિંગન (21 ટકા), પ્રાઇવેટ પાર્ટ્સને સ્પર્શ (15 ટકા), સમાગમ (9 ટકા), ઉપરના પાંચમાંથી કોઈ નહીં (23 ટકા). સર્વેમાં એક રસપ્રદ વાત એ છે કે લગ્ન પહેલાં ચુંબન કરવાનું પ્રમાણ અમદાવાદમાં સૌથી વધુ છે – સાઠ ટકા.

સુહાગરાત અથવા તો પરણ્યા પછીની પ્રથમ રાત્રિ વિશેની અનેક દંતકથાઓ નવદંપતીઓના દિમાગમાં આરોપવામાં આવી હોય છે. આ પ્રકારમાં હિંદી ફિલ્મોનો ફાળો પણ ઓછો નથી. લગ્નવિધિ બાદ પ્રથમ સમાગમ તમે ક્યારે કર્યો? માત્ર ત્રીસ ટકા વ્યક્તિઓએ જણાવ્યું કે લગ્નને જ દિવસે એટલે કે એ જ રાતે. 32 ટકાએ કહ્યું, એક-બે દિવસ બાદ. 16 ટકાએ કહ્યું અઠવાડિયા પછી, 5 ટકાએ બે અઠવાડિયાં પછી, 6 ટકાએ 1 મહિના પછી અને 4 ટકાએ એથીય મોડું કર્યું. 7 ટકાએ જવાબ ન આપ્યો. સર્વે કહે છે કે ભારતમાં લગ્નની સરાસરી ઉંમર 24 વર્ષ (પુરુષ માટે) અને 22 વર્ષ (સ્ત્રી માટે) છે. 53 ટકા લોકો 26 વર્ષ કે તેથી મોટી ઉંમરે લગ્ન કરે છે. 29 ટકા લોકો 22થી 25 વર્ષની ઉંમરે અને 18 ટકા વ્યક્તિઓ 21 વર્ષથી ઓછી વયે પ્રભુતામાં પગલાં માંડી દે છે.

સમાગમની શરૂઆત કરતાં પહેલાં, સેક્સ્યુઅલ ફોરપ્લેમાં, ભારતીયો શું કરે છે? 80 ટકા લોકો ચુંબન કરે છે, 54 ટકા લોકો ઉત્તેજિત થવા હાથના સ્પર્શનો ઉપયોગ કરે છે, 47 ટકા વ્યક્તિઓ એકમેકને નિર્વસ્ત્ર કરે છે, 43 ટકા મસાજ, 23 ટકા ઉઘાડું બોલે છે, 15 ટકા ઉઘાડી તસવીરો જુએ છે, 15 ટકા ઉઘાડી વાર્તાઓ વાંચે છે, 14 ટકા ઉઘાડી ફિલ્મો અર્થાત્ બ્લ્યુ ફિલ્મો જુએ છે.

સ્ત્રીમાં જાતીય ઉત્તેજના જગાવે એવું પુરુષમાં શું હોય છે? 38 ટકા સ્ત્રીઓએ કહ્યું: સ્નાયુબદ્ધ શરીર, 31 ટકા સ્ત્રીઓએ કહ્યું: આંખો, 27 ટકા માટે પુરુષની ઊંચાઈ, 27 ટકા સ્ત્રીઓ માટે ઓવરઑલ દેખાવ, 22 ટકા સ્ત્રીઓ માટે હૅન્ડસમ ચહેરો, 15 ટકા માટે ચુસ્ત શરીર, 13 ટકા માટે કમર, 12 ટકા માટે નિતંબ અને 27 ટકા સ્ત્રીઓએ આ પ્રશ્નનો જવાબ આપવાનું ટાળ્યું અથવા તો તેઓ જવાબ ન આપી શકી. પુરુષને ઉત્તેજિત કરનારું સ્ત્રી પાસે શું હોય છે? 69 ટકા પુરુષોએ જવાબ આપ્યો: સ્તન, 49 ટકા પુરુષોએ કહ્યું: ચહેરાની સુંદરતા, 41 ટકા માટે આંખો, 40 ટકા માટે ઓવરઑલ દેખાવ, 38 ટકા માટે નિતંબ, 37 ટકા માટે ચુસ્તીભર્યું અથવા તો સ્લીમ શરીર, 31 ટકા માટે કમર, 30 ટકા માટે માથાના વાળ, 25 ટકા માટે ઊંચાઈ અને નો

રિસ્પોન્સવાળા પુરુષો 14 ટકા.

ભારતમાં આ પ્રકારનો આ સૌપ્રથમ સર્વે હતો એટલે એની મહત્તા તે વખતે ખૂબ હતી. ભવિષ્યમાં થનારાં અનેક સર્વેક્ષણો આ સર્વેના ખભા પર ચડીને આગળ વધ્યા અને એની ત્રુટિઓ પણ સુધારી. ભારતમાં જ્યારે સેક્સ્યુઅલ બિહેવિયરની વાત નીકળશે ત્યારે આ સર્વેક્ષણ એક માપદંડ બની રહેશે.

* * *

ધાર્મિક માણસો મોટે ભાગે સેક્સ શબ્દ તરફ સુગાળવી નજરે જોતા હોય છે. આ મહાનુભાવો ધર્મનો પ્રચાર કરવાની હોંશમાં જાતીયતાના વિષયે માહિતીઓ તથા હકીકતોને વિકૃતરૂપે, તદ્દન અસત્ય રીતે રજૂ કરીને લાખો લોકોને ગેરમાર્ગે દોરતા હોય છે. પ્રગતિશીલ વિચારો અને ચારિત્ર્યવાન વ્યક્તિત્વ ધરાવતા અમુક ધર્મપ્રચારકો પણ આ બાબતમાં અપવાદ નથી હોતા. તેઓ જાતીયતા અંગેની ભ્રામક માહિતી ફેલાવતાં પુસ્તકો પણ લખે છે. ભાવકો, શ્રાવકો કે ચાહકો આવાં પુસ્તકો વાંચીને પોતાની જાતીય જિંદગી વિશે અનેક ગેરમાન્યતાઓ સેવતા થઈ જાય છે. આવી ગેરસમજણો ફેલાવવાનો આશય શુભ હોઈ શકે પરંતુ જે વાતો અવૈજ્ઞાનિક અને ભૂલભરેલી હોય તે સાધુપુરુષના મુખે બોલવાથી વૈજ્ઞાનિક કે ઑથેન્ટિક નથી થઈ જતી. આવા પવિત્ર ધર્મપુરુષો કે વિદ્વાન ધર્મપ્રચારકોના વિચારો સમાજની એક આખી યુવાન પેઢીને અસર કરી રહ્યા હોય ત્યારે જાતીયતા વિશેના એમના અવૈજ્ઞાનિક વિચારો યુવાન યુવતીઓને કેટલું મોટું નુકસાન કરી શકે. ધર્મપુરુષોનાં પુસ્તકોમાં શું શું લખાતું હોય છે? 1. આધુનિક તબીબી વિજ્ઞાને વીર્યમાં સોનાનું તત્ત્વ હોવાનું જાણ્યું છે. 2. એક મણ ખોરાક લેવાય ત્યારે તેમાંથી એક શેર (40 તોલા) લોહી બને છે અને તેમાંથી એક તોલો વીર્ય બને છે. 3. સ્વપ્નદોષ વગેરેથી થતી વીર્યક્ષીણતાને ડૉક્ટરો એક કુદરતી બાબત કહે છે જે સાંભળીને દરદીને ખૂબ આશ્વાસન મળે છે. બિચારો આ રોગનો ઉપાય કરવાની માંડવાળ કરે છે એટલે જ હું કહું છું (હું એટલે પેલા ધર્મપુરુષ) કે આવી સલાહ આપનારા ડૉક્ટરો કે શિક્ષકો વગેરેનો બુદ્ધિજીવી વર્ગ યુવાપેઢીનું ઘણું મોટું અહિત કરે છે. 4. આજના શિક્ષણમાં જાતીય શિક્ષણ શરૂ કરવામાં આવ્યું છે જેને કારણે કુમળી વયના બાળકોમાં અપરિપક્વ દશામાં કામવાસનાનાં કુતૂહલો પેદાં થશે અને અકાળે જ તેઓ અઘટિત કુચેષ્ટાઓનો ભોગ બની જશે.

આ અને આવી અનેક અવૈજ્ઞાનિક માહિતીથી ઠાંસેલાં ધર્મપુસ્તકોની હજારો નકલો વહેંચાઈ છે. વાસ્તવમાં એના પ્રસાર તથા પ્રચાર પર પ્રતિબંધ મુકાવો જોઈએ જેથી જાતીયતા અંગેની બિનપાયેદાર, બિનવૈજ્ઞાનિક અને અસત્ય વાતોનો વધુ પ્રસાર થતો અટકે. ધર્મનાં કારણોસર પુસ્તકો પર પ્રતિબંધ લાદી શકાતો હોય તો વિજ્ઞાનનાં કારણોસર કેમ નહીં.

પૃથ્વી પર અસ્તિત્વ ધરાવતી દરેકેદરેક વ્યક્તિ પાસે સેક્સ અંગેનો એનો એક અંગત ખ્યાલ હોય છે. આ ખ્યાલ સાથે સામાજિકતા જોડાયેલી હોય છે, માનસિકતા જોડાયેલી હોય છે, ભાવુકતા જોડાયેલી હોય છે અને હા, શારીરિકતા તો જોડાયેલી હોય છે જ. પદાર્થો ત્રિપરિમાણીય હોય છે. સેક્સને ચાર પરિમાણો હોય છેઃ સામાજિકતા, માનસિકતા, ભાવુકતા અને શારીરિકતા. આ ચારેય પરિમાણોની વત્તીઓછી અગત્યતા દરેક વ્યક્તિ પર આધાર રાખે છે. આ ચારેય વચ્ચેની સંવાદિતા ખોરવાય છે ત્યારે માણસ પર્વર્ટ બને છે, એના દિમાગમાં તથા વર્તનમાં જાતીય વિકૃતિઓ પ્રવેશે છે.

સેક્સ એટલે માત્ર બાયૉલૉજિકલ કે શારીરિક ક્રિયા નહીં, એ તો એના ઘણા બધામાંનો એક ભાગ છે. સેક્સ એટલે વ્યક્તિને એના જન્મ સાથે જ પ્રાપ્ત થતું, એના પોતાના અસ્તિત્વથી અભિન્ન એવું, એની પોતાની આસપાસ રચાયેલું એક પારદર્શક વાતાવરણ. આ વાતાવરણને સભાનતાપૂર્વક સમજવા જતાં એની પારદર્શકતા ઓછી થઈ જાય, સાહજિકતાથી સ્વીકારતાં એની અભિવ્યક્તિમાં ખુલ્લાશ આવી જાય.



દસ

સ્ત્રી અને પુરુષ વચ્ચે 'માત્ર મૈત્રી' શક્ય છે ?

સંબંધોમાં પ્લેટોનિક પ્રેમ જેવું હોઈ શકે?

સ્ત્રીપુરુષ મિત્રો વચ્ચે શારીરિક સંબંધો સહેજ પણ ન હોય અને માત્ર લાગણીની લેવડદેવડનો સંબંધ હોય એને સૉક્રેટિસના શિષ્ય પ્લેટોએ દિવ્ય પ્રેમ ગણાવ્યો ત્યારથી આ પ્રકારના સંબંધો પ્લેટોનિક લવના નામે ઓળખાય છે.

એકબીજાની સાથે રહેતાં સ્ત્રીપુરુષમાંથી એકને કોઈ ત્રીજી વ્યક્તિ સાથે 'માત્ર મૈત્રી'વાળા સંબંધો હોય ત્યારે એ યુગલના સંબંધોમાં ઊભી તિરાડ પડતી હોય છે. આવા સમયે યુગલનું અંગત જીવન ખોરવાઈ જાય છે અને ત્રીજી વ્યક્તિ સાથેનો દિવ્ય પ્રેમ પછી રોમૅન્ટિક પ્રેમમાં પલટાઈ જતો હોય છે.

સ્ત્રી અને પુરુષ વચ્ચે પ્લેટોનિક પ્રેમ શક્ય છે? આવી કોઈ પણ મૈત્રીમાં શારીરિક આકર્ષણનો અન્ડરટોન હોવાનો. આ અન્ડરટોન કઈ ઘડીએ ઉછાળો મારીને પ્રગટ થઈ જાય તેની કોઈ ચોક્કસ સમયમર્યાદા હોતી નથી. પ્લેટોનિક પ્રેમના પ્રશ્નની સામાજિક સ્તરે ચર્ચા કરવાની ન હોય. માણસના અંગત જીવનનો એ મામલો છે. એને અંગત જ રહેવા દેવો જોઈએ.

આવા સંબંધોથી જોડાયેલી બેઉ વ્યક્તિઓને અંદરખાનેથી ખબર હોય છે કે ભવિષ્યમાં આ સંબંધોમાંથી કયા વિકલ્પો ખૂલી શકે એમ છે. સામાજિક ડર કે સાંપ્રત માન્યતા કે અન્ય કોઈ કારણોસર એ વિકલ્પોનો આશ્રય ન લેવાય એ વાત જુદી છે. પણ એને કારણે વિકલ્પોનું અસ્તિત્વ મટી જતું નથી. રૂઢિચુસ્ત સમાજમાં પ્લેટોનિક પ્રેમના સંબંધોને 'ધરમનો ભાઈ' કે 'ધરમની બહેન' કહીને ઢાંકવામાં આવે છે. કોઈક શંકા કરે ત્યારે 'એ બધી તમારા મગજની વિકૃતિ છે' એમ કહી દેવામાં આવે છે. જરાક પ્રગતિશીલ વિચારો ધરાવતાં સ્ત્રીપુરુષો 'શુદ્ધ મૈત્રી'નો સ્વીકાર કરવામાં કે બીજાઓ સમક્ષ એને પ્રગટ કરવામાં છોછ નથી અનુભવતાં. પુરુષની સ્ત્રી સાથેની મૈત્રીને કે સ્ત્રીની પુરુષ સાથેની મૈત્રીને બીજાઓ હંમેશાં શંકાની દૃષ્ટિથી જ જોવાના. લોકોએ એવા અનેક દાખલાઓ જોયા હોય છે જેમાં 'માત્ર મિત્રો' ગણાતાં બે જણ વચ્ચે વખત જતાં મૈત્રી કરતાં કંઈક વિશેષ એવા સંબંધો સર્જાયા હોય. 'પણ અમે એમના જેવા નથી' – આવી રોકડી દલીલ એમની પાસે હાથવગી હોય છે.

'વ્હેન હૅરી મેટ સૅલી' નામની એક ફિલ્મમાં હૅરી સૅલીને કહે છેઃ 'પુરુષને જે સ્ત્રી આકર્ષક લાગતી હોય એની સાથે એ માત્ર મૈત્રીના સંબંધો રાખી શકતો નથી. સ્ત્રી કોઈ પુરુષ વિશે એમ કહેતી હોય કે મને એ ગમે છે ત્યારે એ સ્ત્રી એની સાથે માત્ર મૈત્રી ઉપરાંત બીજું પણ કશુંક અંદરખાનેથી ઇચ્છતી હોય છે.'

આ સાંભળીને સૅલી કહે છેઃ 'એનો અર્થ શું એ થયો કે જેના માટે આકર્ષણ ન હોય એવી વ્યક્તિના તમે આરામથી મિત્ર બની શકો છો?'

'ના', હૅરી કહે છે, 'એવી વ્યક્તિ સાથેની મૈત્રી પણ ભવિષ્યમાં તમને એકબીજાની નિકટ લાવીને રોમૅન્ટિક સંબંધો પ્રગટાવી શકતી હોય છે.'

ડેનિસ નૉલ્સ નામના માનસશાસ્ત્રી કહે છે કે, 'આસપાસના પ્રગતિશીલ વાતાવરણને કારણે દરેક યુગલ પોતાના સાથીના ત્રીજી વ્યક્તિ સાથેના મૈત્રી સંબંધોને ખુલ્લા મને સ્વીકારવાનો પ્રયાસ કરે છે. પણ અંતે એ પ્રયાસ માત્ર પ્રયાસ બનીને જ રહી જાય છે, એમાં સફળતા નથી મળતી. કારણ કે અંદરખાનેથી દરેક

વ્યક્તિમાં ઈર્ષ્યાનું, જેલસીનું પૂર ધસમસતું હોય છે.'

તમે જેને ચાહો છો એ સ્ત્રી કે તમે જેને ચાહો છો એ પુરુષ કોઈ ત્રીજી વ્યક્તિને મળે છે કે એની સાથે વાતચીત કરે છે એ વિચારથી જેલસી નથી પ્રગટતી – ઈર્ષ્યા ત્યારે જન્મે જ્યારે તમને ખબર પડે કે તમારા સાથીદાર એ ત્રીજી વ્યક્તિ સાથે ખૂબ ખુલ્લાશથી, આત્મીયતાથી અંગત વાતચીત કરતા હશે, એની સાથે મોકળા મને ખડખડાટ હસતા હશે અને આનંદથી સમય વિતાવતા હશે. આવી પરિસ્થિતિ પ્લેટોનિક પ્રેમનું છેલ્લું અને રોમૅન્ટિક પ્રેમનું પહેલું પગથિયું હોય છે.

કોઈકે મજાકમાં કહ્યું છે: 'પ્લેટોનિક પ્રેમ એટલે પ્રથમ પરિચય અને પ્રથમ ચુંબન વચ્ચેનો સમયગાળો.'

એક જ ઑફિસમાં કે એક જ ક્ષેત્રમાં કામ કરતાં સ્ત્રીપુરુષ એકમેકના પ્રેમમાં પડે એમાં નવાઈ ખરી? અમેરિકાનાં બે મૅનેજમેન્ટ એક્સપર્ટ્સ ડેવિસ એય્લર અને કુમારી ઍન્ડ્રી બેરિડોને ખૂબ ઊંડાણથી આ પ્રશ્નોને તપાસ્યા છે.

એકસાથે કામ કરતાં સ્ત્રી-પુરુષો કલાકો સુધી ઘણું બધું શૅર કરતાં હોય છે. કામની જવાબદારી, કામનાં ટેન્શન, ઑફિસની હળવી પળો, લંચ ટાઇમ, અંગત જિંદગીની નાનીમોટી સમસ્યાઓ અને સૂચનો, સલાહો, સહાનુભૂતિઓ. ક્યારેક ઑફિસના કામે સાથે બહારગામ જવાનું અથવા ઑફિસમાં જ મોડે સુધી કામ કરવાનું. કામ અંગે આટલાં નજીક આવતાં સ્ત્રીપુરુષ માટે એકબીજાની લાગણીની અવગણના કરવી શક્ય છે? ના. તો શું એકબીજાના પ્રેમમાં પડી જવું અનિવાર્ય છે? એની પણ ના. એય્લર-બેરિડોન માને છે કે આવા સંબંધોને સો ટકા બ્લૅક કે સો ટકા વ્હાઇટના ખાનામાં ન મૂકી શકાય. એક જ ઑફિસમાં કે એક જ ક્ષેત્રમાં સાથે કામ કરતાં સ્ત્રી પુરુષ વચ્ચેના અનોખા ભાવસંબંધો માટે એમણે એક નવો શબ્દપ્રયોગ શોધ્યો છે. [illegible]સ્યુઅલ લવ.

આ બે નિષ્ણાતો માને છે કે બે કલીગ્સ વચ્ચેના સુંદર સંબંધો એકબીજાને 'આય લવ યુ' કહીને ડહોળીને ન નાખવા જોઈએ કારણ કે લવ બંને વચ્ચે દર વખતે [illegible] નથી હોતો. સ્ત્રી કે પુરુષ કે બંનેય પોતપોતાની રીતે પરણેલાં હોય તો એમનાં લગ્નજીવનમાં નાહકનું એક વધારાનું જોખમ ઊભું થઈ શકે. પરણેલાં ન હોય અને એમને પોતપોતાનાં પ્રેમી કે પ્રેમિકા હોય તો એ નાજુક સંબંધોને પણ હાનિ પહોંચી શકે અને આ રીતે એન્ગેજ્ડ ન હોય, બધી રીતે સિંગલ હોય તો જરૂરી નથી કે એક વ્યક્તિ પોતાની સાથે કામ કરતી બીજી વ્યક્તિ પ્રત્યે સહેજ સારો ભાવ રાખે તો એ બંને એકબીજાના પ્રેમમાં પડી ગયેલાં ગણાય. ઑફિસમાં સાથે કામ કરતાં બહુ ઓછાં અપરિણીત સ્ત્રીપુરુષો પરસ્પર લગ્ન કરવાના ઇરાદાઓથી એકબીજાની નજીક આવતાં હોય છે. મોટે ભાગે આવી દરેક વ્યક્તિને પોતપોતાની અંગત જિંદગી હોય છે અને કોઈનેય આજીવન પસ્તાવો કરવો પડે એવું વર્તન કરવાનો શોખ નથી હોતો.

એય્લર અને બેરિડોને બેચાર બહુ સરસ મુદ્દાઓ કહ્યા છે જેને તેઓ નવી સેક્સ્યુઅલ એટિકેટ અથવા મૅનર્સ કહે છે. સાથી કર્મચારીના પ્રેમમાં પડી જવું એ એક અંતિમ છે અને પ્રેમમાં પડી જવાની બીકને કારણે કામની બાબતોમાં એનાથી સતત છેટા રહેવાની વધુ પડતી તથા બિનજરૂરી સભાનતા રાખ્યા કરવી એ એક બીજું અંતિમ છે.

નવી સેક્સ્યુઅલ એટિકેટ આ બે અંતિમો વચ્ચેનો મધ્યમ માર્ગ સૂચવે છે. સૌથી પહેલાં તો રિલેશનશિપની બાઉન્ડરી વૉલ બાંધી લેવાની. પરસ્પર પ્રત્યેની આશાઓ, અપેક્ષાઓ અને આકાંક્ષાઓની ઊંચાઈ નક્કી કરી લેવાની. કઈ બાબત વિશે ક્યારેય ચર્ચા નથી કરવાના તેની સ્પષ્ટતા ખુલ્લા મનથી અને સાફ દિલથી કરી લેવાની. એક વખત આવી સ્પષ્ટતાઓ, તદ્દન ઇન્ફૉર્મલ રીતે, થઈ ગયા પછી ભવિષ્યમાં ખૂબ ઇમોશનલ પળોમાં પણ એનો ભંગ નહીં કરવાનો. ખાસ કરીને શારીરિક સ્પર્શની બાબતમાં.

ઑફિસમૈત્રીના સંબંધો સભાનતાપૂર્વક જ કેળવી શકાય અને એ જ રીતે વિકસાવી શકાય. સભાનતા છૂટી એ જ ઘડીએ સુંદર રીતે આગળ વધી રહેલા સંબંધો પણ તૂટી પડ્યા સમજો. પરસ્પર કોઈ વખત ગેરસમજ

થાય તો બને એટલી જલદી એ વિશે સામે ચાલીને સ્પષ્ટતા કરી લેવાની. આ આખોય અભ્યાસ અમેરિકાના સમાજને અને ત્યાંના વર્ક કલ્ચરને કેન્દ્રમાં રાખીને થયો છે, એટલે સમગ્ર ભારતીય સમાજને એનાં બધાં જ કારણો અને તારણો લાગુ ન પણ પડે પરંતુ મુંબઈ જેવા મેટ્રોપોલિસની તેમ જ ગુજરાતના સંખ્યાબંધ શહેરોની અનેક આધુનિક ઑફિસોનું કલ્ચર પશ્ચિમી દેશો કરતાં ખાસ જુદું નથી. એપ્લર અને બેરિડોને ભણાવેલાં ઑફિસ સાઇકોલૉજીના પાઠ આપણને ઉપયોગી થઈ શકે. આખરે તો મનુષ્ય સ્વભાવ બધે જ સરખો.

ફ્લર્ટિંગ વિશે સાંભળીને અકળાઈ ઊઠનારા સજ્જનો ડેટિંગનું નામ સાંભળીને તો છળી જ મરે. ગુડ મૉર્નિંગને બદલે સુપ્રભાત બોલવાનું સૂચવતા ગુજરાતી ભાષાના વફાદાર સૈનિકોને ફ્લર્ટિંગ અને ડેટિંગનો અર્થ સમજાવી દઈએ. પાર્ટીમાં તમે સપત્નીક-એન્ટ્રી મારો અને મિત્રયુગલ તમને મળે ત્યારે મિત્રની પત્ની તમારા શર્ટનાં વખાણ કરીને તમારી પત્નીને સંબોધીને કહે, 'ભાભી, તમે સાત જનમ સુધી તમારા વરનું બુકિંગ નથી કરાવ્યું ને? આવતા જનમ માટે એમનું ઍડ્વાન્સ બુકિંગ હું કરી લઉં છું!' આમ કહીને મિત્રપત્ની પોતાના વરને ટપલી મારી હસી પડતાં કહે: 'આમની સાથે એક જનમારો ઇનફ થઈ ગયો.' આને ફ્લર્ટિંગ કહેવાય. ગુજરાતીમાં નિર્દોષ છેડછાડ, રોમાન્સના અંડર કરન્ટવાળી હંસીમજાક. અને મિત્રપત્ની ખરેખર ભાભીના વરને લઈને આ જનમમાં જ એક સાંજ માટે ગૅલોર્ડમાં ડિનર માટે ઊપડી જાય તો એને ડેટિંગ કહેવાય.

છોકરીઓને ડેટ પર લઈ જવા માટે છોકરા પાસે પર્સનાલિટી જોઈએ અને પર્સનાલિટી કરતાં વિશેષ પૈસા જોઈએ. જરૂરી નથી કે ડેટિંગ કરતી વખતે બેઉ જણ પ્યાર-રોમાન્સની વાતો કરે, હાથ પકડવાની કે ચુંબનની વાત તો દૂર રહી.

સહશયન કરવાના પ્લાનને ડેટિંગ નથી કહેતા. પછી એ અફેર બની જાય છે. ચાલુ ભાષામાં આડા સંબંધો.

ફ્લર્ટિંગ, ડેટિંગ અને અફેર હવે ભારતીય સમાજમાં પણ પ્રવેશી રહ્યાં છે એવું કહેનારા ખોટા છે. ભારતીય સંસ્કૃતિના ઉદય સાથે આ ત્રણેયનું અસ્તિત્વ રહેલું છે. સંસ્કૃત કથાઓ આ ત્રણેય એલિમેન્ટ્સથી ભરપૂર છે. રાજાઓ પ્રધાનપત્ની સાથે ફ્લર્ટિંગ કરતા. સેનાપતિઓ પટરાણી સાથે ડેટિંગ કરવા શિકાર પર જતા અને બાકી રહેલાંમાંના ઘણાં બધાં એકમેકની સાથે અફેર કરતાં. માનસશાસ્ત્રીઓ કહે છે કે પ્રત્યેક પુરુષ અને પ્રત્યેક સ્ત્રી સતત કોઈક એવી વ્યક્તિની શોધમાં રહે છે જે પોતાના કરતાં વધુ આકર્ષક હોય. મોટા ભાગના આમંત્રિતો જ્યાં અજાણ્યા હોય એવી પાર્ટીમાં જવાનું આ જ કારણસર સૌને ગમે છે.

ગમવામાં અને ચાહવામાં અંતર હોય છે અને ગમતી વ્યક્તિને ચાહી નથી શકાતું ત્યારે એ અંતર ખૂબ વધી જતું હોય છે. ગમવા-ચાહવા માટે એક જ શબ્દ વાપરવો હોય તો પ્રેમ શબ્દથી ચલાવી લેવું પડે. બેઉ વ્યક્તિ એકસરખી તીવ્રતાથી એકબીજાને ચાહતી હોય ત્યારે જ પ્રેમની માત્રામાં ઉત્તરોત્તર વધારો થાય. બેમાંથી એક વ્યક્તિની તીવ્રતામાં ઓટ આવે ત્યારે પ્રેમ સ્થગિત થઈ જવાને બદલે કથળવા માંડે, એક વ્યક્તિ અત્યંત ઉત્કટતાથી ચાહતી હોય તો પણ એ ચાહતમાં વળતાં પાણી આવવાનાં. છૂટાં પડવાનું આવે છે ત્યારે પરસ્પરની સહમતીથી કોઈ છૂટું નથી પડતું હોતું, બેમાંથી એક જણની અનિચ્છા હોય છે. ખુશવંત સિંહે એક વખત કહ્યું હતું, 'પ્રેમમાં પડ્યા પછી સામે ચાલીને છોકરીને છોડી દેવી જોઈએ, જેથી છોકરીએ તમને તરછોડ્યા છે એવું વિચારીને તમે ભવિષ્યમાં પ્રેમભગ્ન થયાની લાગણીમાં ડૂબી ન જાઓ.'

■

અગિયાર

વ્યક્તિનો પ્રેમ પામ્યા પછી એને આખેઆખી પામવાની ઝંખના જાગે ત્યારે

પ્રેમની આંગળી પકડીને ઈર્ષ્યા આવે છે અને ઈર્ષ્યાની સાથે ભીતરમાં એક ભયંકર આક્રોશ સળગ્યા કરે છે. પછી ભય લાગે છે કે ઈર્ષ્યાની આ લાગણી પ્રગટ થઈ જવા દઈશું તો ઝેરીલા દેખાઈશું અને મનમાં ધરબી રાખીશું તો એની આગમાં બળીને ખાખ થઈ જઈશું. તમારા પ્રતિસ્પર્ધીની અથવા પ્રતિસ્પર્ધી બનવાની આકાંક્ષા રાખનારાઓની અથવા તમે એમના પ્રતિસ્પર્ધી બની જશો એવો ડર રાખનારાઓની – આ ત્રણેય પ્રકારના લોકોની પ્રશંસાથી બચતા રહેવું. તેઓ તમારા પ્રત્યેની ઈર્ષ્યાને છુપાવવા તમારી ભરપેટ પ્રશંસા કરી નાખતા હોય છે.

આનંદમાં રહેવા માટે કોઈના પ્રત્યે થતી ઈર્ષ્યાને રોકવાની જરૂર નથી, એ ઈર્ષ્યાના જન્મસ્થાનને શોધવાની જરૂર છે. માણસ બની શકીએ એટલી પાયાની લાયકાત હશે તો જણાશે કે દરેક ઈર્ષ્યાનો જન્મ ગેરવાજબી છે.

તમારા કરતાં વધુ દેખાવડો અથવા વધુ પૈસાદાર અથવા વધુ સારા સ્વભાવવાળો અથવા વધુ તેજસ્વી પુરુષ તમને ગમતી છોકરીને લઈ જ જવાનો છે. ઈર્ષ્યા કરવાથી કંઈ વળવાનું નથી. તમારા કરતાં વધુ લાયકાત અથવા વધુ લાગવગ ધરાવનારો અથવા વધુ મહેનત કરનારો અથવા વધુ સારા સ્વભાવવાળો માણસ કારકિર્દીમાં તમારા કરતાં આગળ નીકળી જ જવાનો છે. એના પગ ખેંચીને એની ચરણરજ સિવાય તમારા હાથમાં કશું જ નથી આવવાનું. તમારા કરતાં વધુ નસીબદાર અથવા વધુ નફ્ફટ અથવા વધુ તેજસ્વી માણસને તમારા કરતાં અનેકગણા પૈસા મળવાના જ છે. એનું નસીબ કે એની તેજસ્વિતા તમે ધારો તોય છીનવી શકવાના નથી અને જો એ નફ્ફટાઈને કારણે પૈસાદાર બન્યો હશે તો ગમે તેટલી ઈર્ષ્યા કરશો, એના જેટલા નફ્ફટ તમે બની શકવાના નથી.

પોતાની પાસે જે ચીજ કે વ્યક્તિ નથી એ બીજાને મળી જાય ત્યારે તો ઈર્ષ્યા જન્મતી જ હોય છે. એથી વધુ પજવનારી અને વધુ તીવ્રતાવાળી ઈર્ષ્યા ત્યારે જન્મતી હોય છે જ્યારે પોતાની પાસેની કોઈ ચીજ કે કોઈ વ્યક્તિ છીનવાઈ જવાનો જરા સરખો પણ કાલ્પનિક કે વાસ્તવિક ભય ઉત્પન્ન થાય. આ બીજા પ્રકારની ઈર્ષ્યા જરા સંસ્કારી પ્રકારની છે એટલે વ્યવહારમાં એનું પ્રાગટ્ય ગુસ્સા કે પછી ક્યારેક રિસામણા દ્વારા થાય છે.

નૃવંશશાસ્ત્રીઓ કહેતા આવ્યા કે માણસ જંગલોમાં રહેતો, પથ્થરોનો ઉપયોગ શસ્ત્ર તરીકે કરતો અને પ્રાણીઓનું કાચું માંસ ખાતો ત્યારથી આ ઈર્ષ્યા નામની લાગણી ચાલી આવી છે. ઈર્ષ્યા ખરેખર એક જંગલી લાગણી છે, આદિમ વૃત્તિ છે. આને કારણે જ પોતાને સંસ્કારી, નાગરી કે બુદ્ધિજીવીમાં ખપાવવામાં આનંદ મેળવતા લોકો ક્યારેય કોઈની આગળ કબૂલ નથી કરી શકતા કે પોતાનામાં ઈર્ષ્યાના ભંડાર ભરેલા છે.

ઈર્ષ્યા થાય છે ત્યારે માણસ પોતાની જાત સમક્ષ પોતાની લાચારીને અથવા નબળાઈને અથવા કમનસીબીને ઉઘાડી પડી જતાં જોઈ લે છે. તમારા કરતાં અન્ય કોઈ વ્યક્તિ વધુ ચડિયાતી સાબિત થઈ રહી હોય ત્યારે ઈર્ષ્યા જન્મે એ સ્વાભાવિક છે. પછી બે વિકલ્પ છે: કાં તો એ ઈર્ષ્યા બહાર પ્રગટી જવા દો અને એનાં જે કંઈ માઠાં પરિણામ આવે તે ભોગવી લો. નહિતર જરા થંભીને એ ઈર્ષ્યાની ગંગોત્રી સુધી પહોંચી જાઓ. જેની ઈર્ષ્યા થાય છે એ વ્યક્તિના સ્થાને જાતને મૂકીને જોવાથી ગંગોત્રી સુધીની જાત્રાનો આરંભ થઈ શકે. એક વખત મૂળ સુધી પહોંચી ગયા પછી દરેક ઈર્ષ્યા બાલિશ લાગવા માંડે.

સામાજિક સંબંધોમાંની ઈર્ષ્યા કરતાં અંગત સંબંધોમાંથી જન્મતી ઈર્ષ્યા માણસને વધારે કોરી ખાય. ગમતી વ્યક્તિ સાથે વહેંચવામાં આવતાં સમય, લાગણી અને સેક્સમાંથી મળતી સલામતીની ભાવના તથા માનસિક શાંતિ બીજી કોઈ વ્યક્તિ પડાવી જાય એવી શક્યતા કે વાસ્તવિકતા ઊભી થાય ત્યારે જે ઈર્ષ્યા જન્મે તેની સાથે માલિકીભાવ સજ્જડપણે જોડાયેલો હોય છે. પોતાની માલિકીની સંપત્તિ પાસે જે અપેક્ષાઓ રાખવામાં આવે એ બધી જ અપેક્ષાઓ આપણે જેના પર લાગણીનો હક્ક ધરાવીએ છીએ એની પાસે પણ રાખીએ છીએ. વ્યક્તિનો પ્રેમ પામ્યા પછી એ વ્યક્તિ આખેઆખી પામવાની ઝંખના જાગે ત્યારે ઈર્ષ્યાનો જન્મ થાય છે.

લગ્નસમારંભોમાં, પાર્ટીઓમાં, જ્ઞાતિના મેળાવડાઓમાં કે બાળકની સ્કૂલના પૅરન્ટ્સ ડેમાં 'હું અત્યંત રૂપાળી સ્ત્રીનો પતિ છું' એવો કે 'હું ખૂબ શ્રીમંત અને વફાદાર વ્યક્તિની પત્ની છું' એવો અદૃશ્ય બિલ્લો લગાવીને ફરતા લોકોને તમે જોયા હશે. સમાજ સમક્ષ મૂકવામાં આવતી આવી ડંફાસ માલિકીભાવનો એક ફાંટો છે. આ જ માલિકીભાવ વિસ્તરે ત્યારે એ ઈર્ષ્યામાં પરિણમે.

આપણે માની લઈએ છીએ કે જે લાગણીઓ બીજી વ્યક્તિ તરફથી મળી રહી છે એનો એક નિશ્ચિત જથ્થો છે. એ જથ્થામાં ભાગ પડાવનાર કે ભાગ પડાવી શકે એવી શક્યતા જેનામાં છે એવી વ્યક્તિ માટે ઈર્ષ્યા થવાની. બીજી વ્યક્તિને થનારો ફાયદો મારું નુકસાન છે, એને જે મળશે એટલું મારામાંથી ઓછું થઈ જશે એવી ભાવનામાંથી સંબંધોમાં ઈર્ષ્યા પ્રગટે છે. લાગણીના સંબંધોમાં લોકો એવું પણ ઇચ્છતા હોય કે પોતાની સમક્ષ જે કંઈ લાગણીઓ સામેની વ્યક્તિ પ્રગટ કરી રહી છે તે એણે કોઈ ત્રીજી વ્યક્તિ સમક્ષ પ્રગટ ન કરવી જોઈએ. પોતે જે સ્થળોએ એની હાજરી અનુભવી છે એ સ્થળોએ એણે અન્ય કોઈની સાથે ન જવું જોઈએ.

સંબંધોમાં ઈર્ષ્યા માત્ર માલિકીભાવને કારણે જન્મતી હશે? કે પછી સ્વાર્થી પ્રેમને કારણે? કે પછી બીજી વ્યક્તિના જીવનમાં પોતે સીંચેલાં સમય, લાગણી, વિચારોનાં ખાતરપાણીના પ્રતાપે આવેલાં ફળફૂલ પોતાનાં જ ગણાય એવી ભાવનાને કારણે કોઈ ત્રીજી વ્યક્તિ પ્રવેશે ત્યારે પથ્થર ભરેલી ગિલોલ ખેંચાતી હશે? દરેક ઈર્ષ્યાનો જવાબ મનોચિકિત્સાના પાઠ્યપુસ્તકમાંથી મળવાનો નથી. મળી જતો હોત તો જવાબ આપો કે છૂટાછેડા લઈને અન્ય સ્ત્રી સાથે સુખી સહજીવન ગાળતો પુરુષ પોતાની ભૂતપૂર્વ પત્નીને એના કોઈ પુરુષમિત્ર સાથે જુએ ત્યારે એકાએક શા માટે એને એક અકળ અકળામણ થઈ જાય છે?

ઈર્ષ્યાને સમજવી અને સમજી લીધા પછી એને વિદાય કરવી સહેલી નથી. શિયાળાની એક ઠંડીગાર રાત્રે વડીલ સાહિત્યકાર મધુ રાયને મેં પૂછ્યું હતું કે પત્નીના પિતાને ફાધર-ઇન-લૉ, એની માતાને મધર-ઇન-લૉ અને એના ભાઈને બ્રધર-ઇન-લૉ કહેવાય, તો પત્નીના પુરુષ મિત્રને ફ્રેન્ડ-ઇન-લૉ કહેવાય કે નહીં? મધુ રાયે ખડખડાટ હસતાં પહેલાં ગંભીર ચહેરે કહ્યું હતુંઃ ના, એને તો 'સાલા, હરામખોર' કહેવાય.



બાર
સ્પર્શનો શું એક જ અર્થ હોય ?

ભાષાનો આ સેતુ ખખડી ગયેલો છે એવું કવિ ચિનુ મોદીએ લખ્યું છે. 'ભાવ-અભાવ' નવલકથામાં કવિ કહે છે: 'પસાર થતાં ક્યારે ગાબડું પડે એ કંઈ કહેવાય નહીં. એટલે અનિવાર્ય હોય તો જ આ સેતુ પરથી પસાર થવાનું જોખમ ખેડવું.'

ભાષાની, શબ્દની બોલાયેલી અભિવ્યક્તિની, ક્યાંક કોઈક મર્યાદા આવી જતી હોય છે. એ સીમા આવી ગયા પછીની લાગણી શબ્દથી વ્યક્ત કરવી અશક્ય બની જાય અને ત્યારે સ્પર્શનો સહારો લેવો પડે. ભાષા કે શબ્દ માણસનો સાથ છોડી દે ત્યારે સ્પર્શ એની વહારે ધાય. શબ્દ કરતાં સ્પર્શની અર્થચ્છાયાઓ ઘણી વધારે હોય છે. લાગણીની તીવ્રતા પહોંચાડવામાં સ્પર્શની સરખામણીએ શબ્દો ફિક્કા પુરવાર થાય.

સ્પર્શનો શું એક જ અર્થ હોય? સૂર્યાસ્ત જોતાં પ્રેમીઓની બે હથેળીના સ્પર્શમાંથી રોમાન્સ પ્રગટે. ચિબુક પકડીને વાળ પર હાથ ફેરવતી નવપરિચિત વ્યક્તિ નિર્દોષ પ્રેમ પ્રગટાવે. રાખડી બાંધીને ભાઈને ભેટી પડતી બહેન વહાલ પ્રગટાવે. બળતી ચિતાની બાજુમાં ઊભા રહેલા મિત્રનો પીઠ પર ફરતો હાથ આશ્વાસન પ્રગટાવે. આ જ લાગણીઓ સ્પર્શને બદલે શબ્દ દ્વારા વ્યક્ત થઈ હોત તો તે કેટલી ફિક્કી હોત.

ત્વચાના રોગનો ભોગ બન્યા પછી વ્યક્તિને સમાજ બહાર ફેંકાઈ ગયાની લાગણી થાય. આ જ વ્યક્તિનો રોગિષ્ઠ હાથ લઈને કોઈ પસવારે ત્યારે એને દુનિયા આખાનો પ્રેમ મળી ગયાની લાગણી થાય. તાજું નહાયેલું બાળક એના બાપને શૈશવનો સ્પર્શ આપે. ઠપકો આપીને ખભો થાબડતો દોસ્ત તમારી ભૂલો છતાં પડખે રહેવાની ખાતરી આપે.

સ્પર્શનો એક પવિત્ર પ્રકાર ચરણસ્પર્શ. નવી પેઢીએ આ પ્રકારને માત્ર નમસ્કાર અને નમનમાં ફેરવી નાખ્યો. ચરણના સ્પર્શમાં સામેની વ્યક્તિને સંપૂર્ણ આદર સાથે સમર્પિત થઈ જવાની ભાવના છે. આજના જમાનામાં આવા સ્પર્શને લાયક હોય એવી વ્યક્તિઓ જોકે બહુ ઓછી મળે.

તમાચો અને ચુંબન સ્પર્શનાં બે અંતિમો છે. આખું પુસ્તક ભરાય એટલા શબ્દોથી વ્યક્ત થઈ શકે એટલો ગુસ્સો એક જોરદાર થપ્પડથી વ્યક્ત થઈ જાય. ગાલ પર, વાળ પર કે હથેળી પર હોઠના સ્પર્શ દ્વારા થતા ચુંબનથી વ્યક્ત થતો ઉમળકો શબ્દોમાં વ્યક્ત થાય તો એનું મૂલ્ય ઘટી જતું લાગે.

અંધ વ્યક્તિ માટે સ્પર્શની દુનિયા જ એનું સર્વસ્વ. બ્રેઇલ લિપિનાં ઊપસેલાં ટેરવાં દ્વારા જ્ઞાન, માહિતી કે મનોરંજનની દુનિયામાં જઈ શકાય. સામેની વ્યક્તિના ચહેરા પરનો ભાવ વાંચવાની કુદરતી બક્ષિસ જેને નથી મળી એવી વ્યક્તિઓ માટે સ્પર્શ એવો વિકલ્પ છે જેના સહારે એ બીજાના અંતર સુધી પહોંચી શકે છે.

સ્પર્શ અંધકારને વાચા આપે અને એ અંધકાર રાતનો જ હોય એ જરૂરી નથી. લાગણીના વનમાં અટવાઈ ગયેલો અંધકાર હોઈ શકે. ગળામાં બાઝી ગયેલા ડૂમાનો અંધકાર હોઈ શકે. આશાહીન દેખાતા ભવિષ્યનો અંધકાર હોઈ શકે. તમામ પુલ તૂટી ગયા પછી વમળમાં ગરક થઈ ગયેલા વિશ્વાસને ઘેરી વળેલા ઊંડાં પાણીનો અંધકાર પણ હોઈ શકે.

સ્પર્શને સામે છેડે આભડછેટ. નાનપણમાં રજાઓ ગાળવા મોસાળના ગામમાં જતા ત્યારે પડોશીનું ઘર અમુક જ્ઞાતિનું છે એટલે ત્યાં ચા પીવા બોલાવે તો કપ ઘરેથી લઈ જવાની સૂચના મળતી. ત્યારે વિચાર નહોતો આવતો પણ અત્યારે આવે છે કે એ વખતે પડોશીને કેવું લાગતું હશે. આપણે સ્પર્શ કરેલો પ્યાલો પણ

સામેવાળો ન સ્પર્શે ત્યારે સામાજિક દીવાલ ઊભી થાય. આપણે કરેલો સાહજિક સ્પર્શ સામેની વ્યક્તિ ન સ્વીકારે ત્યારે એક અદીઠી અંગત દીવાલ ઊભી થાય.



તેર

સંબંધમાં સલામતીની ભાવના:
સારી ક્યારે, ખરાબ ક્યારે ?

કોઈ પણ બાબતનું સામાન્યીકરણ સમાજને કે સમૂહને લાગુ પડી શકે, દરેક વ્યક્તિને દર વખતે લાગુ પડે એ જરૂરી નથી. અમુક સંજોગોમાં માણસ અમુક જ રીતે વર્તે કે કોઈક આવું બોલે તેની પાછળ આવી જ ભાવના હોવાની, એવું જનરલાઇઝેશન માસ બિહેવિયેરની ચર્ચા કરતી વખતે કામ લાગી શકે, વ્યક્તિગત વર્તણૂકની ચર્ચામાં કામ ન લાગે. અમુક લાગણી, અમુક ભાવના કે અમુક વિચાર સાચો જ કે ખોટો જ ગણાય એવી આત્યંતિક માન્યતા રાખવાથી સમજણ કુંઠિત થઈ જાય.

આટલી પ્રસ્તાવના પછી સંબંધમાં સલામતીની ભાવના અને અસલામતીની લાગણી વિશે જોઈએ. આદર્શ સંબંધમાં અસલામતીની લાગણી રાખવી ખોટી કારણકે દરેક સંબંધમાં સલામતી હોય તો જ સંબંધો ખીલે – એવી માન્યતા છે. આ માન્યતા સો ટકા સાચી છે? ના. સદંતર ખોટી છે? ના.

સંબંધમાં સલામતીની તથા અસલામતીની લાગણી ક્યારેક ફાયદારૂપ છે, ક્યારેક ગેરફાયદાકારક છે. ખરું કામ એવી સમજણ વિકસાવવાનું છે કે સંબંધમાં સલામતીના અહેસાસના ફાયદા કેટલા, ગેરફાયદા કેટલા અને અસલામતીની લાગણીના ફાયદા તથા ગેરફાયદા કેટલા.

દરેક અગત્યના વિચાર કે વ્યક્તિ વિશે આડેધડ અંતિમ અભિપ્રાય આપી દેતા પહેલાં માણસ પોતે એક લાંબી તાર્કિક પ્રક્રિયામાંથી પસાર થઈને બહાર આવી જવાથી એના પોતાનામાં રહેલો ઘણો બધો દ્વેષ, ઘણો બધો ઘમંડ અને ઘણી બધી ગેરસમજો દૂર થઈ જાય. આને કારણે બીજી વ્યક્તિને ઓછી ઈજા પહોંચે એ તો બરાબર પણ એને કારણે માણસ પોતે પોતાની જાત સાથે ખૂબ શાંતિથી જીવી શકે. આ આમ જ હોય અને તે તેમ જ હોય એવા બંધિયારપણામાંથી બહાર નીકળીને વૈચારિક ફ્લૅક્સિબિલિટી સર્જાવી જોઈએ.

સલામતી. દરેક સંબંધમાં માણસ કોઈક ને કોઈક પ્રકારની સલામતી શોધે છે. સૌથી મોટી તલાશ ભાવનાત્મક સલામતીની હોય છે. ઇમોશનલ સિક્યુરિટી. પોતાના માટે આજે ન્યોચ્છાવર થઈ જતી વ્યક્તિ આવતી કાલે અને પરમ દિવસે પણ આટલો જ પ્રેમ વરસાવશે, આટલી જ નજીક રહેશે, આટલી જ કાળજી લેશે અને આ જ રીતે જિંદગી પૂરી થશે એવી ભાવના પ્રગટાવતા સંબંધોની ઝંખના દરેકને રહેવાની અને જે સંબંધમાં આવી ભાવના પ્રગટાવવાની તાકાત હોય કે ઇવન શક્યતા હોય, તે સંબંધમાં સલામતી લાગવાની.

સલામતીની ભાવના બેધારી તલવાર જેવી છે. એ સારી છે અને ખરાબ પણ. સંબંધને એ સરસ રીતે ઉછેરી શકે, નર્ચર કરી શકે, વિકસાવી શકે. ક્યારેક એ સંબંધને ગૂંગળાવી શકે, સંબંધ કોહવાઈને દુર્ગંધ મારતા થઈ જાય એવા પણ બનાવી શકે.

સલામતીની ભાવના સારી ક્યારે? સંબંધમાં નિરાંત અનુભવતા હો ત્યારે જ તમે એ સંબંધને જાળવવાની ચિંતામાંથી મુક્ત બની એને વિકસાવવાની શરૂઆત કરી શકો. અન્યથા મન સતત ફિકરમાં ખોવાયેલું રહે કે કાલ ઊઠીને જો એ સાથે નહીં હોય તો આ સંબંધને ઉછેરવા માટે સીંચેલી મારી તમામ લાગણીઓ વેડફાઈ જશે. આવા વિચારોને કારણે તમે પાણી પહેલાં પાળ બાંધતા થઈ જાઓ, વિકલ્પો વિશે વિચારતા થઈ જાઓ.

સલામતીની લાગણી આપતા તમારા સંબંધો આપોઆપ તમને જીવનનાં અન્ય ક્ષેત્રોમાં પણ (દા.ત.: તમારી કારકિર્દીમાં) તમારી જાતને ખીલવવાની તક ખોલી આપે. અંદરથી તમને હર્યુંભર્યું લાગે અને એ હરિયાળી ભવિષ્યમાં છીનવાઈ નહીં જાય એ બાબત અંગે નિરાંત લાગે ત્યારે, તમારું વ્યક્તિત્વ પુરબહારમાં ખીલવા

તૈયાર થઈ જાય.

પણ સલામતી માટેની ઇચ્છા સંબંધને ગૂંગળાવી દઈ શકે. સલામતીની ભાવના સ્પર્શી કે જોઈ શકાય એવી પ્રત્યક્ષ ચીજ નથી કે કોઈ તમને કહે કે લો, આ મેં તમને આપણા સંબંધમાં સલામતીની ભાવના આપી અને તમને એ મળી ગઈ. કોઈ તમારા માટે ગમે એટલું કરે છતાં તમારામાં એની સાથેના સંબંધમાં સલામતીની ભાવના ન પ્રગટે એ શક્ય છે.

તમે જો સતત એવું વિચારતા રહો કે ભવિષ્યમાં કંઈ પણ થઈ શકે છે, આ સંબંધ જે અત્યારે ખૂબ ઊંડાણભર્યો અને મજબૂત લાગે છે તે તૂટી પણ શકે છે, તો એવું વિચારવામાં તમે ખોટા નથી હોતા. કારણ કે ભવિષ્યમાં કંઈ પણ બની શકે. આ જ ઘડીએ, લખતાં લખતાં કે વાંચતાં વાંચતાં તમે ટપ દઈને ગુજરી જાઓ એ પણ શક્ય છે. પણ દર વખતે એવું જ વિચાર્યા કરવું કે આપણે ખરાબમાં ખરાબ પરિસ્થિતિ માટે તૈયારી કરતાં રહેવું જોઈએ, તો એ રટણ ક્યારેક સારામાં સારા સંબંધ સર્જાવાની શક્યતાને વેરણછેરણ કરી નાખે. સલામતીની ભાવના ન આપતા સંબંધમાં બીજી વ્યક્તિના વ્યવહાર કરતાં પોતાના મનની કલ્પનાઓનો ફાળો કેટલો છે તે તપાસવું જોઈએ.

સલામતીની ભાવના ક્યારેક સંબંધમાં ઉદાસીન વૃત્તિ જન્માવી શકે. તમને ખાતરી થઈ જાય કે હવે આ સંબંધ તૂટવાનો જ નથી તો એની જાળવણી પ્રત્યે બેધ્યાન થઈ જાઓ એવું બની શકે.

માણસ જન્મ લે છે, એને શરીર મળે છે ત્યારે એ કદીય એવું માની લેતો નથી કે એક વખત પોતાને શરીર મળી ગયું એટલે હવે એ માટે કોઈ ચિંતા રાખવાની જરૂર નથી. ઊલટાનું, એ સતત પોતાના શરીરની દેખભાળ રાખ્યા કરે છે. ભોજન કે આહાર ઉપરાંત શરીરને જરૂરી એવી ઊંઘ કે અનિવાર્ય એવો આરામ મેળવી લેવાની પણ દરકાર રાખે છે. વ્યાયામ કે સાજસજ્જા દ્વારા શરીરને તંદુરસ્ત કે વધુ આકર્ષક બનાવવાની કોશિશમાં રહે છે અને ક્યાંય કશુંક ખોટકાયું તો તરત એનો ઇલાજ કરાવવા ડૉક્ટર પાસે દોડી જાય છે.

શરીર માટે ટેકન ફોર ગ્રાન્ટેડની ભાવના ન રાખનાર માણસ સંબંધ વિશે ભાગ્યે જ એવું વિચારે છે કે સંબંધમાં એવી ભાવના રાખવાથી એનું મોત થઈ શકે. સંબંધ પ્રાપ્ત થઈ ગયા પછી એને સતત બે ટંકના ભાવનાત્મક આહારની જરૂર પડવાની એવું બહુ ઓછા લોકો સમજતા હોય છે. જે સંબંધને હજુ કોઈ ચોક્કસ સ્વરૂપ ન મળ્યું હોય, બેમાંથી કોઈ એક પક્ષે અવઢવ હોય, એ સંબંધ માટે તમે બધું જ કરી છૂટશો. પણ આ સંબંધને તમે ધારેલું હતું એવું સ્વરૂપ મળતાં જ તમે એના પ્રત્યે બેદરકાર થતા જાઓ છો. આવી બેદરકારીનું મુખ્ય કારણ એ સંબંધે આપેલી સલામતી છે. જે સંબંધ ક્યારેય તૂટવાના નથી એવા સંબંધને હવે વધુ ખાતર-પાણીની જરૂર નથી એવું વિચારીને આપણે પોતે જ એને મૂરઝાવી મારતા હોઈએ છીએ. સલામતીની ભાવનાથી સંબંધ વધુ મજબૂત બનવો જોઈએ એને બદલે વ્યવહારના જગતમાં તદ્દન ઊંધી વાત જોવા મળે છે.

સંબંધ પર પડતી સલામતીની ખરાબ આડઅસરોમાંની એક વધુ આડઅસર છે શુષ્કતા. કશુંક મળી ગયા પછી એની પ્રાપ્તિને માણવાની હોય. પણ દરેક બાબતની જેમ માણસો સંબંધની નવીનતા પૂરી થઈ ગયા પછી એને પણ માળિયે મૂકી દેતા હોય છે. નવી ગાડી, નવી સાઉન્ડ સિસ્ટમ કે નવાં કપડાંની જેમ નવો સંબંધ પણ પોતાને મળી ચૂક્યો છે એવો અહેસાસ એક વખત થઈ ગયા પછી માણસને એ સંબંધમાં રહેલો આરંભિક ચળકાટ ધીમે ધીમે ઝાંખો થતો જતો હોય એવું લાગવા માંડે છે. આ સંબંધને મેળવવા પોતે કેટકેટલાં સપનાં જોયાં હતાં, તનમનધન રેડીને કઈ કઈ રીતે મહેનત કરી હતી એ બધું જ એ ભૂલી જાય છે. કશું પણ મેળવવાના પ્રયત્નોમાં રહેલા સંઘર્ષને એટલો રોમૅન્ટિસાઇઝ્ડ કરી નાખવામાં આવ્યો છે કે એ મળી ગયા પછી આપણને પેલા સંઘર્ષમાં રહેલું રોમાંચનું તત્ત્વ ખૂટતું હોય એવું લાગે છે.

સંબંધમાં અસલામતીની લાગણીને ખૂબ બદનામ કરવામાં આવી. કેટલેક અંશે એ બદનામી સાચી છે.

અસલામતીને લીધે તમે સંબંધના ભવિષ્ય વિશે કશું નક્કર વિચારી શકતા નથી. ભવિષ્યમાં આ સંબંધ સચવાયો નહીં તો – એવો વિચાર તમને આજથી જ વિહ્વળ બનાવી દે છે. એટલું જ નહીં, એના તૂટવામાં તમારો વાંક હશે એવો વિચાર આવે તો તમે આગોતરી ગિલ્ટ ફીલિંગ અનુભવો છો અને એના તૂટવામાં સામેની વ્યક્તિનો વાંક હશે એવો વિચાર આવે તો તમે અત્યારથી એ વ્યક્તિના કોઈ વાંકગુના વિના, એના દરેક વર્તનના ઇરાદાઓમાં શંકા-કુશંકા વ્યક્ત કરતા થઈ જાઓ છો.

અસલામતીની લાગણી સંબંધને સતત કોરી ખાય છે. ધીમે ધીમે આખેઆખો સંબંધ આવી લાગણીને કારણે ખવાઈ જાય છે. માણસની સમગ્ર ચેતના એના નિકટતમ સંબંધમાંની અસલામતીને કારણે ખોરવાઈ જાય, ખોવાઈ જાય એ શક્ય છે. સંબંધમાં સલામતીની ભાવના જેમ જીવનનાં અન્ય તમામ ક્ષેત્રોમાં પણ તમને પ્રફુલ્લિત થવા દે એ જ રીતે સંબંધમાં અસલામતીની ભાવના ચારે બાજુથી ભીંસીને મૂરઝાવી દે એ શક્ય છે. આવું થાય એના કરતાં સંબંધ તોડી નાખવો સારો એવું વિચારીને કોઈ એને તોડવાનો પ્રયત્ન કરે તો શક્યતા એવી કે એના પ્રયત્નો કાચા કે અધૂરા પુરવાર થાય. કારણ કે અંદરખાનેથી પોતે એ સંબંધને ઇચ્છે છે જ, માત્ર એમાં રહેલી અસલામતીને ઇચ્છતો નથી. તો પછી એના માટે ડાહ્યું કામ એ ગણાય કે એણે સંબંધ તોડવાને બદલે એમાં રહેલી અસલામતીને દૂર કરવાના પ્રયત્નો કરવા. કેવી રીતે થઈ શકે એ?

સંબંધમાં અસલામતીની ભાવનાનું મુખ્ય કારણ સામેની વ્યક્તિના વિચારો કે એનું વર્તન નહીં પણ પોતાના જ વિચારો તથા પોતાનું વર્તન પણ હોઈ શકે એવું ભાગ્યે જ કોઈ માનતું હોય છે. દરેકને બીજાના માથા પર દોષનો ટોપલો ઢોળવાનું ગમે છે.

તમારા પ્રત્યેના કયા વર્તનને કારણે સામેની વ્યક્તિ તમને અસલામતી મહેસૂસ કરાવે છે એ તપાસો. આમ કરવાથી ખબર પડશે કે સામેની વ્યક્તિનું તમને ન ગમતું વર્તન વાસ્તવમાં તમારા પોતાના જ એના પ્રત્યેના અણગમતા વર્તનનો પડઘો છે, એની પ્રતિક્રિયા છે. પણ મૂળને તપાસવાને બદલે બાહ્ય લક્ષણો જોઈને તમે માની બેસો છો કે સંબંધમાં રહેલી અસલામતીની લાગણી પાછળ બધો વાંક સામેની વ્યક્તિનો જ છે.

સંબંધને લગતી ઘણી બધી ગેરસમજણોને કારણે તમને એમાં સતત અસલામતી મહેસૂસ થતી રહે એવું બને. સામેની વ્યક્તિ તમારા માટે ચોક્કસ પ્રકારના શબ્દો કહ્યા કરે અથવા તમારા પ્રત્યેની લાગણીને અમુક જ પ્રકારે વ્યક્ત કરતી રહે અથવા અન્ય વ્યક્તિઓ સાથે એ અમુક જ પ્રકારે વર્તે અને અમુક વર્તન ન જ કરે એવા અનેક ખ્યાલો વર્ષોથી મનમાં સંઘર્યા હોય છે.

આવા ખયાલાતમાં બંધબેસતી ન હોય એવી વ્યક્તિ સાથે સંબંધ બંધાય ત્યારે બેઉની વચ્ચે શુદ્ધ, ઉત્કટ અને કાયમી લાગણીઓ હોવા છતાં અસલામતી અનુભવાતી રહે છે કારણ કે સામેની વ્યક્તિ સંબંધમાં સલામતી અંગેના તમારા વિચારો સાથે સહમત નથી થતી હોતી અને એ તમારા વિચારો મુજબનું વર્તન રાખવાને બદલે પોતાની પ્રામાણિક માન્યતા મુજબ વર્તવાનું ચાલુ રાખે છે – એવું વિચારીને કે મારે આ સંબંધ કાયમ ટકાવવા છે, આમ છતાં મારા કોઈ વર્તનને કારણે એને અસલામતી લાગતી હોય તો એ એની સમસ્યા છે, એમાં હું શું કરું.

હકીકત પણ આ જ હોય છે. એમાં કોઈ શું કરે? સંબંધમાં હકીકતો કે વાસ્તવિકતાઓ કરતાં વધુ મહત્ત્વનો ભાગ એ સંબંધ પ્રત્યે જોવાની તમારી દૃષ્ટિ ભજવે છે. છેવટે તો તમારી માનસિકતા, તમારી ઍટિટ્યૂડ નક્કી કરે છે કે સતત અવરોધો આવ્યા કરતા હોય એવી જિંદગી પણ તમને ખુશીથી – આનંદથી હરીભરી લાગે કે બિલકુલ સડસડાટ દોડી શકે એવા માર્ગ પરથી પસાર થતી જિંદગી પણ તમને ત્રાસદાયક લાગે, દુઃખી અને કંટાળાજનક લાગે.

ભવિષ્ય વિશે ખૂબ બધા વિચારો કર્યા કરવાથી એ વિચારોમાં અસલામતીની લાગણી પ્રવેશી જાય. તમારા વિચારોના અમલમાં અવરોધરૂપ બનતા લોકોની ગર્ભિત ઇમોશનલ દાદાગીરીને સહન કરી લેવા પાછળ પણ

આ ભાવના હોઈ શકે. કઈ ભાવના? કે કાલ ઊઠીને, જિંદગીનાં પાછલાં વર્ષોમાં મને બીમારી આવી કે આર્થિક મુસીબતો આવી તો? કે પછી જ્યારે લાગણીની ઓથની જરૂર હશે ત્યારે આ લોકો મારી પડખે નહીં રહે તો?

તેઓ ભવિષ્યમાં તમારા ટેકારૂપ નહીં બને કે એમણે આપેલો આધાર છીનવી લેશે એવી અસલામતીને કારણે વર્તમાનમાં તમે એમની તમારા પ્રત્યેની તદ્દન નક્કામી વર્તણૂકને પણ સહન કરીને સ્વીકારી લો છો. તમારું ભવિષ્ય ન બગડે એ માટે તમે તમારો વર્તમાન બગાડી નાખો છો. એમના ટેકા વિના તમારું ભવિષ્ય બગડશે કે નહીં એની કોઈ ખાતરી નથી, કારણ કે શક્ય છે કે તેઓ તમારા ઇમોશનલ આધાર બની રહે અને શક્ય એ પણ છે કે ભવિષ્યમાં તમને તમારા ખરાબ સંજોગો હોય તો પણ આ પ્રકારના, સોદાબાજીની મેન્ટાલિટીવાળા, લોકો પાસેથી ટેકો મેળવવાનું ન ગમે.

તમે અત્યારની એમની તમારા પ્રત્યેની ખરાબ વર્તણૂકને ન સ્વીકારો તો ભવિષ્યમાં તમને તકલીફ પડવાની જ છે એવું સો ટકા માની ન શકાય. પણ એટલું ખરું કે એમની ખરાબ વર્તણૂક ચલાવી લેવાથી, એ વર્તણૂકની અસર તમારા પર પડવા દેવાથી, તમે તમારી આજને નિઃશંક ખરાબ થવા દો છો.

સંબંધ બંધાયા પછી ભવિષ્યમાં ગમે ત્યારે એ પૂરો થઈ શકે એવી ભાવનાને તમે અસલામતીની લાગણીનું નામ આપો તો આ અસલામતીના પણ અનેક ફાયદા હોઈ શકે. કોઈ પણ સંબંધ ક્યારે તૂટે? જ્યારે એમાં બેઉ વ્યક્તિને અગાઉના જેવો રસ ન રહે ત્યારે. એવું ક્યારે બને? જ્યારે તમે એમાં રસ જાળવી ન શકો ત્યારે. આ સંબંધ ગમે ત્યારે તૂટી જઈ શકે છે એ બાબત પ્રત્યે તમે સભાન હો તો આપોઆપ એ સભાનતા તમને આ સંબંધને વિકસાવવા માટે ઉપયોગી હોય એવી તમામ વાતો અમલમાં મૂકવા પ્રેરશે. આ સંબંધને હાનિકારક બને એવી તમામ વાતો કરતાં પણ અટકાવશે. સામેની વ્યક્તિને તમે સતત ગમતા રહો એ માટે તમે તમારા સ્વભાવ, તમારા વિચારો તથા તમારા વ્યવહારને – ટૂંકમાં, તમારી સમગ્ર જાતને – વધુ ને વધુ સમૃદ્ધ બનાવવા પ્રયત્નો કરતા રહેશો.

પરિણામ એ આવશે કે અસલામતીની લાગણીને કારણે લેવાતા નિર્ણયો તમારા સંબંધને વધુ ને વધુ દૃઢ બનાવતા રહેશે. ભવિષ્યમાં જોઈ શકાતાં જોખમો જો અસલામતીને જન્મ આપતાં હોય તો સારું જ છે જેથી આવી સભાનતા તમારા અત્યારના વર્તનને વધુ સારું અથવા ઓછું ખરાબ બનાવવાની કોશિશ કરે અને એક એવા સ્તરે તમને લઈ જાય જ્યાં પેલાં જોખમો બિલકુલ નાબૂદ થઈ ચૂક્યાં હોય.

કમિટમેન્ટ. વચનબદ્ધતા. સંબંધમાં આજીવન સાથે રહેવાનાં કે જનમોજનમનો સાથ નિભાવવાના સોગંદ લેવાતા હોય એ સ્વાભાવિક છે. પ્રેમની ઉત્કટતા આ રીતે પણ પ્રગટ થઈ શકે એવું માની લેવામાં આવ્યું છે. પણ આનો અંજામ શું આવે છે? આજીવન સાથે રહેવાનું કમિટ કર્યા પછી જે લાગણી બાકી રહે છે તે એટલી જ કે આ વચન મારે નિભાવવાનું છે, મારે આજીવન સાથે રહેવાનું છે, બસ. આપણે ભૂલી જઈએ છીએ કે આજીવન સાથે રહેવા માટે માત્ર એકબીજા સાથે વચનબદ્ધ થઈ જવું પૂરતું નથી. જિંદગી આખી સાથે રહી શકાય અને અગાઉના જેવી જ ઉત્કટ તથા ઉમદા લાગણીઓથી એકબીજાનાં જીવનને પ્રફુલ્લિત કરતાં રહેવાય તે માટે કઈ કઈ જવાબદારીઓ નિભાવવાની છે એ વાત સદંતર ભૂલી જઈએ છીએ. યાદ માત્ર એટલું જ રહે છે કે વચન પાળવાનું છે, ચાહે ગમે તે થાય. વર્ષો પછી માત્ર એ જ સંતોષ રહે છે કે મેં કરેલું કમિટમેન્ટ તોડ્યું નથી. અંદરથી ભલે ગમે એટલા તૂટી ગયા હો, સંબંધ ગમે એટલા વેરણછેરણ થઈ ગયા હોય, વચન અકબંધ રાખ્યું છે.

સંબંધમાં કમિટમેન્ટ અનિવાર્ય. પણ કેવું કમિટમેન્ટ? આ સંબંધને ઉછેરવા માટે, એને વિકસાવવા માટે, એને પૂરતી મોકળાશમાં ખીલવવા માટે હું મારાથી બનતું બધું જ કરીશ. એ માટે મારે મારામાં જે કંઈ ઉમેરવું પડે, જે કશાની બાદબાકી કરવી પડે તે બધું જ કરીશ. તમારી જાત સાથે આ કમિટમેન્ટ કર્યું હોય તો બીજાં કોઈ કમિટમેન્ટ કરવાની જરૂર રહેતી નથી.

બીક અને ડર. આમાંથી જન્મે છે અસલામતી. આ અસલામતીથી દૂર જવા માણસ સલામતી શોધે છે અને તે પણ કોની પાસે – જે ખુદ અસલામત છે એની પાસે. કોઈ પણ વ્યક્તિ અન્ય વ્યક્તિને સંપૂર્ણ સલામતી આપી શકે નહીં. ચાહે એ લાગણીની હો, આર્થિક હો, સામાજિક હો, શારીરિક હો. પોતાની અસલામતી દૂર કરવા બીજા પર આધાર રાખનારાઓ વહેલામોડા પસ્તાવાના. માણસે કાં તો પોતે જ પોતાને વિવિધ પ્રકારની સલામતીઓ આપતાં શીખી જવું જોઈએ અથવા અસલામતી વચ્ચે જીવવાની મઝા લેતાં એને આવડી જવું જોઈએ.

સલામતી એક વિચાર, એક કન્સેપ્ટ, એક કલ્પના છે. કોઈ પણ પ્રકારની કલ્પનાઓનો વાસ્તવિકતા સાથે સો ટકા મેળ થાય એ અશક્ય. કલ્પનાઓ ખૂબસૂરત હોય છે પણ એ હંમેશાં આકાર વિનાના વાદળની જેમ મનમાં તરતી રહે એ જ સારું. એને સાકાર કરવાનું જોખમ ત્યારે જ લેવાય જ્યારે દરેક કલ્પના સાથે જોડાયેલો એ જ કલ્પનાનો એક અલ્પજાણીતો એવો બિહામણો ચહેરો જોવાની અને જોઈને સ્વીકારવાની તૈયારી હોય.

કલ્પનાઓ અથવા તો રોમૅન્ટિક્સ જેને ખ્વાબ કે સપનાં કહે છે એવા વિચારો ઇચ્છાઓને જન્મ આપે છે. આ ઇચ્છાઓ આગળ વધીને યોજના બની જાય છે, જીવનના પ્લાનિંગનો એક ભાગ બની જાય છે અને યોજના મુજબ જ આગળ વધવાની જીદ જન્મે છે. આ જીદ કે જક્કીપણું વાસ્તવમાં તો પ્લાનિંગને અમલમાં મૂકવા માટેનાં નથી, પરંતુ હવામાં તર્યા કરતી અને ખીણમાં ધુમ્મસની જેમ ક્યારેય મુઠ્ઠીમાં નથી પકડાવાની એવી કલ્પનાઓને હકીકતની દુનિયામાં ખેંચી લાવવાની જીદ છે. આવી જીદ માણસને હરાવી નાખે છે, થકવી નાખે છે, રૂંધી નાખે છે. આવી જીદને કારણે માણસનું વિશ્વ વિસ્તરવાને બદલે ચારે તરફથી સંકોચાતું જાય છે, એની સીમાઓ સાંકડી થતી જાય છે. સરળ, શાંતિભર્યું, કલહમુક્ત જીવન જીવવાના વિચારો જ્યાં સુધી કલ્પનામાં હોય છે ત્યાં સુધી જ શાતા આપે છે. એને પરાણે વાસ્તવિકતા બનાવવા જતાં શક્ય છે કે માણસ વધુ ગૂંચવાય, વધુ અશાંત બને, વધુ કલહ સર્જાય. 'શાંતિ રાખો', 'શાંતિ રાખો'ની બૂમો પાડતાં રહેવાથી ક્યારેય નીરવ શાંતિ સર્જાતી નથી. સર્જાય તો એ દરમિયાન ગળાને ત્રાસ આપીને ઊભો કરેલો વિસંવાદ મનને ક્ષુબ્ધ બનાવી દે છે. આવું ક્ષુબ્ધ મન સામે જ પડેલી નીરવતાનો આનંદ માણવાને અશક્ત હોય છે.

દિવસના આરંભે માત્ર એ દિવસની જ ફિકર કરવાની. ભવિષ્યમાં પડી રહેલી તમામ આવતી કાલો વિશે એકસામટું વિચારી લેવાનો કોઈ અર્થ નથી. કારણ કે એ વિચારોમાંથી કલ્પના સર્જાશે જે કાં તો અસલામતી ઊભી કરશે અથવા ઇચ્છા બનીને વાસ્તવિકતા બનવાની હઠ પકડશે. આ બેઉ પરિસ્થિતિઓ તાણ અને અસંતોષ સિવાય બીજું કશું આપી શકવાની નથી. વધુ ને વધુ કલ્પનાઓ વધુ ને વધુ અસ્પષ્ટતાઓ સર્જે છે. આવી અસ્પષ્ટતાઓ સરળ જિંદગી જીવવાની આડે આવતી રહે છે.



ચૌદ

કોઈકના બદલાવાથી તમારી દિશા શા માટે બદલાઈ જવી જોઈએ ?

ચિંતા માણસની તમામ શક્તિઓને નિચોવી લે છે. જે વીતી ગયું છે તેની યાદમાં કે જે બની શકે છે તેની કલ્પનામાં માણસ આજના દિવસથી દૂર ઘસડાઈ જાય છે. ચિંતાના ઉદ્‌ગમસ્થાન સુધી જવા માટે હકીકતો અને કાલ્પનિક ભય વચ્ચે થઈ ગયેલી ભેળસેળના કળણમાંથી બહાર આવી જવું પડે. કશુંક બની ગયું તે હકીકત છે પણ એ હકીકતમાંથી જે ચિંતા જન્મી શકે છે એના કરતાં અનેકગણી મોટી ચિંતા ‘હવે કયા કયા પ્રસંગો સર્જાઈ શકે છે’ તેની કલ્પનામાંથી જન્મે છે.

ચિંતાનું મૂળ વાસ્તવિક બનાવોમાં નહીં પણ કાલ્પનિક પરિસ્થિતિઓમાં છુપાયેલું છે. આવું કરીશ તો શું થશે એવા વિચારોમાં તણાયા કરવાને બદલે એક વખત એ પરિસ્થિતિનો સામનો કરી લેવો જોઈએ અને જ્યાં સંભાવનાઓ સર્જાવાની હોય તે દરેકના વિકલ્પો ઊભા કરી લેવા જોઈએ. ચિંતા કરતાં રહેવાને બદલે આવી વાસ્તવિક શક્યતાઓ વિચારી લેવાથી માનસિક તાણ ઓછી થઈ જાય. કાલ્પનિક ભયનો સામનો ક્યારેય થઈ શકતો નથી, સામનો સામે દેખાતી નક્કર હકીકતોનો જ થઈ શકે અને આ કામ લોકોથી ઘેરાઈ ગયા હો ત્યારે નથી થતું. એ માટે એમનાથી જરા દૂર જતાં રહેવું પડે, પોતાની થોડા નજીક આવી જવું પડે.

કલ્પના કરો કે એક દિવસ એવો ઊગે છે જ્યારે કામ પર નહીં જવાનું, કુટુંબીજનો-મિત્રોને નહીં મળવાનું, પુસ્તક-છાપાં નહીં વાંચવાનાં, ટીવી નહીં જોવાનું અને ફોન પર વાતો નહીં કરવાની. કેવું લાગશે તમને? કંટાળી જશો તમે? એવું લાગે તો ચેતી જવું જોઈએ. માણસના ખૂબ જ અંગત મિત્રોની યાદીમાં સૌથી પહેલું નામ એનું પોતાનું હોવું જોઈએ. ક્યારેક સાવ એકલા રહેવાની કલ્પના રોમાંચક લાગે તો કોઈ વખત ધ્રુજાવી નાખનારી પણ લાગે. ખરી કસોટી એવું એકાંત સર્જાય ત્યારે થાય.

એકાંતભર્યા ઘરમાં કે ઑફિસમાં સૌથી પહેલું કામ તમે ટીવી ઑન કરવાનું કે ફોન ઉપાડવાનું કે સંગીત સાંભળવાનું કરો છો? દર વખતે એવું થતું હોય તો એનો અર્થ એ કે તમે પોતાનાથી ભાગવા માગો છો. જાતથી ભાગી ભાગીને માણસ ક્યાં જશે, કેટલું દોડશે. છેવટે તો એણે પોતાની પાસે પાછા આવી જ જવાનું છે.

બાકીની આખી જિંદગી પોતાની સાથે સારી રીતે રહી શકાય એ માટે આજથી રોજ ઓછામાં ઓછી પાંચ મિનિટ જાત સાથે ગાળવી જોઈએ. વખત જતાં સમય વધારતાં જઈને એક આખો કલાક, એક આખો દિવસ, એક આખા સપ્તાહની ટેવ પડી જાય. જાત સાથે વધુ ને વધુ સમય વિતાવ્યા પછી ખબર પડવા માંડે છે કે આપણો આ બેસ્ટ ફ્રેન્ડ આપણે ધારતા હતા એટલો ખરાબ નથી.

જાત સાથે દોસ્તી કેળવવી અઘરી હશે પણ અનિવાર્ય છે. ક્યાં સુધી રાહ જોયા કરવાની કે કોઈ આવીને તમને ખુશ કરી જાય. પોતાની ખુશી-નાખુશીનો આધાર બીજી વ્યક્તિ પર શું કામ હોવો જોઈએ? સુખી થવા માટે બીજાના પર આધાર રાખીને પોતાની સ્વતંત્રતાનો ભોગ શા માટે આપી દેવાનો?

એક વખત મારાં લગ્ન થઈ જાય પછી હું આમ કરીશ, એક વખત મારો દીકરો સ્કૂલે જતો થઈ જાય પછી હું તેમ કરીશ, એક વખત મારી દીકરીને પરણાવી દઉં પછી હું આટલું કરીશ, એક વખત મને... આ બધાનો ક્યારેય અંત આવવાનો છે ખરો? આપણી ખુશી શા માટે કોઈના પર આધાર રાખે? એમને એમની જિંદગી જીવવા દઈએ, આપણે આપણી જીવીએ અને જે બાબતોમાં સહનિર્ણય જરૂરી છે કે સહકાર્ય જરૂરી છે એટલા

પૂરતી જ એમની અનિવાર્યતા સ્વીકારીએ.

અહીં પતિપત્ની વચ્ચે કે માબાપ-સંતાનો વચ્ચે અંતર વધારી મૂકવાની વાત નથી. જીવનમાં એવાં અનેક મનગમતાં કામ છે જે નિકટની વ્યક્તિઓના સાથ વિના કે એમને નડતરરૂપ બન્યા વિના થઈ શકે. તમારી પ્રિય વ્યક્તિ પોતાની પ્રતિક્રિયા બદલે, તમારી સાથેનું વર્તન બદલે, એને કારણે તમારા જીવનની દિશા શા માટે ફરી જવી જોઈએ? દિશા બદલાઈ જતી હોય એવું લાગે તો એનો અર્થ એ થયો કે હજુ આપણે બહારનું જોયા કરીએ છીએ. અંદર ડોકિયું કરવાની ફુરસદ મેળવી નથી. સંતાનોની જિંદગી એમનાં માબાપને ખુશ કરવા માટે નથી સર્જાઈ. સંતાનો પુખ્ત ઉંમરનાં થાય એ પછી એમને સમજ આપવી જોઈએ કે હવે તમારે તમારાં માબાપનું કહ્યું નથી માનવાનું, તમારું પોતાનું કહ્યું માનવાનું છે.

દરેક વ્યક્તિને ખબર હોવી જોઈએ કે મારે જિંદગી પાસે જે કંઈ જોઈએ છે તે કોઈ સામે ચાલીને આપી જશે એવી રાહ નથી જોવાની. મારે પોતે જ બે ડગલાં આગળ વધીને એ મેળવી લેવાનું છે.

જિંદગીમાં શું જોઈએ છે અને શું પ્રાપ્ત કરવું છે – આ સવાલનો ઉત્તર જેમની પાસે છે એમના માટે જ આ વિચારો છે. જેમની પાસે એનો ઉત્તર નથી પરંતુ ઉત્તર મેળવવાની ઝંખના જેમનામાં જન્મી ચૂકી છે એમને કહેવાનું કે ઑલ ધ બેસ્ટ, પ્રભુ તમને આ ઉત્તર મેળવવાના તમારા પ્રયત્નોમાં સહાય કરે. જેમની પાસે ઉત્તર નથી અને એ મેળવવાની ઝંખના પણ નથી એમને શું કહીશું? પ્રભુ તમને સદ્‌બુદ્ધિ આપે.



પંદર

કશુંક પ્રાપ્ત થયા પછી એને છોડી ન શકાય એમ માનવું ભૂલભરેલું છે

સાતત્ય એક ભ્રમણા છે. કાયમી કશું જ હોતું નથી, એકધારું કશું જ રહેતું નથી.

નાનપણમાં બાળકોને ભાષા શીખવતી વખતે વ્યાકરણ શીખવવામાં આવે છે. તેઓ કૉલેજ જતાં થાય ત્યારે એમને એક આ ગ્રામર પણ શીખવવું જોઈએ: એમને સમજાવવું જોઈએ કે સેંકડો ફિલ્મો અને નવલકથાઓ અને આર્ચી કૉમિક્સમાં તમે જે ત્રણ શબ્દો વારંવાર સાંભળો છો કે વાંચો છો તેનો અર્થ શું થાય. આય લવ યુનો અર્થ હું તને ચાહું છું એવો થાય, હું તને ચાહ્યા કરીશ કે આય શૅલ કન્ટિન્યુ ટુ લવ યુ એવો ન થાય. બાળકોમાં પુખ્તતા પ્રવેશે તેની સાથે જ એમને આ ગ્રામર પણ શીખવવું પડશે. આય લવ યુ એટલે આય લવ યુ. એમાં જન્મોજન્મનાં તો શું, આ જનમનાં પણ કમિટમેન્ટ નથી હોતાં. એક મિત્રે વર્ષો પહેલાં મેં ક્યાંક લખેલું એક વાક્ય મને જ વંચાવ્યું: 'પ્રેમની કોઈપણ પળ તત્ક્ષણ પૂરતી જ શાશ્વત હોય છે.' આય લવ યુ વાક્યના ગ્રામર વિશે બોધિજ્ઞાન થયા અગાઉ એ વાક્ય લખાયેલું કે એ લખવાને કારણે આ જ્ઞાન લાધ્યું? ખબર નથી.

આજની આ ક્ષણ જેવી જ આવનારી ક્ષણ હશે કે હોવી જોઈએ એવી ભ્રમણામાં રહેવું નકામું છે. સાતત્યનાં ગુણગાન ખૂબ ગાયાં લોકોએ. તમારા ચઢાવઉતાર કરતા ઇમોશનલ ગ્રાફ પ્રત્યે કે એ જ પ્રકારની ચઢઊતર કરતી કરિયર પ્રત્યે ઘૃણા થઈ જાય એ હદ સુધી લોકો સાતત્યનાં મંજીરાં વગાડતા રહ્યા.

તમને કહેવામાં આવતું કે સૂરજ રોજ ઊગે જ છે, પૃથ્વી પોતાની નિશ્ચિત ધરી પર નિયત ગતિએ ફરે જ છે – કુદરતમાં આવી કન્સિસ્ટન્સી ન હોત તો વિશ્વનો નિયમ ખોરવાઈ જાત વગેરે. વાસ્તવમાં આ પણ ગલતફહેમી છે. અમુક લાખ વર્ષ અગાઉ પૃથ્વીનું આ બ્રહ્માંડ સાથેનું વર્તન એવું નહોતું જેવું અત્યારે છે અને અમુક લાખ વર્ષ પછી અત્યારે વર્તે છે એ રીતે પૃથ્વી વર્તતી નહીં હોય.

સૂર્યના સાતત્ય કે એની નિયમિતતામાં પણ સતત પરિવર્તન આવે છે. એ ચોવીસ કલાક તમારી સામે રહેતો નથી, એ રોજ કોઈ એક ચોક્કસ સમયે ઉદય પામતો નથી કે અસ્ત થતો નથી – રોજ એમાં થોડીક સેકન્ડનો ફરક પડે છે, એ રોજ એક જ જગ્યાએથી ઊગતો નથી – ઉત્તર કે દક્ષિણ તરફ સરકતો જાય છે.

સૂર્યનો સ્વભાવ સાતત્યનો કે નિયમિતતાનો છે એનાં કરતાં વધુ પરિવર્તનનો છે અને દુનિયા જો કંઈક ઠીક તરીકાથી ચાલતી હોય તો તે એ પરિવર્તનવાળા એના સ્વભાવને કારણે જ. ઋતુઓ બદલાય છે, પાનખર થાય છે, વૃક્ષનો તમામ વૈભવ ખરી પડે છે છતાં પ્રસિદ્ધ કે પૈસાદાર માણસ માટે લોકોની અપેક્ષા એવી જ રહેવાની કે એની પ્રસિદ્ધિ આજીવન ટકી રહે, એનો વૈભવ મરતાં સુધી અકબંધ રહે.

નંબર વનની પોઝિશન પર પહોંચવા કરતાં વધુ અઘરું ત્યાં પહોંચ્યા પછી એ શિખર પર ટકી રહેવાનું છે એવું ઘણી વાર, ખાસ કરીને ફિલ્મલાઇનના માણસોની બાબતમાં, કહેવાતું હોય છે. પણ ભલા માણસ, શું જરૂર છે ત્યાં ટકી રહેવાની એ કોઈ સમજાવશે? ઍડમન્ડ હિલેરી અને તેનસિંગ એવરેસ્ટના શિખર પર પહોંચીને ત્યાં તંબુ ઠોકીને જિંદગી આખી રહ્યા હોત તો જ તેઓ મહાન ગણાત? ટોચ પર પહોંચીને ટકી રહેવાની વાત જ આખી સાવ બેબુનિયાદ છે.

કશુંક પ્રાપ્ત થયા પછી એને છોડી જ ન શકાય એમ માનવું ભૂલભરેલું છે. આવી માન્યતાને કારણે મોટા ભાગના માણસોનાં મગજ મિક્સરમાં બ્લેન્ડ કરેલાં હોય એવાં થઈ જાય છે. એમનું દિમાગ, દિમાગ ન રહેતાં એની ગ્રેવી થઈ જાય છે. સાદી ગુજરાતીમાં કહીએ તો મગજનું દહીં થઈ જાય છે.

બધું જ મળવું જોઈએ, સતત મળતું રહેવું જોઈએ અને જે મળે છે એ કાયમ ટકી રહેવું જોઈએ એવી માન્યતાને કારણે અનેક વિટંબણાઓ સર્જાતી રહે છે. કશું જ કાયમી નથી, બધું જ પરિવર્તનમય છે એ સમજતાં વાર લાગે છે અને ક્યારેક આખી જિંદગી નીકળી જાય છે.

પૈસો આજે છે ને કાલે નહીં હોય એવી શક્યતા વિશે સમજીએ છીએ પણ એવી પરિસ્થિતિ ઊભી થાય ત્યારે એને સ્વીકારી શકતા નથી. જેમ પૈસો કાલે નહોતો ને આજે આવ્યો એ પરિસ્થિતિને ઉમળકાભેર સ્વીકારી લીધી, એવા પરિવર્તનને અપનાવી લીધું, એમ એ આજે હોય ને કાલે ન હોય એ પરિસ્થિતિ પણ પરિવર્તનનો જ એક પ્રકાર થયો.

પૈસા જેવું જ પ્રસિદ્ધિનું અને પ્રસિદ્ધિ જેવું જ સંબંધોનું. આજે છે, કાલે ન પણ હોય. કારણ કે એક વખત એવો હતો જ્યારે એ નહોતાં અને પછી તમને મળ્યાં. પરિવર્તનનું ચક્ર ક્લૉકવાઇઝ પણ ફરી શકે, ઍન્ટિક્લૉકવાઇઝ પણ ફરી શકે. બેમાંથી કોઈ પણ ગતિમાં ફરે તે નથી પ્રગતિ, નથી દુર્ગતિ. આજે તમારી પાસે શહેરમાં મોટો બંગલો છે, કાલે તમે દૂરના કોઈ કાચા ઘરમાં રહો છો. આજે કોઈ તમારી સાથે છે, કાલે નથી. આજે તમે પાંચમાં પુછાવ છો, કાલે લોકો તમને બારના ભાવમાં કાઢી નાખે છે.

બદલાતી પરિસ્થિતિઓ માત્ર પરિવર્તન સૂચવે છે. એમાં માણસની પ્રગતિ કે અધોગતિ જોવાની નથી. આ એ પરિવર્તન છે જેનો માત્ર શરતી સ્વીકાર કરવાનું તમને શીખવવામાં આવ્યું હતું. દરેક પરિવર્તનને સ્વીકારી શકવાની માનસિકતા ઊભી થઈ હોત તો આજે આપણે પ્રગતિ-દુર્ગતિ જેવા માપદંડોથી પરિવર્તનને મૂલવતા ન હોત.

સંબંધોમાં સાતત્યની શરત, કાયમીપણાની તૃષ્ણા, કોઈ એક તબક્કે બંધિયારપણામાં પરિણમે છે. બે વ્યક્તિઓ એકબીજા સાથેના વ્યવહારમાં પરસ્પરને અનુકૂળ થવાના પૂરા પ્રયત્નો કર્યા પછી પણ ગોઠવાઈ ન શકે અને કાયમીપણાની ભ્રમણા એમના મનમાં જડબેસલાક પેસી ગયેલી હોય તો એ સંબંધોનો અંજામ શું આવે? માણસ પોતાની સાચી લાગણીઓને બીજાથી છુપાવતો થઈ જાય, એક પડદો રચાય, પોતાના ચહેરા પર મુખવટો સજાવી દંભી બનીને બનાવટી જીવન જીવતો થઈ જાય.

પણ એવું બનવા દઈએ જ શા માટે? સાતત્યનો કે કાયમીપણાનો આગ્રહ રાખ્યો હોય તો આ બધી પીડાદાયક પ્રક્રિયામાંથી પસાર થવું પડે. પણ જો એક વાત સમજાઈ જાય કે આય લવ યુનો અર્થ માત્ર એટલો જ થાય કે હું તને ચાહું છું, નહીં કે હું તને સતત ચાહ્યા કરીશ – અને જેવું પ્રેમનું એવું જ પૈસાનું, એવું જ પ્રસિદ્ધિનું, એવું જ દુનિયામાં પ્રાપ્ત થતી દરેકેદરેક બાબતનું – તો જીવનમાં ક્યારેય આ ગીત સાંભળીને દુઃખી ન થવું પડેઃ *હમ તુમ યુગ યુગ સે યે ગીત મિલન કે...* આજે અને આ ક્ષણે એ ગીત ગવાય છે તે જ પૂરતું છે કારણ કે આ ગીતે વર્તમાનની ક્ષણને ધન્ય ક્ષણ બનાવી દીધી છે. આ ક્ષણની ફોટોકૉપી જેવી ક્ષણો ભવિષ્યમાં અવિરત નીકળતી રહે અને કાયમ એવી ફોટોકૉપીઓ મળતી રહે એવી આશા કેવી રીતે રાખી શકાય?



સોળ
ત્રિભેટે પાછા આવ્યા પછી લેવાતો એક નવો રસ્તો

વર્ષે એક વાર, કમસે કમ એક વાર, એક ખાસ સવાલ પોતાની જાતને પૂછવાની ટેવ રાખવી જોઈએ. એ દિવસ બેસતા વર્ષનો દિવસ હોઈ શકે, પહેલી જાન્યુઆરી હોઈ શકે, તમારી વર્ષગાંઠ હોઈ શકે કે લગ્નજયંતી પણ હોઈ શકે અથવા તો એ આજનો દિવસ પણ હોઈ શકે. સવાલઃ મારી જિંદગી અત્યારે જેવી છે એવી જ મેં એને જોવા માગી હતી?

બહુ ધ્રુજાવી નાખે એવો સવાલ છે. કેટલાક લોકોને જીવનના સાઠમા કે પંચોતેરમા વર્ષે પોતાની જિંદગીનું સ્ટૉક ટેકિંગ લેવાની ઔપચારિકતા કરવી ગમતી હોય છે. પાછલા છ કે સાડા સાત દાયકાના જમાઉધારનું સરવૈયું કાઢવાની અને અત્યાર સુધી જિવાઈ ગયેલી જિંદગીની કિતાબમાં રહી ગયેલી પ્રૂફરીડિંગની ભૂલો, જો નવી આવૃત્તિ પ્રગટ કરવાની થાય તો, સુધારી લેવાની ઇચ્છા થતી હોય છે. છેક એ ઉંમરે તો બહુ મોડું કહેવાય.

મુંબઈથી ટ્રેનમાં ઊપડ્યા હો અને મણિનગરનું સ્ટેશન આવે ત્યારે તમને ખ્યાલ આવે કે તમારે અમદાવાદ નહોતું પહોંચવું, તમે તો દિલ્હી જવા માગતા હતા – એવું ક્યારેક બનતું હોય છે. આયુષ્યના છેક છેવાડા સુધી પહોંચી ગયા પછી જિંદગીની તરાહનું શીર્ષાસન થઈ જાય એવા ફેરફારો નથી થઈ શકતા. જિંદગીની તરાહ એટલે લાઇફસ્ટાઇલ અને આપણે અહીં જ્યારે લાઇફસ્ટાઇલની વાત કરી રહ્યા છીએ ત્યારે એમાં કાર, ફૅશન કે ઘરના ઇન્ટીરિયર ડેકોરેશનની વાતો નથી આવતી. માનસિક લાઇફસ્ટાઇલની વાત છે.

માણસને ક્યારેક ખૂબ મોડું થઈ ગયું હોવાની પ્રતીતિ થાય ત્યારે એ મનને મનાવવા આ સવાલના જવાબમાં પોતાને આશ્વાસન આપી દે છેઃ હા, મેં જેની કલ્પના કરી હતી એવી જ જિંદગી તો હું જીવ્યો છું.

ક્યાં સુધી છેતરતા રહીશું જાતને, ભલા માણસ. પોતાની નબળાઈઓ પોતાની જાત આગળ કબૂલ કરવાની છે. આવી કબૂલાત કર્યા વિના ખબર ક્યાંથી પડવાની કે જિંદગીમાં સુધારાની ક્યાં જરૂર છે, કેટલી જરૂર છે?

પંચોતેરમેં વર્ષે કદાચ મણિનગર પર આંખ ખૂલે ત્યારે એ સ્વીકારી લેવામાં જ ડહાપણ છે કે હા, મેં દિલ્હી નહીં, અમદાવાદ જવાનું જ ધાર્યું હતું. પણ આયુષ્યના આગલા વળાંકો પર – જિંદગી વીસ, ત્રીસ, ચાળીસ કે પચાસના આરે આવીને ઊભી હોય એવા વળાંકો પર – જરા અટકીને, પાછા ફરીને, નક્કી કરેલા ગંતવ્યસ્થાન તરફ ગતિ કરી શકાય છે. મણિનગરથી વડોદરા જંક્શને પાછા આવીને, આ ત્રિભેટેથી આગળ વધતો નવો પાટો પકડવાનો, નવી ટ્રેન લેવાની – એ દિશામાં જવાનું જે દિશામાં જવાનું તમે ધાર્યું હતું પણ વચ્ચે ક્યાંક ફંટાઈ ગયા, પછી વારંવાર ફંટાતા જ રહ્યા. મૂળ રસ્તે પાછા જવા મળેલી અનેક તક અણસમજ, અસલામતી અને આળસને કારણે વેડફાઈ જતી હોય છે.

માનસશાસ્ત્રીઓ તેમ જ માનસચિકિત્સકો પાસે જનારા દર્દીઓ કરતાં એમને નહીં મળનારા મનોરોગીઓની સંખ્યા અનેકગણી વધારે હોય છે. આવા મનોરોગીઓને ક્યારેય ભાન થતું નથી કે પોતાના માનસ સાથે ક્યાંક કશુંક ભયંકર રીતે ખોટું છે. જેઓ પોતાની માનસિક સમસ્યાઓ પ્રત્યે સભાન બન્યા પછી માનસઉપચારક પાસે જાય છે એમાંનો ઘણો મોટો હિસ્સો કોઈક માનસિક વિકૃતિના ઇલાજ માટે નહીં, પરંતુ જીવનમાં તીવ્રતાભેર અનુભવાઈ રહેલી હેતુવિહીન પરિસ્થિતિને કારણે જાય છે.

સિગ્મંડ ફ્રોઇડ જેટલા જ મોટા પણ એમનાથી ઘણી જુદી દિશામાં કામ કરનારા વિશ્વવિખ્યાત માનસચિકિત્સક કાર્લ યુંગે મૉડર્ન મેન ઇન સર્ચ ઑફ અ સોલ (એસઓયુએલ-સોલ, આત્મા) પુસ્તકમાં લખ્યું

હતું કે 'મારી પાસે આવતા દર્દીઓમાંથી ત્રીજા ભાગના દર્દીઓ કોઈક નિશ્ચિત માનસિક બીમારીનો ભોગ નથી બન્યા હોતા પણ એમને જિંદગીમાં સતત ખાલીપણું ખટક્યા કરતું હોય છે એટલે, હંમેશાં કોઈક વાતનો અભાવ સતાવ્યા કરતો હોય છે એટલે, દિશાવિહીન જિંદગી બની ચૂકી છે એવું લાગતું હોય છે એટલે તેઓ દર્દી તરીકે મારી સલાહ-સારવાર માગતા હોય છે. આજના જમાનાનો સૌથી સામાન્ય માનસિક રોગ કદાચ આ જ છે.'

કાર્લ યુંગની વાત સો ટકા સાચી. જિંદગીમાં કશુંય અગાઉથી ભર્યું ન હોય ત્યારે ખાલીખમ હોવાની લાગણી ન થાય તો જ નવાઈ. ભરેલું બધું જ ખૂટવા આવી ગયું હોય ત્યારે પણ આ જ લાગણી થવાની. પૈસા જેવી તદ્દન સીધીસાદી ચીજ માટે પણ આપણે માનતા હોઈએ કે જો એ તિજોરીમાં કે ગજવામાં કે બૅન્ક એકાઉન્ટમાં હશે તો જ વાપરી શકાશે અને એ જ જો તળિયાઝાટક હશે તો વાપરીશું શું? તો પછી જિંદગીને ખાલીખમ રાખી હશે તો કોઈ એક તબક્કે તીવ્ર ખાલીપો અનુભવાય એમાં વાંક કોનો? ઇનપુટ અને આઉટપુટની સાદી ભાષા ઇન્ડસ્ટ્રી કે ફૅક્ટરીઓને જ લાગુ પડે છે? જીવવા માટેનો કાચો માલ સતત ભેગો નહીં કર્યો હોય તો સંતોષનું, જીવવાના આનંદનું ઉત્પાદન ક્યાંથી થવાનું.

કયા કાચા માલની અપેક્ષા છે? અત્યારે તમે શેનું પ્રોડક્શન કરવા ધારો છો એના પર બધો આધાર છે. કઈ પરિસ્થિતિમાંથી તમે પસાર થઈ રહ્યા છો? સવાલ તો પૂછી લીધો કે શું મેં મારી જિંદગી આવી જ બનાવવા ધારી હતી? સારું થયું કે સવાલ પુછાઈ ગયો. તો હવે બે વાત કહો કે કેવી બનાવવા ધારી હતી? અને કેવી બની ગઈ છે?

આ બે સવાલો બીજા કોઈનીય આગળ નહીં, માત્ર જાત આગળ ખુલ્લા થઈને પૂછવાના. ઘણું બધું જાણવા મળશે તમને તમારા જ વિશે. અંદરની કોઈક અજાણી વ્યક્તિને મળી શક્યા છો એવું લાગશે. એની સાથે દોસ્તી કરવાનું મન થશે. જિંદગી સુધી ચાલે તેવો નાતો બાંધવાનું મન થશે. આપણો સૌથી સાચો અને સારો દોસ્તાર એ જ છે એવું લાગશે. જાત સાથેનો સંબંધ જ સૌથી મોંઘામાં મોંઘો સંબંધ છે એવી ખાતરી થશે. પછી બીજાઓની નજરે તમે બદલાઈ ગયેલા જણાશો પણ તમારી જાત સમક્ષ જેવા છો એવા, અણિશુદ્ધ અને પારદર્શક પ્રગટ થતા રહેશો.

લોકો અત્યાર સુધી પોતાની સગવડિયા નજરે તમને જોતા રહ્યા અને તમે પણ એમની આંખમાં બદલાતા જતા ભાવને અનુકૂળ થાય એવી રીતે જિંદગી જીવતા રહ્યા. એમાં ને એમાં મણિનગર આવી ગયું. પાછા વડોદરા જંક્શનના ત્રિભેટે જવું છે. એક દિવસ જરૂર મણિનગરના સ્થાને નિઝામુદ્દીન સ્ટેશનનું પ્લૅટફૉર્મ દેખાશે અને ત્યારે મનમાં ભરપૂર સંતોષ છલકાતો હશે કે દિલ્હી હવે દૂર નથી.



સત્તર

લગ્નેતર સંબંધો અને સંબંધેતર લગ્નો

સમાજ લગ્નેતર સંબંધો વિશે જેટલી ફિકર સેવે છે એટલી ચિંતા એને સંબંધેતર લગ્નો વિશે નથી હોતી.

એક્સ્ટ્રા મરાયટલ રિલેશન્સ અથવા તો લગ્નબાહ્ય સંબંધો વિશે ચિંતાપૂર્વક વાત કરતા લોકોને ક્યારેય એક્સ્ટ્રા રિલેશનલ મૅરેજીસ અથવા તો સંબંધબાહ્ય લગ્નો વિશે વિચારવાની જરૂર જણાતી નથી.

લગ્નના બંધનની બહાર સર્જાતા સંબંધો વિશે જેમ ચર્ચા થતી હોય છે એ જ રીતે સંબંધોની હાજરી વિના ચાલ્યા કરતાં લગ્નો વિશે પણ ચર્ચા થવી જોઈએ.

સંબંધેતર લગ્નો – આ શબ્દપ્રયોગ પહેલવહેલી વાર થઈ રહ્યો છે. ધીમે ધીમે લોકજીભે ચઢી જશે.

લગ્નેતર સંબંધો હંમેશાં માત્ર અનૈતિક જ નહીં, ગેરકાનૂની પણ ગણાયા છે. કેટલાક કિસ્સામાં, કેટલાક નહીં ઘણા બધા કિસ્સામાં, એ ઇચ્છનીય હોવા છતાં સમાજે એને અનૈતિક ગણવાનું ચાલુ રાખ્યું છે. સમાજ માટે આવી માન્યતા રાખવી જરૂરી હશે. આવા સંબંધોને આડા સંબંધો કે લફરાંબાજી જેવી ડેરોગેટરી અભિવ્યક્તિથી ઉતારી પાડવા પાછળ પણ સમાજની વ્યવસ્થા જળવાઈ રહે એવો આશય હશે. લગ્નેતર સંબંધો હંમેશાં છુપાવવા યોગ્ય જ ગણાયા.

પણ સંબંધેતર લગ્નોને લોકોએ ક્યારેય અનૈતિક નથી ગણ્યાં. લગ્નમાં બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ નામશેષ થઈ ગયો હશે છતાં એ લગ્ન સો ટકા કાનૂની ગણાશે. એટલું જ નહીં, સંબંધેતર લગ્નોને બીજાઓ આગળ, વટથી પહેરાયેલા મંગળસૂત્ર દ્વારા કે ‘આ છે મારાં મિસિસ…’ કહીને રજૂ કરવામાં કોઈનેય સંકોચ નહીં નડે. સંબંધેતર લગ્નોની રજત જયંતીઓ, સુવર્ણ જયંતીઓ ધામધૂમથી ઊજવાશે.

સંબંધની ગેરહાજરીમાં ચાલ્યા કરતાં લગ્નની આવી ઍનિવર્સરીઓ ઊજવાતી રહેશે. એ દિવસ પૂરતા ખુશખુશાલ હોવાનો દેખાવ કરતા યુગલને મિત્રો-સંબંધીઓ મૅની હૅપી રિટર્ન્સ ઑફ ધ ડે કહીને આ દિવસ જીવનમાં વારંવાર આવતો રહે એવી શુભેચ્છા આપતા રહેશે. પતિ-પત્નીના ખરેખરા શુભેચ્છક હોય એવા મિત્રે વારાફરતી એ બેઉના કાનમાં કહેવું જોઈએ : નો મોર અનહૅપી રિટર્ન્સ ઑફ ધ ડે.

પાર્ટીઓમાં કે ફોન પરની ગૉસિપમાં લોકોના લગ્નેતર સંબંધો વિશે જલસાથી કૂથલી કરનારા માણસો ક્યારેય પોતાના સંબંધેતર લગ્ન વિશે વિચારતા નથી. એમણે ક્યારેય વિચાર્યું જ નથી હોતું કે પોતાના દાંપત્યજીવનમાંથી કેમ અને ક્યારે સંબંધોએ વિદાય લઈ લીધી અને આત્મા વિનાના શરીરની જેમ સંબંધો વિનાનું લગ્નજીવન ધીમે ધીમે હવે કોહવાઈ જવા માંડ્યું છે. મૃતદેહને અમુક કલાકથી વધુ વખત રાખી મૂકવામાં આવે ત્યારે એમાં સડી જવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. ફોરેન્સિક સાયન્સની અને મેડિકોલીગલ ભાષામાં એને રિગર મોર્ટિસ કહે છે.

સંબંધોની વિદાય પછી, લગ્નજીવનમાં રિગર મોર્ટિસ શરૂ થઈ ગયા પછી, એના વિશે તાકીદે વિચારવું જોઈએ એવો ખ્યાલ નથી આવતો. કારણકે આપણને ખબર છે કે વિચારવા જઈશું તો ભયભીત થઈ જઈશું, થથરી ઊઠીશું. એક સમયે ચેતનવંતો અને જોમવંતો લાગતો લગ્નજીવનનો ગાળો હવે કેટલો નિષ્પ્રાણ અને બિહામણો બની ગયો છે તેની પ્રતીતિ થશે તો છળી મરીશું. માટે જ વિચારવાનું ટાળીને એક પછી એક લગ્નજયંતીઓ દમામભેર ઊજવવામાં આવે છે.

લગ્નેતર સંબંધો અને સંબંધેતર લગ્નોનો વિષય જીવનને સ્પર્શતા સૌથી મહત્ત્વના મુદ્દાઓમાંનો એક છે.

સંબંધો માણસના અસ્તિત્વનો એક પાયો છે. સ્ત્રીના સ્ત્રીત્વ અને પુરુષના પુરુષત્વને કારણે જે સંબંધો સર્જાય છે એ સંબંધો વિનાનું જીવન મળવું જ અશક્ય. આવા સંબંધો લગ્નમાં પણ મળી આવે, લગ્નની બહાર પણ મળી આવે. આવા સંબંધો વ્યક્તિને ભરપૂર સમૃદ્ધિ આપી શકે, તદ્દન રાંક પણ બનાવી શકે.

સ્ત્રીત્વ અને પુરુષત્વ વચ્ચે એવું તે કેવડું મોટું આકર્ષણ હશે જેને કારણે કિશોરાવસ્થાથી યુવાવસ્થા વચ્ચેના કોઈ એક તબક્કે પ્રેમમાં પડેલાં બે જણ એકલા રહેવાની પોતાની તમામ સ્વતંત્રતા ત્યજીને લગ્નમાં બંધાઈ જવાનું પસંદ કરતા હશે.

સ્ત્રીત્વ અને પુરુષત્વ વચ્ચે એવું તે કેવડું મોટું આકર્ષણ હશે જેને કારણે લગ્ન પછી એક નવી જ દુનિયા, નવો જ સંસાર સર્જવામાં બેઉ વ્યક્તિઓ પોતાનો સમય, પોતાની શક્તિઓ, પોતાની પ્રતિભાઓ, પોતાનો પૈસો, કહો કે પોતાનું સર્વસ્વ ખર્ચી નાખવા તૈયાર થઈ જાય છે.

અને આ સ્ત્રીત્વ તથા પુરુષત્વ વચ્ચે એવું તે કેવડું મોટું આકર્ષણ હશે જેને કારણે લગ્ન પછી ઊભા થયેલા પોતાના આ સમગ્ર સંસારને છોડીને કોઈ વ્યક્તિ પોતાના પતિ કે પોતાની પત્ની સિવાયની વ્યક્તિના પ્રેમમાં પડીને બાકીનું જીવન એની સાથે જીવવાના મનસૂબા સેવતી થઈ જાય.

સ્ત્રીત્વ અને પુરુષત્વ વચ્ચેના આ આકર્ષણનું થોડુંક વિશ્લેષણ થવું જોઈએ અને પછી મુખ્ય વિષય નામે લગ્નેતર સંબંધો અને સંબંધેતર લગ્નો વિશે ચર્ચા થવી જોઈએ.

કોઈ પણ આદર્શ સંબંધ પાંચ સ્તરે બે વ્યક્તિઓને એકમેકની નિકટ લાવે. આદર્શ સંબંધ કોને કહીશું. એક વ્યક્તિ બીજી વ્યક્તિમાં રહેલી ઉત્તમોત્તમ ભાવનાઓ પ્રગટાવી શકે ત્યારે આદર્શ સંબંધની શક્યતાઓ સર્જાય. દરેક માણસમાં પોતે દાનવ બની શકે એવો કાચો માલ સંઘરાયેલો હોય છે અને એ દેવ જેવું વ્યક્તિત્વ ખીલવી શકે એવું રૉ મટીરિયલ પણ એનામાં પડેલું હોય છે. સામેની વ્યક્તિ તમારી આ બે શક્યતાઓમાંથી કઈ શક્યતાને ઉછેરી શકે એ જોવાનું છે.

આવો આદર્શ સંબંધ પાંચ સ્તરે બે વ્યક્તિને એકબીજાની નિકટ લાવે. આ પાંચેય સ્તરનું કોઈ નિશ્ચિત ગણિત નથી કે એમની હાજરી-ગેરહાજરી માટેની અગાઉથી નક્કી કરેલી કોઈ ફૉર્મ્યુલા મુજબની ટકાવારી પણ નથી. આમાંના કયા સ્તર પર વધારે રહેવું છે અને કયા સ્તર પર ઓછું રહેવું છે તેનો નિર્ણય બેઉ વ્યક્તિએ, શબ્દોમાં ફોડ પાડ્યા વિના, એકબીજાને પામી જઈને સમજૂતીપૂર્વક કરી લેવાનો હોય. આમાંના કોઈ એક કે એક કરતાં વધુ સ્તરનું પ્રમાણ ખોરવાઈ જાય કે પછી એ પ્રમાણ ખોરવાતાં ખોરવાતાં એ સ્તરની સદંતર ગેરહાજરીમાં પરિણમે ત્યારે સંબંધોએ બાકી બચેલા એકાદ-બે સ્તરના તાંતણે ટકી રહેવું પડે. કેટલાક સંબંધો આ રીતે દાયકાઓ સુધી ટકી જતા હોય છે, કેટલાક માણસો એક જ કિડનીએ આખી જિંદગી કાઢી નાખે એમ. કેટલાક લોકો ત્રણ ત્રણ હાર્ટઍટેક પછીય જીવતા રહે એમ.

સંબંધોના પાંચ સ્તર છેઃ મેન્ટલ, ઇમોશનલ, ઇન્ટલૅક્ચ્યુઅલ, ફિઝિકલ અને સેક્સ્યુઅલ. આ પાંચેય ટર્મ્સ પ્રથમ અંગ્રેજીમાં સૂઝી એટલે યથાવત્ મૂકી દીધી. એનું ગુજરાતીકરણ અને ગૂંચવાતા જતા સંબંધોનું થોડું વધુ સરળીકરણ હવે કરીએ.

સંબંધોના આ પાંચ સ્તર વિશે ચર્ચા કરતી વખતે પાંચ અનુમાનોનો પૂર્વસ્વીકાર થઈ ગયો છે એવું માની લઈએ:

1. માણસની સૌથી મોટી જવાબદારી પોતાને ખુશ રાખવાની છે. પોતે ખુશ હશે તો એ પોતાની નિકટની, ઓછી નિકટની અને દૂરની – દરેક વ્યક્તિને ખુશ કરવાનો પ્રયાસ કરી શકશે અને એ પ્રયાસમાં સફળતા મળે એવી આશા પણ રાખી શકશે.
2. સંબંધોમાં સો ટકા નિખાલસતા જરૂરી નથી. નિખાલસતા અને નફ્ફટાઈ વચ્ચે બારીક ભેદરેખા છે. આ ભેદરેખા નીચે ઊતરી જાય છે ત્યારે દંભ અને છેક ઉપર ચડી જાય છે ત્યારે નફ્ફટાઈ નામની વર્તણૂક

સર્જાય છે. નાનીથી માંડીને મોટી કહી શકાય એવી અસંખ્ય બાબતો સંબંધ દરમિયાન એકમેકના જીવનમાં અને વિચારોમાં સર્જાતી રહે છે. આની જાણ એકબીજાને ન કરવામાં આવે ત્યાં સુધી કોઈ નુકસાન થતું નથી. આવી બાબતો કઈ તેની કોઈ તૈયાર સરકારી યાદી નથી. વ્યક્તિએ પોતે એ નક્કી કરી લેવાની.

3. વફાદારી એટલે શું? લગ્નજીવન ચાલુ રાખીને અન્ય વ્યક્તિ સાથે ખાનગી સંબંધ જોડવા? કે પછી નિખાલસતાથી લગ્નજીવનનો અંત આણીને, પોતે જે વ્યક્તિ સાથે આજીવન રહેવાના સોગંદ લીધા હતા તે વ્યક્તિને ત્યજીને, લોકોની ભાષામાં એ વ્યક્તિ સાથે બેવફાઈ કરીને, ત્રીજી વ્યક્તિ સાથે પ્રગટપણે સંબંધ રાખવા? આ બેમાંની કઈ પરિસ્થિતિમાં તમે તમારાં પતિ-પત્ની પ્રત્યે બેવફાઈ દેખાડો છો તે તમારે નક્કી કરવાનું અને યાદ રાખવાનું કે લોકોને જે પરિસ્થિતિ બેવફાઈની જણાતી હોય તે એવી ન પણ હોય.

4. કોઈ આવીને એમ કહે કે અમે જિંદગીમાં હંમેશાં નીતિમત્તાથી ચાલ્યા છીએ, ક્યારેય સિદ્ધાંતો સાથે બાંધછોડ નથી કરી, ક્યારેય ખોટું નથી બોલ્યા તો તમે એમના મોઢા પર કહી શકો કે આપશ્રી જુઠ્ઠા છો. આદર્શો સાથે સો ટકા મૅચ થાય એવું જીવન મળવું અશક્ય છે. પ્રયત્ન જરૂર કરી શકાય અને બને એટલી વધુ ઊંચાઈ પર પહોંચી શકાય. પરંતુ દરેક વ્યક્તિએ ક્યારેક, ક્યાંક, કેટલુંક સમાધાન કરવું જ પડે. એને તમે કૉમ્પ્રોમાઇઝનું નામ આપો કે ઍડ્જસ્ટમેન્ટનું – કોઈ ફરક નથી પડતો. તમે ક્યાં, ક્યારે, કઈ રીતનું, કઈ હદનું, કોની સાથે અને કેટલું સમાધાન કર્યું છે તેના સરવાળા પરથી તમારી વ્યક્તિમત્તાનું માપ નીકળે. 'સારાંશ' ફિલ્મનો દાખલો લઈએ. દીકરાનાં અસ્થિ પરદેશથી આવ્યાં હોય અને કસ્ટમમાં એને છોડાવવા બે હજાર રૂપિયાની લાંચ આપવી પડે એમ હોય અને તમે આપો ('સારાંશ'માં જોકે, લાંચ નથી અપાતી) તો પણ તમે પાપ નથી કરતા અથવા તો જો ભગવાનની નજરે એ પાપ હશે તો એની સજા તદ્દન મામૂલી હશે. પણ કસ્ટમમાં ડ્યુટી ભર્યા વિના તમે માત્ર બસો રૂપિયાની લાંચ આપીને કલર ટીવી છોડાવી લાવો તો એ પાપ છે. એની સજા મોટી હશે.

પાપ કોને કહીશું ને કોને નહીં? કેળવાયેલો અને વિકસિત અંતરાત્મા જ નક્કી કરી શકે. હુ વિલ સે વૉટ ઇઝ સિન (એસ આઇ એન, સિન, પાપ) ઇન ધ આઇઝ ઑફ ધ ગૉડ: 'ધ સ્કારલેટ લેટર' નામની એક અંગ્રેજી ફિલ્મનું આ છેલ્લું વાક્ય છે.

પરંપરાગત સમાજમાં સ્થપાઈ ગયેલા દરેક આદર્શો મુજબ જીવવું જરૂરી નથી. સમાજે સાત સ્ટાન્ડર્ડ રંગોવાળું નીતિમત્તાનું મેઘધનુષ ભલે રચી આપ્યું, આપણે આપણું પોતાનું મેઘધનુષ બનાવી લેવું. એમાં એક-બે રંગ ઓછા હશે તો ભલે. મેઘધનુષ પાંચ-સાડાપાંચ રંગનું હોય તો ચાલશે પણ તે આપણું પોતાનું રચેલું હોવું જોઈએ.

5. અસલામતી અને ઈર્ષ્યા (ઇન્સિક્યુરિટી અને જેલસી) આ બેઉ કહેવાતા દુર્ગુણની કેટલીક સારી બાજુઓ પણ છે. આ પૉઝિટિવ સાઇડ્સને પણ પારખી લેવાની. આ વિશેની ચર્ચા આ જ પુસ્તકમાં કરી છે.

આટલાં અનુમાનો સ્વીકાર્યા પછી સ્ત્રીપુરુષ સંબંધોના પાંચ સ્તરની વાત શરૂ કરતી વખતે એક બાબત ફરી ધ્યાનમાં રાખવાની કે આમાંનો એકેય સ્તર બીજા કરતાં ચડિયાતો કે ઊતરતો નથી. નિસરણી કે પગથિયાં નથી આ. માત્ર પાંચ વહેણ છે જે એકબીજા સાથે ભળી જાય છે. એક જ સપાટી ધરાવતાં આ પાંચ વહેણના પ્રવાહો વત્તાઓછા થઈ શકે – એનો આધાર બેઉ વ્યક્તિઓ પર અને સમય-સંજોગો પર.

સંબંધોના પાંચ સ્તર:

1. પ્રથમ સ્તર તે માનસિક સ્તર. મનોમન એકબીજાની હાજરીની ઝંખના રહે કે એકબીજાની તસવીર આંખ સામે આવતી રહે એ પછી આ સ્તર સર્જાય છે. રૂબરૂ મળ્યા વિના તમે જેની નિકટતાનો અહેસાસ કરી

શકો એવી વ્યક્તિ સાથે માનસિક સ્તરે ખાસ્સા એવા કમ્ફર્ટેબલ છો એવું પુરવાર થઈ ગયું. સ્વભાવ, રસના વિષય કે શિક્ષણ-સંસ્કાર-ઉછેર ભિન્ન હોય તે છતાં માનસિક એકાત્મતા અનુભવી શકાય.

2. માનસિક નિકટતા જે વ્યક્તિની સાથે હોય તેના માટે ભાવનાત્મક કે ઇમોશનલ સ્તરે પણ નિકટતા અનુભવાતી હોય છે. પરંતુ જેના માટે ઇમોશનલ અટેચમેન્ટ હોય, જેની સાથે લાગણીના સંબંધો હોય, તેની સાથે માનસિક ઐક્ય પણ મહેસૂસ થાય જ એવું જરૂરી નથી. ક્યારેક માત્ર અમુક સંજોગોમાં સાથ મળી જવાથી ભાવનાત્મક સંબંધો સર્જાઈ જતા હોય છે. ક્યારેક માત્ર મરજીથી કે નામરજીથી વર્ષો સુધી સાથે રહેવાને કારણે પણ લાગણીનું સાયુજ્ય સર્જાતું હોય છે. આવાં કોઈ કારણો વિના, મજબૂરી વિના, સર્જાતા ભાવનાત્મક સંબંધો વધુ ટકોરાબંધ હોય છે. એમાં ઓછામાં ઓછો ભેગ હોય છે.
3. સંબંધોમાં બૌદ્ધિક પ્રવાહ કે ઇન્ટલેક્ચ્યુઅલ લેવલનો અર્થ એ નથી કે બેઉ વ્યક્તિઓ ભારે બુદ્ધિશાળી હોય. બેઉ વ્યક્તિઓનો બૌદ્ધિક સ્તર એકમેકને અનુરૂપ હોય ત્યારે આદર્શ ઇન્ટલેક્ચ્યુઅલ સંબંધ સર્જાય. યુનિવર્સિટીની વાઈસ ચાન્સેલર બનેલી મહિલા ઈંટ ગોઠવતા કડિયા સાથે પરણે ત્યારે ઇન્ટલેક્ચ્યુઅલી એ ક્યારેય સુખી ન થાય. કડિયા સાથે શાક વેચવાવાળી કાછિયણ પરણે તો શક્ય છે કે બૌદ્ધિક રીતે બેઉ એકબીજાને સંપૂર્ણ સંતોષ આપી શકે. સંબંધોનો આ એક એવો સ્તર છે જેની ગેરહાજરીનો કે ઓછી હાજરીનો ખ્યાલ વર્ષો સુધી ઘણાને નથી આવતો.
4. ફિઝિકલ લેવલને શારીરિક સ્તરને બદલે સ્પર્શના સ્તરનું નામ આપવું વધુ યોગ્ય રહેશે કારણ કે શારીરિક સંબંધો એ શબ્દપ્રયોગ સેક્સ્યુઅલ રિલેશન્સના પર્યાયરૂપે બહુધા વપરાય છે. અહીં ફિઝિકલ તથા સેક્સ્યુઅલ વચ્ચે ભેદ કરવાનો છે. જે સ્પર્શ સેક્સ સુધી પહોંચતા નથી, પહોંચવાની ઇચ્છા પણ ધરાવતા નથી, જેને તમે સેક્સ્યુઅલ ફોરપ્લેના ખાનામાં પણ મૂકી શકાતા નથી, એવા સ્પર્શોની આ વાત છે. આ પ્રકારના સ્પર્શોમાં માત્ર હાથ પકડવાથી માંડીને ઉષ્માભર્યાં આલિંગનો આવી શકે કે વાળ પર હાથ રમાડવાથી માંડીને હળવાં ચુંબનો આવી શકે. આ બધા એવા સ્પર્શો છે જે શબ્દો વિના એકમેક માટેની નિકટતા વ્યક્ત કરે. કેટલાક કિસ્સામાં બે વ્યક્તિ વચ્ચે સેક્સ્યુઅલ રિલેશન્સ હોવા છતાં ફિઝિકલ રિલેશન્સની સદંતર ગેરહાજરી હોય એવું પણ બને. ફિઝિકલ રિલેશન્સની ગેરહાજરીવાળા સેક્સના સંબંધોમાં મોટે ભાગે યાંત્રિકતા અથવા જરૂરિયાતપણું પ્રવેશી જતાં હોય છે. ફિઝિકલ રિલેશન્સની સતત હાજરી, સેક્સ વિના પણ વ્યક્તિને શારીરિક હૂંફ માણી શકવાની સગવડ આપે.
5. જાતીય સંબંધો, કામ સંબંધો અથવા તો સેક્સ્યુઅલ રિલેશન્સ અંગત સંબંધોમાં ઘણો મોટો ભાગ ભજવે છે. એક તરફ આ સ્તર બે વ્યક્તિ વચ્ચેના આરંભિક આકર્ષણનું ઘણું મોટું કેન્દ્ર બની શકે છે તો બીજી તરફ એ ખોરવાય ત્યારે અન્ય સ્તરોમાં યોગ્ય પ્રમાણ જળવાયું હોવા છતાં સંબંધો તૂટી પડવાની શક્યતા સર્જાય છે.

મેન્ટલ, ઇમોશનલ, ઇન્ટલેક્ચ્યુઅલ, ફિઝિકલ અને સેક્સ્યુઅલ – આમાંના માત્ર કોઈ એક સ્તરને સંબંધનું કેન્દ્ર માનીને ચાલનારી બે વ્યક્તિઓનું સહજીવન લાંબું ટકતું નથી. આ પાંચેય વહેણને જે બે જણ એકબીજાની તેમ જ પોતપોતાની જરૂર તથા ઇચ્છા મુજબ વત્તાંઓછાં કરી શકે તે બે જણ બીજાઓને ઈર્ષ્યા થાય એવું સુંદર જીવન જીવી શકે.

* * *

સંબંધેતર લગ્નોનાં કારણો તરફ જતાં પહેલાં એક ઝડપી નજર લગ્નેતર સંબંધોનાં કારણો તરફ નાખી લેવી જરૂરી છે. આ બેઉ પરિસ્થિતિઓને એકબીજા સાથે સીધો સંબંધ છે. લગ્નેતર સંબંધોનાં કારણો તપાસતી વખતે એક વાત ખાસ ધ્યાનમાં રાખવાની કે અહીં મુદ્દો લગ્નેતર સંબંધોનો ચર્ચાઈ રહ્યો છે, કોઈ ઉપરછલ્લા

પરિચયનો નહીં. આત્મીયતા જેમાં ભળી જતી હોય એવા લગ્નેતર સંબંધોનો મુદ્દો ચર્ચાઈ રહ્યો છે. અંગ્રેજીમાં જેને વન નાઇટ સ્ટૅન્ડ, ફ્લિન્ગ તેમ જ ફ્લર્ટિંગ કહે છે (આ ત્રણેય જુદી જુદી બાબતો છે) તેના વિશે નહીં, એક્સ્ટ્રા મરાયટલ રિલેશનશિપ વિશે ચર્ચા થઈ રહી છે.

સ્ત્રીપુરુષ વચ્ચે બંધાતો દરેક સંબંધ, પછી ગમે તે કારણે તે સર્જાયો હોય, આગવી પવિત્રતા સાથે જન્મે છે. એ સંબંધની ગરિમા ભવિષ્યમાં જળવાય છે કે કેમ તેનો આધાર બેઉ વ્યક્તિઓએ પોતપોતાની રીતે એના ઉછેરમાં આપેલા ફાળા પર છે. લગ્નેતર સંબંધોનાં કારણો:

1. જાતીય ઇચ્છાની, સેક્સની કે કામાવેગની પરિતૃપ્તિ લગ્નેતર સંબંધોનું એક કારણ હોઈ શકે. ક્યારેક એકમાત્ર કારણ પણ હોઈ શકે. આને કારણે એ સંબંધના જન્મ સાથે જોડાયેલી પવિત્રતાને કોઈ હાનિ પહોંચતી નથી. હાનિ ત્યારે જ પહોંચે છે જ્યારે વ્યક્તિ આ સંબંધની મૂળ ઊંચાઈ જાળવી રાખવાને બદલે યાંત્રિકતામાં સરી પડીને નીચે પટકાય છે.

   અહીં બે વાતની ચોખવટ થઈ જવી જોઈએ. અનેક સાચાંખોટાં પ્રમાણો આપીને કહેવાયું કે મનુષ્ય અને એમાંય ખાસ કરીને પુરુષ, જાતીયતાની બાબતમાં પહેલેથી જ બહુગામી છે અને એકપત્નીત્વ એના પર લાદવામાં આવેલું સામાજિક વ્યવસ્થાનું બંધન છે. અહીં એક વાત ઉમેરવી છે. મનુષ્યને સ્વભાવગત બહુગામી કહેવો અને નૃવંશશાસ્ત્રીય કારણો આપીને એની સેક્સ લાઇફને પશુજગતના જાતીય જીવન સાથે જોડવી એ અધકચરી સમજની નિશાની છે.

   માણસ એક જ વ્યક્તિ સાથેના જાતીય જીવનથી સંતોષ પામી શકે. માણસ એક કરતાં વધુ વ્યક્તિ સાથેના જાતીય જીવનથી અસંતુષ્ટ હોઈ શકે. વ્યક્તિની પોતાની માનસિકતા પર એ વાત નિર્ભર છે. વ્યક્તિના પૂર્વજો, એના ઉછેરનું વાતાવરણ, એના ઘડતરકાળના વિચારો તેમ જ માણસ તરીકેની એની સમજદારી – આ બધાં તત્ત્વો, એને એક જ વ્યક્તિ સાથેના જાતીય જીવનમાંથી સંતોષ મળશે કે એક કરતાં વધુ, એ વિશેની માનસિકતા સર્જવામાં ભાગ ભજવતાં હોય છે. ભરપૂર વ્યક્તિઓ સાથે આ પ્રકારના સંબંધો બાંધી ચૂકેલી વ્યક્તિનું સંતાન આજીવન મોનોગામી પસંદ કરે, એક જ વ્યક્તિ સાથેની સેક્સ લાઇફ પસંદ કરે એ શક્ય છે. આની સામે ગાંધીવાદી આશ્રમોના કડક બ્રહ્મચર્યવાળા વિચારોથી પ્રભાવિત માબાપના સંતાનના સેક્સજીવનમાં અનેક વ્યક્તિનો પ્રવેશ થયો હોય એવું પણ જોવા મળે. બધા જ માણસો આવા કે પછી બધા જ તેવા એવું જનરલાઇઝેશન અહીં શક્ય નથી.

2. લગ્નેતર સંબંધોનું બીજું એક કારણ રોમાન્સની ઝંખના. આ રોમાન્સ એટલે ગુજરાતીવાળો રોમાંચ નહીં. પ્રેમની મુગ્ધાવસ્થા વખતે જોવા મળતો રોમાન્સ. નથિંગ ઇઝ ગોઇંગ ટુ ચેન્જ માય લવ ફોર યુ જેવાં પ્રેમગીતોના મંદ મંદ પિયાનોસંગીત સાથે ડાન્સફ્લોર પર હળવેકથી સરકતાં યુગલોના માનસિક વાતાવરણમાં સર્જાતો રોમાન્સ. કેટલીક વ્યક્તિઓના જીવનમાં આવા રોમાન્સનો કૅન્ડલ લાઇટ પ્રકાશ પથરાઈને બુઝાઈ ચૂક્યો હોય છે. કેટલાકે ક્યારેય એવો રોમાન્સ અનુભવ્યો નથી હોતો અને હવે એમને એ રોમાન્સની કલ્પનાને વાસ્તવમાં પલટવાની ઇચ્છા જાગી હોય છે. આ બેઉ પ્રકારની વ્યક્તિઓ લગ્નેતર સંબંધોમાં પ્રણયની એ મુગ્ધ અવસ્થાને શોધે છે, ક્યારેક પામે છે અને ક્યારેક ફરી પાછી એ કૅન્ડલ લાઇટ બુઝાઈ જાય છે.

   રોમાન્સ જેના પાયામાં હોઈ શકે એવાં પ્રેમલગ્નોમાં લગ્નનાં થોડાંક વર્ષ બાદ રોમાન્સનું રૂપાંતર ઘનિષ્ઠ એવા દાંપત્યજીવનમાં થાય તો પણ રોમાન્સની ખોટ સાલતી જ હોય છે. ક્યારેક પતિપત્ની રોમાન્સને નવજીવન આપવાના કૃત્રિમ પ્રયાસો કરે ત્યારે એ પ્રક્રિયા ફૂલદાનીમાં દિવસો સુધી પડ્યાં રહેલાં સુકાઈ ગયેલાં ફૂલને પાણી પિવડાવવા જેવો વ્યર્થ વ્યાયામ લાગે. એ વાતની બહુ ઓછાને જાણ હોય છે કે સંબંધમાં રોમાન્સના ઉદ્ભવનો અને એની જાળવણીનો આધાર બેઉ વ્યક્તિના રસના

વિષયોના વ્યાપ પર પણ હોય છે.

3. લગ્નેતર સંબંધોનું વધુ એક કારણ છે આત્મસન્માનની કે સેલ્ફ એસ્ટીમની ઘટતી જતી માત્રા. ખૂબ ભણેલીગણેલી અને ભરપૂર બુદ્ધિમત્તા ધરાવતી સ્ત્રીએ લગ્ન બાદ રસોડું-બાળકો-વ્યવહારોમાં અટવાઈ જવું પડે ત્યારે એને કોઈ એક તબક્કે પોતાના આત્મગૌરવનું તળિયું દેખાવા માંડે. જિંદગી કેવી બનાવવા ધારી હતી અને કેવી બની ગઈ એવા અભાવનો વિચાર દઢ થતાં એને ફરી એક વાર કલ્પનાની પાંખો ફૂટવા માંડે. આવા સમયે કોઈ પુરુષ એના જીવનમાં પ્રવેશે અને કૉલેજના ઍન્યુઅલ ડેમાં જેને ગાવા માટે આગ્રહ થતો એ ગૃહિણીને ફરી એક વાર સંગીતના ક્ષેત્રમાં લઈ જવાનું પ્રોત્સાહન આપે ત્યારે લગ્નેતર સંબંધો સર્જાઈ શકે.

   ધંધામાં કે વ્યવસાયમાં ખોટ ખાઈ ચૂકેલા પુરુષને કે નોકરી ગુમાવી બેઠેલા પ્રોફેશનલને પોતે હારીને થાકી ગયાનો, ડાઉન ઍન્ડ આઉટ હોવાનો અફસોસ કોરી ખાતો હોય અને કોઈ સ્ત્રી નવા ભવિષ્યની આશા દેખાડે ત્યારે લગ્નેતર સંબંધો સર્જાવાની શક્યતા વધી જતી હોય છે.

4. લગ્નેતર સંબંધોનું ચોથું કારણ જરા અટપટું છે. આને આધ્યાત્મિકતા સાથે ન જોડીએ અને માત્ર ભૌતિકતા સાથે જ રહેવા દઈએ તોય વાંધો નથી. જીવનમાં કોઈ એક તબક્કે માણસને પોતાની અસલ ઓળખ શોધવાની ઝંખના થાય છે. સ્વની શોધમાં એ નીકળી પડે છે. એને ખ્યાલ આવે છે કે પોતે અત્યારે જે કંઈ છે તેના કરતાં ઘણો જુદો બની શકે એવી શક્યતા એનામાં રહેલી છે. આ શક્યતાનાં પારખાં કરવાં માટે એ કોઈક એવી વ્યક્તિ સાથે સંબંધ બાંધવા ઇચ્છે છે જેને ખબર હોય કે આવી શક્યતાઓનું મૂલ્ય શું હોઈ શકે. આ કારણોસર લગ્નેતર સંબંધો સર્જાયા પછી એના પરિણામસ્વરૂપે વ્યક્તિને પોતાની અસલ ઓળખ પ્રાપ્ત થાય કે ન થાય, એ ઓળખ સુધી પહોંચવા માટેનો માર્ગ કયો છે તેની ખબર પડી શકે.

5. લગ્નેતર સંબંધોનું હજુ એક કારણ છે લગ્ન. અથવા તો કહો કે સાકાર ન થયેલાં સપનાંઓવાળું લગ્નજીવન ત્યજીને સાકાર થઈ શકે એવાં સ્વપ્નોવાળું નવું લગ્નજીવન આરંભ કરવાની ઇચ્છા. લિબરલ સમાજમાં લગ્નવ્યવસ્થાને ખૂબ ગાળો દેવાઈ. લગ્નપ્રથા ખોટી છે એવું કોઈ ન કહી શકે. લગ્નની તમામ મર્યાદા જાળવ્યા પછી માનસિક સ્વતંત્રતા ભોગવતાં યુગલો એકબીજાનાં વ્યક્તિત્વને ખૂબ ખીલવી શકે. લગ્નપ્રથાના દેખીતા દોષ અનેક. એ દરેક દોષ નિવારવા અગાઉથી સાવચેતી લઈ શકાય એવી સમજ લગ્ન પહેલાં મળતી હોત તો એ દોષો નિવારી શકાતા હોત.

* * *

ફૅક્ટરીઓથી માંડીને હૉટેલ-રેસ્ટોરાં શરૂ કરવાનું લાઇસન્સ લીધા પછી દર વર્ષે તમારા પ્રિમાઇસીસ પર ફૅક્ટરી ઇન્સ્પેક્ટરો ઇત્યાદિની અવરજવર શરૂ થઈ જાય છે. નિશ્ચિત ધોરણો મુજબનો તમારો કારભાર ચાલે છે કે નહીં તેની તપાસ થાય છે. ગુણવત્તાથી લઈને સલામતીનાં ધોરણો અમુક હદથી નીચે જતાં રહ્યાં હોય તો લાઇસન્સ રિન્યુ નથી થતું. તમે ફરી કાળજી લઈને એ ધોરણો પુનઃ સ્થાપિત કરો તો જ લાઇસન્સની મુદત વધારી આપવામાં આવે. આના કારણે ઔદ્યોગિક વગેરે ક્ષેત્રોનું યોગ્ય નિયમન થાય છે અને પરિણામે સૌની ઉન્નતિ થાય છે.

ફૅક્ટરી ઇન્સ્પેક્ટરોની જેમ લગ્નપ્રથા શરૂ થઈ ત્યારથી મૅરેજ ઇન્સ્પેક્ટરોનો ચાલ શરૂ થયો હોત તો? આજે પણ એવો નિયમ બનાવવામાં આવે તો આજનાં કેટલાં લગ્નો લાઇસન્સ રિન્યુ કરી આપવાને લાયક પુરવાર થાય? કેટલાં લગ્નો ગુણવત્તાથી માંડીને સલામતી વ્યવસ્થા સુધીની કસોટી પર ખરાં ઊતરે? કેટલાં લગ્નો, બાય પ્રોડક્ટરૂપે પેદા થતા પ્રદૂષણને ખાળવા માટેના પોલ્યુશન ટેસ્ટમાંથી પાસ થઈ શકે?

લગ્ન એક એવી વિધિ છે જે થઈ ગયા પછી, જેનું લાઇસન્સ મળી ગયા પછી, એને મેઇન્ટેઇન કરવાની જવાબદારી સંબંધિત વ્યક્તિઓની છે એવી કોઈ ફરજ લાદવામાં નથી આવતી. આવી ફરજ લાદવામાં ન આવી હોવા છતાં જેઓ સ્વૈચ્છિક રીતે પોતાનાં લગ્નની જાળવણી કરી શકે, મૅરેજ ઇન્સ્પેક્ટર આવી જશે તો લાઇસન્સ રિન્યુ નહીં થાય એવી કાલ્પનિક ધાકથી જેઓ પોતાનાં લગ્ન સાથે સંકળાયેલી બાબતોનાં મિનિમમ સ્ટાન્ડર્ડ્સ જાળવી રાખે, એમનાં લગ્નને ઝાઝો ઘસારો પહોંચતો નથી. ઔદ્યોગિક ક્ષેત્રે જાગ્રત એવી આ દુનિયામાં સામાજિક ક્ષેત્રે પણ આટલું ડહાપણ હોત તો બહુ ઓછાં સંબંધેતર લગ્નો જોવા મળત.

લગ્નથી ઇતર એવા સંબંધો એટલે લગ્નેતર સંબંધો. ઇતર એટલે અન્ય અથવા તો બીજા. લગ્નની જેમાં હાજરી નથી એવા સંબંધો, જેની ચર્ચા થઈ ગઈ. સંબંધની જેમાં ગેરહાજરી હોય એવાં, સંબંધથી જે વેગળા કે જુદા હોય એવાં, સંબંધથી ઇતર એવાં, લગ્નો એટલે સંબંધેતર લગ્નો. આ એવાં લગ્નો જેમાં સંબંધ ના હોય. આ એવાં લગ્નો જેમાં માત્ર લગ્ન જ બાકી બચ્યાં હોય, સંબંધો ઓસરી ગયા હોય. આ એવાં લગ્નો જેનું એક વખત સર્જન થઈ ગયા પછી કોઈનેય વિચાર નથી આવતો કે આત્માની ગેરહાજરીવાળા દેહનું વિધિસર વિસર્જન થાય એ રીતે સંબંધની ગેરહાજરીવાળા લગ્નનું પણ વેળાસર વિસર્જન થઈ જવું જોઈએ. નૈનં છિન્દંતિ શસ્ત્રાણિ બોલીને એનું વિસર્જન થઈ જવું જોઈએ. આત્માની જગ્યાએ સંબંધને મૂકીને ધારવું જોઈએ કે લગ્ન નાશવંત છે પણ સંબંધને કોઈ શસ્ત્ર હણી શકતું નથી, કોઈ અગ્નિ એને બાળી શકતો નથી. સંબંધ અમર છે, લગ્ન નહીં.

સમાજમાં વિસર્જનનું મહત્ત્વ દરેક ઠેકાણે સ્વીકારાયું, માત્ર લગ્ન સિવાય. વિસર્જન સાથે સંકળાયેલી ધાર્મિક-આધ્યાત્મિક ભાવનાઓ ઉદાત્ત છે. ગણેશજીના વિસર્જનનો ઉત્સવ મનાવવામાં આવે છે. આવો જ વિસર્જનનો ઉત્સવ ડિવોર્સ પાર્ટીરૂપે મનાવી શકાય.

લગ્નમાંથી સંબંધ ઓસરી જવાનું કારણ એક જ વાક્યમાં આપી દેવું હોય તો તે એ કે વ્યક્તિ લવેબલ રહેતી નથી. ખાદ્ય પદાર્થ જેમ ઇટેબલ રહેવો જોઈએ એમ લગ્ન પદાર્થમાં વ્યક્તિ લવેબલ રહેવી જોઈએ. તમે જેને ખાઈ શકો એમ હો અથવા તો જે ખાવાને પાત્ર હોય તે ઇટેબલ અને તમે જેને પ્રેમ કરી શકો એમ હો અથવા તો જે પ્રેમને પાત્ર હોય એ લવેબલ. આ જવાબદારી લગ્ન સાથે જોડાયેલી બેઉ વ્યક્તિની છે. આમાં બેદરકારી થઈ તો સંબંધેતર લગ્ન સર્જાયા વિના ન રહે.

સંબંધેતર લગ્નોનાં આ કારણો દરેકને ખબર છે પણ ફોડ પાડીને આ વિશે કોઈ બોલતું નથી. જાત સાથે પણ કબૂલ કરતું નથી:

1 જિંદગીની તમામ હૅપીનેસ, જીવનનો તમામ આનંદ, લગ્નજીવનમાંથી મળી રહેશે એવી અપેક્ષા લગ્ન પહેલાં જ મનમાં ઊગી ચૂકી હોય છે. લગ્ન એટલે દરેક આનંદનો અખૂટ સ્ટૉક અને તમામ પ્રકારનો આનંદ મેળવવાની પિન ટુ પિયાનો વેચતા ડિપાર્ટમેન્ટલ સ્ટોર કે મૉલ જેવી જગ્યા. આવું માની લેવું એ જ મોટી મૂર્ખાઈ.

   તમે નવી ગાડી ખરીદો છો ત્યારે એ ગાડી તમને વૉશિંગ મશીનરૂપે, અવનરૂપે કે નહાવાની જગ્યારૂપે કામ લાગશે એવું ક્યારેય નથી વિચારતા. લગ્ન માટે તમામ સુખની અપેક્ષાઓ સર્જાય છે. (અહીં આનંદ અને સુખ વચ્ચેના આધ્યાત્મિક ભેદની ચર્ચા વચ્ચે નથી લાવવાની, બેઉ એકબીજાના પર્યાયરૂપે વપરાયા છે.) એટલું જ નહીં, જીવનમાં બધાં જ દુઃખદર્દને લગ્ન મિટાવી દેશે એવી પણ આશા રાખવામાં આવે છે. એક બિચારાં લગ્ન પર આટલી બધી જવાબદારીઓ. લગ્નની કમર ભાંગી ન પડે તો જ નવાઈ.

   લગ્નજીવન ઉપરાંત જીવનનાં અનેક ક્ષેત્રોમાંથી આનંદ મળવો જોઈએ. મળતો હોય છે. લગ્નથી જોડાયેલી વ્યક્તિઓ પાસે પોતપોતાના તેમ જ પરસ્પરને સાંકળી શકે એવા રસના વિષયનો વ્યાપ જેટલો વધુ એટલી એ બેઉ વચ્ચેની નિકટતાની સંભાવના વધુ.

પતિને પત્નીની હાજરીને કારણે જેટલી મઝા આવી શકે એટલી જ મઝા પુસ્તક વાંચવાથી, ટેનિસ રમવાથી, મિત્રો સાથે જંગલમાં ઊપડી જવાથી, ભજન સાંભળવાથી કે હિંદી ફિલ્મ જોવાથી આવી શકે. આ દરેક વખતે પત્ની સાથે જ હોય એ જરૂરી નથી, સાથે ન જ હોય એવું પણ જરૂરી નથી.

પત્ની વિના કે પત્નીની સાથે – કોઈ પણ રીતે લઈ શકાય એવા જીવનના આનંદોની યાદી બનાવવા બેસીએ તો મહાનગરની ટેલિફોન ડિરેક્ટરી જેટલું એનું કદ થાય.

જીવનમાં મેળવી શકાય અથવા તો મેળવવા જોઈએ એ બધા આનંદ લગ્નસંબંધમાંથી જ મળવા જોઈએ એવી અપેક્ષા ક્યારેય પૂરી ન થઈ શકે. એ અપેક્ષા પૂરી નથી થતી માટે લગ્નજીવન નિષ્ફળ છે એવી પ્રતીતિ થવા માંડે છે. આમાં વાંક કોનો: લગ્નજીવનનો કે પછી અપેક્ષા રાખનારનો?

2. સંબંધેતર લગ્નના બીજા કારણના બે પેટાવિભાગ. એક તો, જેની સાથે પ્રેમ થયો એને પરણવું જ જોઈએ એવી માન્યતા અને બે, રોમાન્સની – પ્રેમની પરાકાષ્ઠારૂપે લગ્ન જ હોઈ શકે એવી માન્યતા. આ બેઉ માન્યતા એકબીજા સાથે જોડાયેલી છે. લગ્નજીવન એટલે શું – એની અધકચરી સમજને કારણે આ બેઉ માન્યતાનો જન્મ થાય છે. ખરેખર તો બીજી માન્યતા પહેલાં જન્મે છે જેને કારણે પહેલી પણ એની પાછળ પાછળ આવે છે.

પ્રેમ અને રોમાન્સ એટલે શું એ વિશેની, અને એનું પૃથક્કરણ કરીએ તો એમાં ક્યાં ક્યાં તત્ત્વો-સંયોજનો મળી આવે એની જ જ્યારે પૂરી સમજ ન હોય એ ઉંમરે લગ્ન વિશેની સમજ ક્યાંથી હોવાની? આવી સમજ પુખ્ત સંતાનોને એમની મુગ્ધાવસ્થામાં જ આપવાની જવાબદારી કોની? કદાચ માબાપની. નિષ્ફળ જતા પ્રેમની તેમ જ નિષ્ફળ જતા લગ્નજીવનની સીધી જવાબદારીનો મોટો હિસ્સો બે સંબંધિત વ્યક્તિઓનો હોવા છતાં આ બેઉ માટેનાં આડકતરાં અથવા અપ્રગટ કારણોમાં માબાપનો – ઉછેરનો હિસ્સો પણ હોય છે. લગ્નની કંકોતરીમાં પરદાદા, દાદાથી માંડીને માતાપિતાનાં નામ હોંશે હોંશે લખવામાં આવે છે. છૂટાછેડાની કંકોતરીઓ મોકલવાનો રિવાજ શરૂ થાય તો આ તમામ નામ એમાં ફરી લખાવાં જોઈએ.

જે વ્યક્તિ તમારા માટે લવેબલ હોય તે વ્યક્તિ તમારા માટે મૅરેજેબલ હોઈ શકે. ન પણ હોય. હોય જ એ જરૂરી નથી. પણ પ્રેમમાં પડ્યા પછી આવો વિચાર નથી આવતો. આવે છે ત્યારે, માત્ર સ્થૂળ કારણોસર સામેની વ્યક્તિમાં લગ્નની પાત્રતા નથી એવું માની લેવામાં આવે છે. આ સ્થૂળ કારણો એટલે કુટુંબની પૈસાપાત્રતા, સંયુક્ત કુટુંબ છે કે વિભક્ત, પરધર્મી છે કે સ્વધર્મી કે પછી નાતના છે કે પરનાતના ઇત્યાદિ.

પ્રેમી કે પ્રિયતમા તરીકે સોમાંથી સો ગુણ આપી શકો એવી વ્યક્તિને પતિ કે પત્ની તરીકે પાંત્રીસ માર્ક્સ પણ ન મળે એવું બને. શક્ય છે કે આ જ બે યુવાન-યુવતી એકબીજાની સાથે પરણવાને બદલે પોતપોતાની રીતે અલગ વ્યક્તિ શોધીને પરણી જાય તો એમને પતિ કે પત્ની તરીકેના રોલ માટે એટલા જ ઉત્તમ ગુણ મળી શકે, જેટલા તેઓ સાથે હતાં ત્યારે એકબીજાના પ્રેમી તરીકે મેળવતાં હતાં.

જેને પ્રેમ કરતા હોઈએ એની જ સાથે પરણવું જોઈએ (અથવા તો એની સાથે પરણવું જ જોઈએ) એવી માન્યતાના પાયામાં વિચાર એ છે કે રોમાન્સની કે પ્રેમની પરાકાષ્ઠા હંમેશાં લગ્ન જ હોય, લગ્ન સુધી ન પહોંચી શકેલો પ્રણય નિષ્ફળ જ હોય અને પ્રેમની સંપૂર્ણતા એના લગ્નીકરણમાં જ છે. આ બધી માન્યતાઓ વ્યક્તિને દુ:ખી કરનારી છે.

આવી માન્યતાઓ અનાયાસે સર્જાતી ગઈ અને પુસ્તકો, ફિલ્મટીવી, આસપાસની વ્યક્તિઓ તથા વાતાવરણ દ્વારા બાળ કે કિશોરના મનમાં ઘર કરતી ગઈ. આને તોડવાનું કામ માબાપ, વડીલો કે મિત્રો કરી શકે અને કિશોરમાંથી યુવાન બનીને મિડલ એજ તરફ આગળ વધતી વ્યક્તિ પોતે કરી શકે –

ભવિષ્યમાં પોતાનાં બાળકોને આ વિશે સમજણ આપીને.

3. સંબંધેતર લગ્નોનું ત્રીજું કારણ. લગ્ન પછી બે વ્યક્તિઓ સંબંધના આ બદલાયેલા સ્વરૂપને ઓળખી શકતી નથી. ઓળખી નથી શકતી એટલે આ બદલાયેલા સ્વરૂપને સ્વીકારી પણ નથી શકતી. લગ્ન પહેલાંનો પ્રેમ કે લગ્ન પહેલાંનો રોમાન્સ, લગ્ન પછી ગાયબ નથી થઈ જતો પણ એ પ્રેમનું કે રોમાન્સનું રૂપાંતર થઈ જતું હોય છે, એને કોઈક બીજું સ્વરૂપ મળી જતું હોય છે. આ રૂપાંતરણ બીજમાંથી ઊગેલા છોડ જેવું કે બરફ ઓગળી ગયા પછીના જળ જેવું છે જે કોઈ પારખી શકતું નથી. જે પારખી શકે છે તેને વૃક્ષ કે જળ મળી ગયા પછી પણ પેલા મૂળ સ્વરૂપનો, બીજ અને બરફનો, અભાવ ખટકતો રહે છે.

લગ્ન પછી થતી રૂપાંતરણની પ્રક્રિયા અટકાવવી અશક્ય છે, અસ્વાભાવિક એટલે કે અનનૅચરલ પણ છે. સંબંધના બદલાયેલા આ સ્વરૂપને પારખીને એને સ્વીકારવા માટે સજાગતા જોઈએ. એ સજાગતા ત્યારે આવે, જ્યારે વ્યક્તિને ખ્યાલ આવે કે લગ્ન પહેલાં ગુલાબનું ફૂલ આપીને થતી રોમાન્સની લાગણીને જાળવી રાખવા લગ્ન પછી પણ ગુલાબનાં ફૂલ આપ્યા કરવાની જરૂર નથી. બીજી અનેક રીતોએ એવી લાગણી સર્જી શકાય, એવું માનસિક વાતાવરણ સર્જી શકાય. આવી રીતો વિશે માત્ર ભૌતિક દૃષ્ટિએ વિચાર કર્યા કરવાથી અટવાઈ જઈશું. ફૂલને બદલે ચૉકલેટ કે કોઈ સ્થૂળ ભેટ જેવા વિકલ્પો વિશે વિચારવાને બદલે વિકલ્પરૂપે બીજું શું હોઈ શકે એવા મંથનમાંથી ઘણું બધું નીપજી શકે.

લગ્નદિવસની જ જયંતીઓ ઊજવવાને બદલે બીજા કયા કયા દિવસોની ઍનિવર્સરીઓ ઊજવાઈ શકે? આવી જયંતીઓ ઊજવવા માટે રેસ્ટોરાંમાં જઈને ડિનર લેવાને બદલે કે નવા ડ્રેસની ભેટ આપવાને બદલે બીજું શું શું થઈ શકે? આ બધી શક્યતાઓ વિશે બેઉ વ્યક્તિએ એકલા મળીને વિચારવાનું હોય અને એ બેઉએ જ એનું અમલીકરણ કરવાનું હોય. ખૂબ બધા લોકોને એમાં ભેગા કરવાના ન હોય કે પોતે શું શું કર્યું એ વિશે ઢંઢેરા પણ પીટવાના હોય.

લગ્ન તથા લગ્નજીવન જેવી અંગત બાબતને સામાજિક સ્વરૂપ આપી દેવાથી અનેક પ્રશ્નો સર્જાયા છે. એમાં જેટલું અંગતપણું સચવાઈ શકે એટલું સારું. લગ્નની ઘટનાને સામાજિક સ્વરૂપ અપાયા પછી લગ્નના વિસર્જન જેવી ઘટનાને પણ તમે અંગત રાખી શકતા નથી. છૂટાછેડા વ્યક્તિગત મામલો મટીને બૃહદ્ પરિવારનો અને આખા સમાજનો વિષય બની જવાથી ખૂબ બધા પ્રશ્નો ખુદ લગ્નજીવનમાં સર્જાતા રહે છે.

4. લગ્નમાં સલામતીનું વળગણ માણસને પરવશ બનાવી દે છે. એ સલામતી પૈસા સંબંધી હોય, શરીર સંબંધી હોય કે પછી લાગણી સંબંધી. સલામતીની ઇચ્છા ન રાખવી એટલે લાપરવાહી કે બેજવાબદારીથી વર્તન કરવું એવું નહીં.

પાછલી ઉંમરે પૈસા નહીં હોય તો શું થશે એવા ભયને કારણે અસલામતી અનુભવનારાઓ પૈસો કમાવવા શું શું કરે છે તે તમે જોયું છે. આની સામે, આર્થિક સલામતીના વળગણમાંથી મુક્ત થઈ જનારાઓની માનસિક નિરાંત પણ જોઈ છે. તેઓ પણ કમાય છે, પાછલી ઉંમરે કામ લાગે તે માટે બચત કરે છે છતાં એમની કમાણી ભયગ્રસ્ત માનસમાંથી નથી આવતી.

જેમના માથે જાનનું જોખમ હોય એવા ટોચના રાજકારણીઓથી માંડીને લશ્કર કે પોલીસના ઉચ્ચાધિકારીઓ કે ઉદ્યોગપતિઓ ઇત્યાદિ પોતાની સલામતી માટે લાપરવાહ બન્યા વિના અંગરક્ષકોનું સુરક્ષાવર્તુળ પોતાની આસપાસ રાખે છે. રાખવું જ જોઈએ. પરંતુ સતત ચોવીસ કલાક તેઓ વિચાર્યા કરે કે માથે મોત ભમે છે તો તેઓ પોતાનું કામ કેવી રીતે કરશે. પાયાની સુરક્ષાવ્યવસ્થા કર્યા પછી તેઓએ માનસિક નિશ્ચિંતતા કેળવવી જ પડે, અસલામતીનો ખ્યાલ મનમાંથી કાઢી નાખવો પડે.

લાગણીના સંબંધમાં સલામતી પ્રવેશ્યા પછી એની પાછળ પાછળ બેદરકારી ચૂપચાપ આવી જાય છે.

લગ્ન દરેક સંબંધ પર સલામતીની મહોર મારી આપે છે. પ્રેમીમાંથી પતિ બની ગયેલો પુરુષ સલામતી અનુભવતો થઈ જાય છે. પત્ની પોતાને છોડીને બીજાની પાસે જવાની નથી એવી સલામતી અનુભવતો થઈ જાય છે. શી લવ્ઝ મી, શી લવ્ઝ મી નોટવાળો ગાળો હવે પૂરો થઈ ગયો એવું એને લાગવા માંડે છે. લગ્ન થઈ ગયાં એટલે ખાતરી થઈ ગઈ કે શી લવ્ઝ મી.

આવું જ પ્રેમિકામાંથી પત્ની બની ગયેલી સ્ત્રીના કિસ્સામાં બને છે. પતિ પોતાનો જ છે. જઈ જઈને હવે એ ક્યાં જશે એવું વિચારતી પત્નીના જીવનમાં બેદરકારીનો પ્રવેશ થાય છે. અંગ્રેજીમાં જેને ટેકન ફૉર ગ્રાન્ટેડ ઍટિટ્યૂડ કહે છે એવું વર્તન પતિ-પત્ની એકબીજાં માટે કરતાં થઈ જાય છે. એકબીજાં માટેની કાળજી કદાચ ઓછી નથી થતી, પરંતુ પોતાને બીજાની કાળજી છે એવી ભાવના પ્રગટ કરતું વર્તન ઓછું થતું જાય છે, વખત જતાં બંધ થઈ જાય છે.

સંબંધમાં સલામતી ક્યાં અને કઈ રીતે ખતરારૂપ બને છે તે સમજવા માટે આટલી લાંબી પ્રસ્તાવના. સંબંધેતર લગ્નોનું ચોથું કારણ આ જ: લગ્ન પછી પ્રવેશી જતી સલામતીની ભાવના. અથવા તો કહો કે એ સલામતીના પગલે પગલે આવી જતી એકબીજા પ્રત્યેની બેદરકારીભરી વર્તણૂક.

લગ્ન અગાઉના ગાળામાં સામેની વ્યક્તિને પસંદ પડે તે માટે સુઘડ તથા આકર્ષક કપડાં પહેરવાની ભૌતિક કાળજીથી માંડીને એને ખુશ રાખવા માટે થતી પોતાના વિચારો-આગ્રહો સાથેની બાંધછોડ પાછળ અસલામતીની ભાવના હોય છે. સામેની વ્યક્તિને ગમતું વર્તન ન થવાથી પોતે એના મનમાંથી ઊતરી જશે, એનો પ્રેમ મળતો અટકી જશે, એ કોઈક ત્રીજી વ્યક્તિને શોધી લેશે એવી અસલામતીને તમે સાત્ત્વિક કે મધુર અસલામતી કહી શકો. અસલામતીનો આ પ્રકાર લગ્ન પછી પણ જીવનમાં હાજરી પુરાવતો રહે તો લગ્ન જીવંત રહે, એમાંથી સંબંધની બાદબાકી થવાની શક્યતા ઓછી હોય.

આને બદલે લગ્ન પછી બને છે ઊલટું. મારે જે કરવું છે તે કરીશ, એને ગમે કે ના ગમે તે એનો પ્રશ્ન છે: આવી મનોદશા લગ્નને બહુ ઝડપથી મૃત:પ્રાય બનાવવા ભણી દોરી જાય છે. લગ્નની સલામતી જેને કારણે પ્રાપ્ત થઈ છે તેમાંનાં જ કેટલાંક કારણો (એકબીજા માટેની સતત કાળજી, સામેની વ્યક્તિને પોતાની વર્તણૂક ગમે તે માટે લેવાતી સંભાળ) ઓસરી જાય ત્યારે લગ્ન ઉષ્માભર્યા સંબંધથી વેગળું બની જાય છે. આવું ન બને તે માટે લગ્નમાં કૃત્રિમ અસલામતી તો ન જ ઊભી કરી શકાય. છૂટા પડવાની ધમકી કે કોઈ ત્રીજી વ્યક્તિ સાથે સંબંધ બાંધવાની ધમકી પણ ન અપાય. પરંતુ લગ્ન પહેલાં અસલામતીને દૂર કરવા માટે જે કાળજીઓ લેવાતી હતી તે લઈ શકાય.

5 સંબંધેતર લગ્નોનાં પાંચ કારણોમાંનું પાંચમું કારણ, બાળકો. બાળકના જન્મ પછી સ્ત્રીનું જીવન માતૃત્વકેન્દ્રી બની જાય છે. તે પત્ની મટી ફુલટાઇમ માતા બની જાય છે. એ ભૂલી જાય છે કે સારી પત્ની જ સારી માતા બની શકે.

બાળકના જન્મ પછી પતિ પણ, લગ્ન કરવા પાછળનું એક ઘણું મોટું લક્ષ્ય સિદ્ધ કરી નાખ્યાનો સંતોષ લઈને, પતિ તરીકેના પોતાના પાત્રને વિદાય આપી કામધંધાને કે અન્ય પ્રવૃત્તિઓને વધુ મહત્ત્વ આપતો થઈ જાય છે. પત્નીને ફુલટાઇમ માતા બનેલી જોઈ પોતે પણ પિતાના રોલમાં ગોઠવાઈ જવાની કોશિશ કરે છે. બેઉના જીવનનું કેન્દ્ર સંતાનોનો ઉછેર બની જાય છે.

તેઓ સમજતાં નથી કે અત્યાર સુધી બેઉ એકબીજાને પોતાના જીવનનું કેન્દ્ર માનતાં રહ્યાં એ પણ એમની ભૂલ જ હતી. બીજાઓને પોતાના જીવનનું કેન્દ્ર માનતા રહેવાથી જીવનનું ફોકસ સતત બદલાતું રહે છે. બાળકો મોટાં થઈ ગયાં પછી, સ્વતંત્ર બની ગયાં પછી, માબાપનાં જીવનનાં કેન્દ્ર રહેતાં નથી, રહેવાં જોઈએ પણ નહીં. સંતાન મોટું થઈને તેની જિંદગી જીવવા લાગે ત્યારે માબાપને પોતાનું અસ્તિત્વ કેન્દ્ર વિનાનું લાગવા માંડે છે.

વ્યક્તિના જીવનનું કેન્દ્ર વ્યક્તિ પોતે જ હોઈ શકે. ગમે તેવી પરિસ્થિતિમાં કેન્દ્રવિહોણા હોવાની લાચારી ન અનુભવવી હોય તો આમ થવું જરૂરી છે. આવું થાય તો જ માણસ પોતે સ્વતંત્રતા અનુભવી શકે અને પોતાની નિકટની વ્યક્તિને – પતિ-પત્ની, પ્રેમી-પ્રિયતમા કે સંતાનને – પરતંત્ર બનાવવાના પાપમાંથી ઊગરી જઈ શકે.

બાળકોને કારણે જ પતિ-પત્ની વચ્ચેનો સંબંધ ટકી રહેશે અથવા વધુ મજબૂત બનશે એવું માનનારાં યુગલો કે એમનાં સ્વજનો એ યુગલના પતિ-પત્ની તરીકેના સંબંધને તેમ જ બાળકોના અસ્તિત્વને – બેઉને ઓછાં આંકે છે. પતિ-પત્નીનો સંબંધ બાળકોને કારણે ટકી રહેતો હોત કે વધુ મજબૂત બનતો હોત તો સમાજમાં આજે જોવા મળે છે એવાં અસંખ્ય નિ:સંતાન પતિ-પત્નીનું આદર્શ લગ્નજીવન જોવા મળતું ન હોત અને સંતાનો ધરાવતા દરેક યુગલનું લગ્નજીવન આદર્શ લગ્નજીવન બની ગયું હોત.

લગ્નજીવનની ગુણવત્તા કે આવરદા વધારવા બાળકોનો પ્યાદાં તરીકે ઉપયોગ કરવો તે બાળકોના અસ્તિત્વના અપમાન બરાબર છે. દરેક વ્યક્તિને પોતાનું એક વર્તુળ છે જેનું કેન્દ્ર તે પોતે જ છે. પતિને એનું અને પત્નીને પણ એનું પોતાનું એક વર્તુળ છે. બાળકોને એમનાં પોતપોતાનાં વર્તુળ છે. કુટુંબજીવનમાં આવાં વર્તુળો એકબીજાની નજીક આવીને જ્યાં જેટલાં એકબીજાને ઢાંકે છે તેટલી જગ્યા એ સૌની સહિયારી જગ્યા બની જાય છે. આ સહિયારી જગ્યામાં રહેવાનો માનસિક-ભૌતિક આનંદ અવર્ણનીય છે અને એ જ રીતે બાકી રહી ગયેલી વ્યક્તિગત જગ્યાની સ્વતંત્ર માલિકી ભોગવવાનો આનંદ પણ અલૌકિક છે.

લગ્નેતર સંબંધો ન જન્મે અને એ માટેની પૂર્વશરતરૂપે સંબંધેતર લગ્નો ન સર્જાય એવી પરિસ્થિતિ ક્યારે શક્ય બને? સંબંધેતર લગ્ન ન સર્જાય એની તકેદારી લેવા માટે સાત મુદ્દા છે. ચાહો તો એને સપ્તપદી કહી શકો, ચાહો તો એને કુન્દનિકાબહેન કાપડીઆને [illegible] સાત પગલાં આકાશમાં કહી શકો. હકીકતમાં, આ સાત મુદ્દાઓ એ સાત રંગ છે જે પ્રસન્ન દાંપત્યનું, પ્રસન્ન સહજીવનનું વાસ્તવિક ઇન્દ્રધનુષ રચે છે. આવાં મેઘધનુષોનું સર્જન ઈશ્વરની ઇજારાશાહી નથી.

પતિ-પત્નીને એકબીજાના ગળાડૂબ પ્રેમમાં જોઈને લોકોને આશ્ચર્ય થતું હોય છે, ક્યારેક દેખાડો લાગતો હોય છે અને ક્યારેક એ ખરેખર દેખાડો જ હોય છે. પણ સમાજમાં એવાંય પ્રસન્ન દંપતીઓ છે જેઓ લગ્ન થયાંનાં વર્ષો પછી પણ એકબીજાનાં સાંનિધ્યમાં રહેવાની ઉત્કટ ઝંખના ધરાવતાં હોય, જેઓ કોઈ સામાજિક જવાબદારી કે કૌટુંબિક બંધનના કારણે નહીં પરંતુ એકબીજા માટેના સો ટચના પ્રેમને કારણે લગ્નજીવન કે સહજીવન ગાળતાં હોય. આવા જીવનની એમણે અગાઉથી આશા રાખી હોય છે અને એ આશાના પરિણામને ઉછેરવામાં એમણે સભાનતાપૂર્વક કાળજી દેખાડી હોય છે.

વર્ષો વીતતાં સભાનતાનું સ્થાન સાહજિકતા લઈ લે છે. ખરાબ વર્તણૂક, ખરાબ વિચારો કે ખરાબ માનસિકતા વારંવારના પુનરાવર્તનના અંતે ગંદી કુટેવોમાં પરિણમે એ જ રીતે સારું વર્તન, સારા વિચારો અને ખુલ્લી મનોદશા રાખવાની પ્રક્રિયાનું પુનરાવર્તન થતું રહે ત્યારે એ સુંદર આદતમાં પરિણમે. સંસ્કારો આ જ રીતે જન્મતા હોય છે, પાંગરતા હોય છે.

એક વાત સ્પષ્ટ છે કે લગ્નની પ્રથા, તેની મર્યાદાઓ છતાં, મોટાભાગનાં સ્ત્રીપુરુષો માટે સહજીવન ગાળવા માટેની એક ઉત્તમ વ્યવસ્થા છે. લગ્નજીવનમાં પડતી તિરાડો માટેનું મુખ્ય કારણ લગ્નપ્રથા નહીં, એ લગ્ન સાથે સંકળાયેલી બે વ્યક્તિઓ હોય છે. બીજું કારણ લગ્નનું અંગતપણું નામશેષ કરી નાખનારી આપણી સમાજવ્યવસ્થા છે.

સંબંધેતર લગ્ન ટાળવા શું કરવું અથવા તો લગ્નજીવન જીવંત રહે, હર્યુંભર્યું રહે એ માટે કેવી તકેદારી લેવી? આ પ્રશ્નનો જવાબ મેળવતાં પહેલાં સમજવું પડે કે લગ્ન જ નહીં, કોઈ પણ સંબંધ સાચવવા માટે

આટલી તકેદારી લેવી પડે, લગ્નેતર સંબંધ સાચવવો હોય તો પણ. અન્યથા એની પણ જીવંતતા ઓછી થઈ જાય અને વખત જતાં એ પણ મૃતઃપ્રાય બની જાયઃ

પહેલી વાતઃ કોઈ પણ નવા સંબંધના પ્રાથમિક તબક્કે વ્યક્તિએ પોતાની સાથે અને સામેની વ્યક્તિ સાથે ચાર બાબતોની સ્પષ્ટતાઓ કરીને ચાર યાદી તૈયાર કરી લેવી જોઈએ. પછી એ યાદીને સમયાંતરે જોતાં રહી તપાસવું જોઈએ કે નક્કી કરેલામાંથી શું બની રહ્યું છે, કેવું બની રહ્યું છે અને શું નથી બની રહ્યું, શા માટે નથી બની રહ્યું. આ ચાર પેટામુદ્દાઓમાંનો પહેલો એ કે આ સંબંધમાં આપણે ભૌતિક સ્તરે શું શું કરવું છે. યાદીની શરૂઆત ફરવા જવાના સ્થળથી થઈ શકે અને તેનો વ્યાપ અનેક ક્ષેત્રો સુધી પહોંચી શકે. બીજો પેટામુદ્દોઃ ભૌતિક સ્તરે શું શું નથી જ કરવું એની પણ યાદી તૈયારી કરવાની. પત્નીની માસીની નણંદની પડોશીને ત્યાં લગ્ન હોય તો રૂબરૂ આવીને કંકોતરી આપી હોવા છતાં નથી જવું. ત્રીજો પેટામુદ્દોઃ અભૌતિક સ્તરે શું શું નથી કરવું. ચોરીના માલની કે કોઈને છેતરીને કરેલી કમાણીમાંથી ઘર નથી ચલાવવું. આ વિષયની યાદી પણ એટલી જ વ્યાપક બની શકે. અને ચોથો પેટામુદ્દો અભૌતિક સ્તરે શું શું કરવું છે તેનો. એમાં જીવનના કયા વિચારોને વ્યવસ્થિત ઉછેરવા છે એ અંગેની યાદી તૈયાર થાય. આ ચાર મુદ્દા સંબંધોને મળનારા આકારનો નકશો છે.

બીજી વાતઃ બેઉ વ્યક્તિએ એકબીજાની નિકટ રહેવા એકબીજાની વચ્ચે ભરપૂર અવકાશયુક્ત જગ્યા રાખવી પડે. બંધિયાર વાતાવરણમાં ન વ્યક્તિ ખીલી શકે, ન સંબંધ વિકસી શકે. દરેક વ્યક્તિએ સામેની વ્યક્તિને બંધનમાં નાખ્યા વિના એના વ્યક્તિત્વને વિકસવા માટે બને એટલી વધુ મોકળાશ કરી આપવી જોઈએ અને પહેલેથી જ એવું થઈ ગયું હોય તો લખનારનાં અભિનંદન સ્વીકારીને એક વિનંતી માન્ય રાખશો કે ભવિષ્યમાં કંઈ પણ થાય, સામેની વ્યક્તિની પાંખો કાપી લેવાની કુચેષ્ટા નહીં કરતા. સામેની વ્યક્તિ જેટલી ખીલશે એટલો આનંદ તમારો વધશે.

ત્રીજી વાતઃ સંબંધમાં કે લગ્નજીવનમાં બેઉ વ્યક્તિઓ પાસે ખૂબ બધા રસના વિષયો હોવા જોઈએ. મીરાંના ભજનથી માંડીને ઍન્ટિક્વિટીના ચાર કડક પેગ સુધીના આનંદો ભરપૂર પ્રામાણિકતાથી માણી શકાય એવી રેન્જ માણસમાં જોઈએ. આમાંથી બે-ચાર વધુ ગમતા વિષયો હોય અને એકાદ એવો વિષય હોય જેમાં કાયમ રચ્યાપચ્યા રહેવાનું મન થાય. મુગ્ધાવસ્થાથી માંડીને પ્રૌઢ અવસ્થા સુધીની વિચારશ્રેણીઓ એક જ વ્યક્તિમાં હોઈ શકે. આવી વ્યક્તિઓ એકબીજાની સાથે રહેતી થાય ત્યારે ખરેખર સ્વર્ગ રચાય.

ચોથી વાતઃ ઉત્તમ સંબંધ એ છે જે તમારામાં રહેલી ઉત્તમ બાબતોને બહાર લાવે. માણસમાં રહેલી નકામી વસ્તુઓનો ધીમે ધીમે નાશ કરી નાખે. જેની હાજરીમાં તમે તમારા પોતાના પ્રેમમાં પડી શકો એવી વ્યક્તિ તમારા માટે ઉત્તમ. ક્યારેક લાગે કે તમારામાં રહેલાં આ જ બધાં સુલક્ષણો પ્રત્યે હજુ સુધી તમારું પોતાનું જ ધ્યાન કેમ નહોતું ગયું.

પાંચમી વાતઃ દોષ દરેકમાં હોય. એ પોતાના હોય ત્યારે એને સુધારવાના અને બીજાના હોય ત્યારે એને સમજવાના. દરેક સંબંધ એક પૅકેજ ડીલ છે. બધું જ એકસાથે તમને મળે છે. કશુંક ન જોઈતું હોય તો બદલી શકાતું નથી. માટે બદલાવવાની કોશિશ કરવાને બદલે એને સામેથી બદલવાની પ્રેરણા થાય એવું પ્રસન્ન વાતાવરણ સર્જી આપવું. શક્ય છે કે એણે પોતે અમુક બાબતે બદલાવાનું ધાર્યું હોય પણ અત્યાર સુધી એવી તક ન મળી હોય. દબાણ કરવાને બદલે કે ફરજ પાડવાને બદલે માત્ર આવી તક પૂરી પાડવાથી ધાર્યું કામ થઈ જતું હોય છે.

પોતાની અને સામેની વ્યક્તિની સારી બાજુઓ માટે મનોમન ગૌરવ લેવાથી અને દોષો પ્રત્યે સભાનતા કેળવવાથી માણસ આત્મનિંદા કે આત્મદયાની મનોદશામાંથી બહાર નીકળી જાય. એકબીજાની સાથે નાનીમોટી વાતે સમાધાન કરવાની ક્ષણો આવે ત્યારે બીજા પર ઉપકાર કરતા હોઈએ એવી ભાવના જતાવવાને બદલે એને કશાકની ભેટ આપી રહ્યા છીએ એવી ભાવના રાખવાથી સંબંધમાં કેટલો મોટો અને સુંદર તફાવત

પડી શકે એનો અનુભવ કરવો જોઈએ.

છઠ્ઠી વાતઃ સંબંધમાં જ્યારે તક મળે ત્યારે એ સંબંધની દરેક ક્ષણ માણી લેવી. આવા સમયે ભૂતકાળને વાગોળવો નહીં કે ભવિષ્યનાં સપનાં કે પછી કાલ્પનિક ભય જોવાં નહીં. એ જ ક્ષણને, વર્તમાનની એ જ પળને માણીને એમાંથી ભરપૂર આનંદ મેળવી લેવો. સંબંધો વર્તમાનમાં થતાં વ્યવહાર-વર્તણૂકને કારણે જ ઊછરે છે. ભવિષ્યમાં શું બનશે ને શું નહીં તેનો ખ્યાલ જરૂર હોય પરંતુ વાદળો વરસતાં નથી ત્યાં સુધી નક્કી થઈ શકતું નથી કે એમાંથી જળાશય કેટલું છલકાશે. ભૂતકાળના રોમાંચો કે જખમો યાદ કરીને નૉસ્ટેલ્જિક બની જવાની મઝા છે. પણ એ મઝા લંબાતી રહે તો આજની ઘડી ચૂકી જવાય, વર્તમાનની મઝા લેવાનું રહી જાય. આવું થાય તો ભવિષ્યમાં તમને હંમેશાં વાસી ભૂતકાળ જ મળે. ઝાકળતાજા ભૂતકાળની મઝા લેવા વર્તમાનને જ હર્યોભર્યો બનાવવો પડે.

સાતમી અને છેલ્લી વાતઃ બધું જ વિચાર્યા પછી, જો અંતે એવી પ્રતીતિ થવા માંડે કે હ્યુ પ્રેધર નામના અમેરિકન લેખકે સાચું કહ્યું હતું કે 'કેટલાક સંબંધનું મૂલ્ય એને જાળવવા માટે કરવા પડતાં સમાધાનો જેટલું હોતું નથી', તો એના વિશે ગંભીરતાપૂર્વક વિચાર કરવો. અંગત સંબંધ માણસ પોતાના માટે બાંધે છે, માબાપ-કુટુંબીઓ કે સમાજનું ભલું કરવા નહીં. આવા અંગત સંબંધને માણસે છોડવો હોય તો તેમાં પોતાનો જ વિચાર કરવાનો હોય. માબાપ શું કહેશે, પડોશીઓ શું બોલશે કે મિત્રો કેવી કૂથલી કરશે કે સમાજમાં-જ્ઞાતિમાં કેવું દેખાશે તે વિશે વિચારવાનું ન હોય. જે મૃત હોય તેના અંતિમ સંસ્કાર વહેલામાં વહેલી તકે કરી નાખવા પડે.

* * *

ત્રાજવાનો કાંટો બરાબર મધ્યમાં આવે અને બેઉ પલ્લાં સમતોલ રહે એવું દાંપત્યજીવન અશક્ય છે અને શક્ય હોય તો પણ અનિચ્છનીય છે, કારણકે સમતુલા સાધવાના પ્રયત્નોમાં વહેલીમોડી કૃત્રિમતા ભળી જતી હોય છે.

લગ્નજીવનમાં સતત રોમાન્સ શોધતાં પતિપત્નીને ટૂંક સમયમાં જ ગૃહસ્થી શુષ્ક લાગવા માંડે છે અને લગ્ન પછીનું જીવન એમના માટે એક રૂટિન, એક કંટાળો બની જાય છે. પણ જો એટલી સમજ પહેલેથી જ કેળવી હોય કે લગ્નપૂર્વેનાં વર્ષોના રોમાન્સનું આ એક્સટેન્શન નથી તો લગ્નજીવન સાથે સંકળાયેલી ઘણી બધી ગૂંચ આપોઆપ ઊકલી જતી દેખાય. રોમાન્સનો તબક્કો પૂરો થયા પછી કૌટુંબિક જીવનની હૂંફનો, ગૃહસ્થીનો તબક્કો શરૂ થાય છે જે જીવનનો વધુ એક શુભ અને ખૂબસૂરત વળાંક છે.

લગ્નનો એક બહુ મોટો દોષ છે અંગત જીવનનો લોપ. પતિપત્ની એકબીજાના માનસિક અને અંગત વિશ્વનો આદર કરતાં થાય તો જ બેઉને એકબીજાના સહારે વિકસવાની તક મળે. અન્યથા બેઉનું વ્યક્તિત્વ ગૂંગળામણને કારણે વિકસતું અટકી જાય, અકાળે મૂરઝાઈ જાય. જેનામાં કોઈ નવું મૂળ, કોઈ નવી ડાળ કે નવું ફૂલ ફૂટતાં નથી એવું મરી ગયેલું ઝાડ વર્ષો સુધી એની એ જગ્યાએ ઠૂંઠાની જેમ ઊભું રહે એમ બે વ્યક્તિઓ ઠૂંઠાની જેમ એકબીજાની સાથે વર્ષો સુધી રહેતી હોય તો એમાં વાંક એ બેઉ વ્યક્તિઓનો છે. ગૂંગળામણ અનુભવી રહેલાં વ્યક્તિત્વોએ પોતાનો ઑક્સિજન પોતાની મેળે શોધી લેવાનો હોય, બીજાઓ ઑક્સિજનનો બાટલો સૂંઘાડવા આવે તેવી આશા ન રખાય.

પ્રસન્નતા અને સંતોષને બદલે અનેક લોકોના લગ્નજીવનમાં સતત અભાવ અને અધૂરાપણાનો સૂર સંભળાતો રહે છે. આવા લોકોએ હાઇ-વેના ટ્રક ડ્રાઇવરો પાસેથી કંઈક શીખવાનું છે. તેઓ ટ્રકની પાછળ જે સૂત્રો લખે છે એમાંનું એક હોય છેઃ અપની ઔકાત મત ભૂલો.

જેઓ પોતાની લાયકાત, પોતાની પાત્રતા ભૂલી જાય છે તેઓ લગ્નજીવનમાં જ નહીં, જીવનનાં તમામ પાસાંઓમાં અભાવગ્રસ્ત મનોદશા અનુભવતા હોય છે. માણસ પોતાની જાતને તટસ્થ બનીને મૂલવે અને

પોતાના જીવનના જમા-ઉધારનો ચોપડો અપડેટ કરતો રહે તો એને પ્રતીતિ થયા વિના નહીં રહે કે સરવાળે પોતાને જે કંઈ મળ્યું છે તે પાત્રતા કરતાં ઘણું વધારે મળ્યું છે, અને જે નથી મળ્યું એના માટે બીજું કોઈ જવાબદાર નથી.

સારું દાંપત્યજીવન આપમેળે નથી સર્જાતું. એ માટે મહેનત કરવી પડે. પોતાના પતિમાં કે પોતાની પત્નીમાં જે કંઈ ખામીઓ દેખાઈ રહી છે તે ન હોત તો લગ્નજીવન બહેતર હોત એવા નિસાસાઓ નાખીને બેસી ન રહેવાય. આ એક સંબંધ એવો છે જેમાં બીજાની ખામીનો ખાંચો દેખાય તો પોતાના વ્યક્તિત્વને ઊંચે ઉઠાવી એ ખાંચો પૂરી દેવાનો હોય.

સાથે રહેવાની આદત થઈ ગયા પછી એકબીજા પ્રત્યેનો આદર વ્યક્ત કરવાનું ભાગ્યે જ સૂઝતું હોય છે. બીજી વ્યક્તિ પોતાના જીવનમાં કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે, એના થકી શું શું જીવનમાં મળી રહ્યું છે અને એ ન હોત તો જીવનમાં શું શું ન હોત એવું સતત વિચાર્યા કરવાથી એ વ્યક્તિ પ્રત્યે ઊંડા અંતરથી આદર વ્યક્ત કરી શકાય. એકબીજાને સતત ધૂત્કારતાં અને વારેવારે હડધૂત કરતાં બે જણનાં લગ્નજીવનમાં અપમાનિત થનાર વ્યક્તિ કરતાં વધુ દુઃખી અપમાન કરનાર થાય છે. પોતાના આ વર્તનનો સંતાપ એણે આજીવન ભોગવવો પડે છે.

લગ્નને સૌથી વધુ બંધિયાર બનાવે છે એમાં રહેલું ફરજિયાતપણું. આ એક કુદરતી વિચિત્રતા છે કે આર્થિક-સામાજિક તથા લાગણીની સલામતી માટે સર્જાયેલા લગ્નમાં સંબંધના કાયમીપણામાં રહેલી નિશ્ચિતતા જ બંધિયારપણું અને લાપરવાહી જન્માવે છે.

લગ્નને માણસના જીવનનો સૌથી મહત્ત્વનો દિવસ બનાવી દેવામાં આવ્યો હોવાથી પરિણીત જીવન માટેની વ્યક્તિની અપેક્ષા ખૂબ મોટી હોય છે. કલ્પનાની આ દુનિયા અવાસ્તવિક હોય છે. હકીકતની જિંદગી જરાક જ નહીં, ઘણી બધી જુદી છે એની સૌ પ્રથમ પ્રતીતિ વાસ્તવિકતાના મોટા આંચકાથી ઓછી નથી હોતી.

કલ્પનાથી ઘણા અલગ એવા લગ્નજીવન સાથે વ્યક્તિ ગોઠવાઈ શકતી નથી ત્યારે વિસંવાદ સર્જાય છે. આવા વિસંવાદો વખતે કુટુંબીજનો, સગાંવહાલાં ઇત્યાદિને જોણું થાય છે. ગામડાહ્યાઓ સલાહ આપવા આવી જાય છે. કોઈકના સંસારમાં આગ લાગે ત્યારે બાલદી પાણી લઈને આવવાને બદલે લોકો શુભેચ્છાને નામે ચમચી ચમચી શુદ્ધ ઘી લાવે છે અને તાપણામાં હાથ શેકીને ઠંડી ઉડાડે છે.

લગ્નને સૌથી મોટો કૌટુંબિક અને સામાજિક અવસર બનાવી દેવામાં આવ્યો હોવાથી કુટુંબ અને સમાજના દરેક સભ્યને લાગે છે કે જે લગ્નમાં પોતે ચાંલ્લો આપીને આવ્યા છે એ લગ્નમાં દખલગીરી કરવાનો હક પોતાને મળી ગયો છે. લગ્નની ઘટનાને બે વ્યક્તિની પરસ્પર જરૂરિયાતને બદલે સમાજવ્યવસ્થાનો એક ભાગ બનાવી દીધો હોવાથી એ તૂટે છે ત્યારે એની કરચો સમાજમાં પણ વેરાય છે. લગ્ન તૂટવાની ઘટના વખતે સામાજિક શોરબકોર એટલો થાય છે કે બે વ્યક્તિનાં ડૂસકાં ભાગ્યે જ કોઈ સાંભળી શકે છે.



અઢાર

સાથે રહેવાનાં કારણો ખૂટી પડતાં લાગે ત્યારે

પ્રેમ વિશેની મોટી મોટી વાતો અને બડી બડી કલ્પનાઓનો વ્યવહારની દુનિયામાં શા માટે કચ્ચરઘાણ થઈ જતો હશે? એવું થઈ ગયા પછી લોકો પોતાના ગાલે થપ્પડ મારી મારીને ગાલ લાલ રાખીને થાકી જાય ત્યારે તેઓ કરી શું શકે? રામનારાયણ વિશ્વનાથ પાઠકનું નામ નવી પેઢીના ગુજરાતીઓ માટે ઓછું જાણીતું હશે. રા. વિ. પાઠક ઉર્ફે નિબંધકાર 'સ્વૈરવિહારી' ઉર્ફે કવિ 'શેષ' ઉર્ફે વાર્તાકાર 'દ્વિરેફ'એ છેક 1934માં લખેલા એક નિબંધમાં કહ્યું હતું, 'પ્રયોજનમાંથી જીવનરસ બંધ પડતાં પ્રેમ બંધ પડતો જાય, તેમ જ તે પ્રયોજનને તે વ્યક્તિ તરફથી પોષણ મળતું બંધ થાય તો પ્રેમ બંધ થાય.'

હવે આનો અર્થ સમજીએ: માણસના પ્રેમની પાછળ કશુંક કારણ હોય છે. એ કારણ વિશે મોટા ભાગે એ પોતે પણ સભાન હોતો નથી. સામેની વ્યક્તિ માટે તમને જે કારણોસર આકર્ષણ થાય છે તે કારણો દૂર થઈ જાય કે મટી જાય ત્યારે એ આકર્ષણ પણ ઘટી જાય છે. આ આકર્ષણને પ્રેમનું નામ આપ્યું હોય એટલે તમને લાગે કે એ પ્રેમ હવે ઓછો થઈ ગયો. આવું થઈ ગયા પછી પણ બે વ્યક્તિઓ એકબીજાની સાથે રહેતી હોય છે, રહી શકતી હોય છે પણ પછી એ બંનેને જોડતી કડી પ્રેમને બદલે કોઈક બીજી જ હોવાની.

એક વ્યક્તિ બીજી વ્યક્તિને આઇ લવ યુ કહે છે ત્યારે એક અદૃશ્ય પૅકેજ ડીલની ઑફર થાય છે. આ ત્રણ શબ્દો કહીને એ જતાવવા માગે છે કે સામેની વ્યક્તિ પોતાને કેટલી ગમે છે, પોતે એની કાળજી લેશે, પોતે એને કટોકટીના વખતમાં સાથ આપશે, ગમે એવા કપરા સંજોગોમાં એની સાથે રહેશે. આના બદલામાં પોતે પણ એની પાસેથી આવી જ બધી લાગણીઓની અપેક્ષા રાખે છે. યાદ રાખજો કે આ પૅકેજ ડીલની ટર્મ્સ અને કન્ડિશન્સની ક્યારેય પ્રગટપણે ચર્ચા થઈ હોતી નથી કે ક્યારેય આ ઍગ્રીમેન્ટની ફાઇન પ્રિન્ટમાં શું લખાશે એની સ્પષ્ટતા થતી નથી. પ્રેમમાં જે મઝા છે તે કશુંય કહ્યા વિના બધું જ કહી દેવાની મઝા છે, મોઘમ રહેવાની મઝા છે. અને આ જ વાત મુસીબત પણ ઊભી કરે છે. સમય વીતતો જાય છે એટલે પોતાની અપેક્ષાઓ બીજી વ્યક્તિ દ્વારા સંતોષાતી નથી એવી લાગણી જન્મે છે. સામે પક્ષે બીજી વ્યક્તિ પણ એવી જ લાગણીથી પીડાયા કરે છે.

તમે એક ટીવી લાવો છો ત્યારે એની પાસેથી તમારી અપેક્ષા બિલકુલ સ્પષ્ટ હોય છે. અવાજ બરાબર સંભળાવો જોઈએ, ચિત્ર સુરેખ દેખાવું જોઈએ, રિમોટ ચાલવું જોઈએ વગેરે. આમાંની કોઈ અપેક્ષા ન સંતોષાય ત્યારે ઉત્પાદક કંપનીની ફરજ બને છે કે એ અભાવની પૂર્તિ કરી આપવી કારણ કે ગ્રાહક-ઉત્પાદક વચ્ચેના સોદાનો એ એક હિસ્સો છે – આફ્ટર સેલ્સ સર્વિસ.

પ્રેમમાં અપેક્ષાઓ પ્રગટપણે કહેવાઈ નથી હોતી એટલે એ અપેક્ષાઓ અધૂરી રહી જાય છે ત્યારે એની ફરિયાદો પણ પ્રગટપણે કહી શકાતી નથી. આવી ફરિયાદો, દુઃખે પેટ ને કૂટવામાં આવે માથુંની જેમ આડકતરી રીતે બહાર આવતી રહે છે, સામેની વ્યક્તિને વધુ ગૂંચવતી રહે છે.

પ્રેમ એક એવો શબ્દ છે જેની એક પણ વ્યાખ્યા સંપૂર્ણ ન હોઈ શકે. આપણને ગમી જાય એવી હોઈ શકે, આપણને સ્વીકાર્ય હોય એવી પણ હોઈ શકે પરંતુ જે ગમે કે સ્વીકાર્ય હોય એ વ્યાખ્યા સંપૂર્ણ જ હોય તે જરૂરી નથી. પ્રેમ એક ખૂબ જ લપસણો અને વ્યાખ્યાની સીમાઓમાંથી છટકી જવાનું લક્ષણ ધરાવતો શબ્દ છે. બે વ્યક્તિઓની પ્રેમ વિશેની સમજ એકબીજા સાથે બિલકુલ બંધબેસતી આવે એવું ન પણ બને. પ્રેમમાં ખરી

નિરાશા સંપૂર્ણતાઓનાં મખમલી ખ્વાબો જોયા કરવાને કારણે સાંપડે છે. પ્રેમમાં પડીને બધું જ મેળવી લેવાનાં સપનાં જોતાં આપણે, પોતાનું બધું જ આપી શકતા નથી. ક્યારેક આપવા માગતાં નથી તો ક્યારેક આપી શકવા અસમર્થ હોઈએ છીએ કે ક્યારેક આપવા માટે આપણી પાસે આપણી અધૂરપો સિવાય બીજું કશું જ હોતું નથી.

આનો ઉકેલ શું? જે કારણોસર પ્રેમ થયો હોય તે કારણો ઓસરી જતાં પ્રેમમાં પણ ઓટ આવી જતી લાગે ત્યારે શું કરવું. ઉકેલ જૂનો છે પણ આજેય પ્રસ્તુત છે. રામનારાયણ પાઠકના શબ્દોમાં: 'એક વૃત્તિનો પરિપાક થઈ બીજી ઉચ્ચતર વૃત્તિ ઉત્પન્ન ન થાય ત્યારે જીવનનો રસ ઓસરવા માંડે છે.'

જૂનાં કારણો પૂરાં થઈ જતાં લાગે ત્યારે નવાં કારણો ઉમેરાવાં જોઈએ પણ કમનસીબે મોટા ભાગે આ નવાં કારણો માત્ર સામાજિક કે કૌટુંબિક હોય છે. સામાજિક-કૌટુંબિક-આર્થિક કે એવાં ભૌતિક કારણો સિવાયનાં કારણો શોધી શકવાની આપણી પાત્રતા નથી કેળવાતી ત્યારે એકમેકની સાથે રહેવાનાં કારણો ખૂટી પડતાં લાગે છે.

ડોમ મોરાય્સ અને લીલા નાયડુ પોતપોતાનાં ક્ષેત્રનાં અગ્રણી નામ. પતિ-પત્ની તરીકે એક આદર્શ દંપતીની છબિ લાગે. એક જમાનામાં મુંબઈનાં બે ખમતીધર દૈનિકો, ટાઇમ્સ તથા એક્સપ્રેસના તંત્રીપદે, વારાફરતી રહી ચૂકેલા ટોચના પત્રકાર ફ્રેન્ક મોરાય્સના ડોમ પુત્ર. ઉંમર પાંસઠથી વધુ. પત્રકાર ડોમનું નામ પ્રથમ પંક્તિના ભારતીય અંગ્રેજી કવિઓમાં પણ ગણાય. લીલા નાયડુ એમના જમાનાનાં સૌથી સુંદર અભિનેત્રી. વાર્ધક્યને ઉંબરે પણ તેઓનું જાજરમાન વ્યક્તિત્વ જળવાઈ રહ્યું. જેમનું આદર્શ દામ્પત્યજીવન અત્યાર સુધી લાગતું હતું તે પતિ-પત્નીએ જીવનના સાતમા દાયકામાં પ્રવેશીને છૂટાછેડા લીધા.

લગ્નની ઔપચારિકતા પછી પ્રેમી-પ્રેમિકાનો સંબંધ પતિ-પત્નીમાં ફેરવાઈ જાય ત્યારે રોમાન્સ કેટલો વ્યવહારુ બની જાય એનો અનુભવ દરેક દંપતીને થયો છે. એક અન્ય પત્રકાર-કવિ પ્રીતીશ નાન્દીએ એક વખત કહ્યું હતું, 'જિંદગીમાં સૌથી સરસ એવી જે જે સ્ત્રીઓ સાથે મેળાપ થાય છે એમની સાથે ક્યારેય લગ્ન કરી શકાતાં નથી. અથવા તો કદાચ, ક્યારેય એની સાથે લગ્ન થવાનાં નથી હોતાં.' આવું શા માટે? 'કારણ કે એક વખત એ સ્ત્રી પત્ની બની જાય છે ત્યારે તમે જેને ચાહી હોય એના કરતાં એ તદ્દન જુદી જ સ્ત્રી બની જતી હોય છે,' આવું પ્રીતીશ નાન્દી કહે છે. સ્ત્રીને પણ પુરુષની બાબતમાં, પરણ્યા પછી આવો જ અહેસાસ થતો હશે? ખબર નથી.

ડોમ મોરાય્સે એક વખત કહ્યું હતું, 'આદર્શ ભારતીય સ્ત્રીની શોધ કરતી વખતે હું લીલામાં જે ગુણો છે તે જ શોધીશ.' આટલું કહ્યા પછી ડોમ મોરાય્સે ઉમેર્યું હતું: 'જોકે, હું ફરીથી પરણું એવી શક્યતા બિલકુલ નથી.'

કોઈકે કહ્યું છે કે દુનિયામાં પ્રેમ જેવું કશુંક ચોક્કસ હોવું જોઈએ, એ વિના કંઈ છૂટાછેડાના આટલા બધા કિસ્સા બનતા હશે! દિલ્હીની સાહિત્ય અકાદમીનો અવૉર્ડ અંગ્રેજીમાં કવિ ડોમ મોરાય્સને મળ્યો એ જ વર્ષે ગુજરાતીમાં એ અવૉર્ડ કવિ રમેશ પારેખને મળ્યો હતો. રમેશ પારેખના સન્માન સમારંભમાં કવિ સુરેશ દલાલે કહ્યું હતું કે લોકો પૂછે છે કે રમેશની કવિતામાં જે વારંવાર દેખા દે છે એ સોનલનું પાત્ર કોણ છે? સુરેશ દલાલે ઉમેર્યું હતું: 'આ સોનલ આપણા ગયા જનમનો ડૂમો છે, આ સોનલ આ જનમની અભિવ્યક્તિ છે અને આ સોનલ આવતા જનમનું આશ્વાસન છે.' જોકે, સુરેશભાઈએ એ પણ જણાવી દેવું જોઈતું હતું કે સોનલ પ્રિયતમામાંથી પત્ની બની જાય ત્યારે ગયા જનમનો કકળાટ, આ જનમનો કજિયો અને આવતા જનમનો કંકાસ બની જાય એ પણ શક્ય છે! કવિ શોભિત દેસાઈએ કહ્યું છે: 'જે વ્યક્તિની સાથે દરિયાની રેતી પર બેસીને આથમતા સૂર્યના રંગો નિહાળ્યા હોય એની સાથે રોજ સવારે ધોબીની ડાયરીમાંના હિસાબની ચર્ચા નથી થઈ શકતી.'

તો પછી લગ્ન કરવાં કે ન કરવાં? જોકે, આ વિકલ્પ માત્ર અપરિણીતો માટે જ છે, ભાવિ છૂટાછેડાધારકો

માટે નથી. મારી એક નમ્ર સલાહ છે કે લગ્ન કરીને દુ:ખી થવા કરતાં લગ્ન ન કરીને દુ:ખી થવું સારું અને લગ્ન ન કરીને સુખી થવા કરતાં લગ્ન કરીને સુખી થવું સારું.



ઓગણીસ

સંબંધોમાંથી વિશ્વાસ ઊઠી જવો એટલે જાત પરથી ભરોસો ચાલ્યો જવો

જાગીને જોઉં તો જગત દીસે નહીં. એક સંબંધ સર્જાય, એક આખું વિશ્વ રચાય અને કોઈક તબક્કે છૂટા પડવાનું આવે ત્યારે નરસિંહ મહેતા યાદ આવે. એક ભ્રમણામાંથી જાગ્યા હોઈએ એવી લાગણી થાય. ફરી નવો સંબંધ, ફરી એ જ અનુભવ. વ્યક્તિઓ બદલાય પણ સંવેદનો એનાં એ જ રહે. ઘાટ ઘડિયાં પછી નામરૂપ જૂજવાંની જેમ સોનું એનું એ જ રહે છે – ગમે એટલા એના ઘાટ ઘડો અને એ ઘાટને ગમે એ નામ આપો. ચોવીસ કૅરેટના સોના જેવા સંબંધો માણસને દુન્વયી બાબતોમાંથી ઊંચકીને આધ્યાત્મિકતાની ઊંચાઈ સુધી લઈ જઈ શકે.

માણસની દરેક પ્રવૃત્તિના કેન્દ્રમાં એક યા બીજા પ્રકારનો સંબંધ હોવાનો. એ સંબંધને કારણે એની પ્રવૃત્તિને એક ચોક્કસ વેગ મળવાનો. કેટલાક સંબંધો વિશે તમે બોલી નથી શકતા, વિચારી પણ નથી શકતા. વિચારવા જાઓ તો શાંત જળમાં કાંકરો પડ્યા પછી ડહોળાઈ જતું વાતાવરણ મનમાં સર્જાય. એવા સંબંધો વિશે વિચાર કરવાને બદલે એનાં અસ્ફુટ સંવેદનોનો મનથી અનુભવ કરતાં રહેવાનું હોય. પહાડ પરના ધુમ્મસમય ગામની એકાંત કેડીની બેઉ બાજુએ ઊભેલાં વૃક્ષો પાસેથી એ સંબંધોની વાતો સાંભળવાની હોય.

આ જગતમાં કશું જ છૂપું રહેતું નથી, ગોપિત રહેતું નથી. બધું જ ખુલ્લું જ થતું હોય છે. તમને કોણ ચાહે છે એની ખબર તમને આપોઆપ પડી જતી હોય છે. કોઈ ન કહે તો પણ આ વાત તમારાથી ખાનગી રહેતી નથી. તમને કોણ નથી ચાહતું એની પણ તમને ખબર પડી જતી હોય છે. સંબંધની બાબતમાં તમે લાંબા સમય સુધી ભ્રમમાં રહી શકતા નથી અને લાંબા સમય સુધી કોઈને ભ્રમમાં રાખી શકતા પણ નથી.

અત્યાર સુધી કેમ એવું કહેવાતું રહ્યું છે કે સંબંધોમાં ઘણું બધું ગૂઢ, અટપટું અને ન સમજાય એવું હોય છે? સંબંધ એટલે તો નરી સરળતા. એમાં ક્યારેય ગૂંચવણો કે કાવાદાવા કે ખરાખરીના ખેલ ન હોય. સરળતાપૂર્વક સંબંધનો આરંભ થાય, એ જ સરળતામાં એ મહાલે અને સંબંધનું આયુષ્ય પૂરું થાય તો સરળતાથી છૂટાં પડવાનું આવે. આમાં સરળતા સિવાયની બીજી કોઈ વાતને અવકાશ ક્યાં છે?

આક્રમકતા જેવી કોઈ ચીજ નથી હોતી અહીં. જે હોય છે તે બધું વાદળને થતા સ્પર્શ જેવું હોય છે. બોલકું કશું નથી હોતું અહીં. કોઈના કાનમાં વાત કહેતી વખતે અવાજના કેટલા ડેસિબલ્સ હોય? અહીં આંખો આંજી નાખતો પ્રકાશ નથી હોતો. કોઈ ચીજ અહીં કોથળાના કોથળા ભરીને નથી હોતી. દરેકનું પ્રમાણ કણમાં અને રજમાં ગણવું પડે. આછા પ્રકાશ, આછા ધ્વનિ અને આછા રંગોથી જે કૃતિ સર્જાય છે તે મનભરીને ક્યાંય સુધી જોતા રહીએ, સાંભળતા રહીએ એવી બને છે.

છૂટવું જરૂરી છે, સંબંધોમાં પણ. જરૂરી જ નહીં માત્ર, અનિવાર્ય પણ છે. કોઈ એક ચોક્કસ સમયે અને ચોક્કસ સંજોગોમાં સર્જાતા સંબંધો પણ આકાશમાં તારાઓ અને ચંદ્ર રહે ત્યાં સુધી એવા ને એવા જ રહે એવી અપેક્ષા રાખવી નકામી. સમય, સંજોગ, વ્યક્તિ અને વિચારોમાં જેટલા અંશે પરિવર્તન આવે એટલા અંશનો ખૂણો સંબંધમાં પણ પડે. ક્યારેક 180 અંશનો ખૂણો પડી જાય અને એકસાથે હતી એવી બે વ્યક્તિઓ સામસામા છેડે મુકાઈ જાય. કેટલાક નસીબવંતાઓ 180 અંશથી આગળ વધીને 360 અંશનું વર્તુળ પૂરું કરે અને ફરી એક વાર યાત્રા શરૂ થાય. સંબંધોમાં છૂટવાનો અર્થ એવો નથી થતો કે જે હતું એ બધું જ હવે ભોંયમાં દાટી દેવું. સંબંધ ભૂતકાળ બને છે ત્યારે બેઉ વ્યક્તિના વ્યક્તિત્વનો એક અંશ બની જાય છે. પછી એ

સંબંધની ગરિમા સ્વતંત્રપણે બેઉના વ્યક્તિત્વમાંથી છલકે છે.

મેળવવામાં અને પામવામાં ફરક છે. માગીએ છીએ ત્યારે મળે છે, માગ્યા વિના જે મળે છે તે પામીએ છીએ.

સંબંધ નિરંતર છે, સતત છે. સંબંધ ક્યારેય મરતો નથી. વ્યક્તિથી છૂટા પડ્યા પછી પણ સંબંધ ચાલુ જ રહે છે, માત્ર એનું સ્વરૂપ બદલાઈ જતું હોય છે. સંબંધમાં મોટી મોટી ઘટનાઓ નથી હોતી. ઝીણી ઝીણી ક્ષણો કૂંપળની જેમ ફૂટતી હોય છે. ક્ષણાર્ધોની કડી એકમેક સાથે જોડાય છે ત્યારે સંબંધોને આકાર મળતો હોય છે. વિશ્વાસઘાત કે પીઠમાં ખંજર જેવા પ્રચંડ વિસ્ફોટ ધરાવતા શબ્દપ્રયોગ સંબંધમાં અસ્થાને છે. જે હોય છે તે નાની ગેરસમજણો હોય છે. બિલોરી કાચની નીચે મૂકીને જોવાથી રાઈના સ્થાને પર્વત દેખાતો હોય છે. સંબંધોમાંથી વિશ્વાસ ઊઠી જવો એટલે જાત પરથી ભરોસો ચાલ્યો જવો. તો પછી પોતાની સાથે દુશ્મની કરી નાખવાનું આત્યંતિક પગલું ભરવું જ શું કામ?

અત્તરની સુગંધ કે ઉકરડાની દુર્ગંધ જેવા અંતિમો અહીં નથી. ખુલ્લા જંગલમાં પહેલા વરસાદ પછી ઊઠતી ધરતીની મહેક છે અહીં. કુદરતી અને બિન-શહેરી. સંબંધમાંનું આ ગામડિયાપણું એકબીજા માટેનાં કૌતુક, મુગ્ધતા અને નિખાલસતા જાળવી રાખે છે. નામ કે ઓળખ એક મર્યાદા છે, એનાથી સીમા દોરાઈ જાય છે. જેને કોઈ નામ નથી, જેની કોઈ ઓળખાણ નથી એવા સંબંધો સીમાની પાર જઈને વિસ્તરે છે.

પાંચસો વર્ષ પહેલાં જૂનાગઢના મહેતાજી કહી ગયા અને આજેય એ શબ્દો ઘરે ઘરે ગુંજે છેઃ જે ગમે જગતગુરુ દેવ જગદીશને/તે તણો ખરખરો ફોક કરવો/આપણો ચિંતવ્યો અર્થ કંઈ નવ સરે...



વીસ

પરી અને રાજકુમારની વાર્તામાં ખાધું, પીધું અને ડિવોર્સ લીધા એવું કેમ નહીં આવતું હોય

ભારતીય સંસ્કૃતિમાં લગ્નની જેમ છૂટાછેડાની ઘટના પણ બે વ્યક્તિઓ વચ્ચે સીમિત ન રહેતાં આખા સમાજની ઘટના બની જાય છે. છૂટાછેડા વખતે એક ઔર પાસું ઉમેરાય છે અને તે કાનૂન. બે વ્યક્તિ પરસ્પરની લાગણીને કારણે લગ્ન કરીને સાથે રહેવા માગતી હોય ત્યારે બહુ ખાસ અવરોધો આવતા નથી. યે શાદી નહીં હો સકતી જેવી હિંદી ફિલ્મવાળી સિચ્યુએશન્સ આમાં અપવાદ હોય છે. પણ એકંદરે અને મોટા ભાગના કિસ્સાઓમાં લગ્નની બાબતમાં કુટુંબ તથા સમાજ તરફથી એટલો વિરોધ નથી થતો જેટલો વિરોધ આ બંને વ્યક્તિ પરસ્પરની લાગણીને માન આપીને એકબીજાથી છૂટાં પડવાનો નિર્ણય કરે ત્યારે થાય છે. છેવટે છૂટાછેડા એક વ્યક્તિગત કે કૌટુંબિક પ્રશ્ન રહેવાને બદલે કાનૂની દાવપેચની ઘટના બની જાય છે.

છૂટાછેડાના કેસના નિષ્ણાત ગણાતા વકીલો ફૅમિલી કોર્ટનો વિરોધ કરે છે. ફૅમિલી કોર્ટ ઍક્ટ, 1984 હેઠળ સ્થપાયેલી અદાલતોમાં વકીલોની મદદ વિના પતિ-પત્ની જાતે જ દલીલો કરી શકે છે. આ કાયદા હેઠળ અદાલતની કાર્યવાહી 'ઇન કૅમેરા' અર્થાત્ ખાનગી રહેતી હોય છે. છૂટા પડતા યુગલની અનિચ્છા હોવા છતાં વકીલોની સલાહ તથા ચડામણીથી બેઉ પક્ષો એકબીજા પર અદાલતમાં કાદવ ઉછાળતા હોય છે, પરસ્પરના સેક્સસંબંધો તથા ચારિત્ર્ય વિશે આક્ષેપબાજી થતી રહે છે. ફૅમિલી કોર્ટમાં આવા બિનજરૂરી આક્ષેપબાજીથી દૂર રહી શકાય છે. વકીલો કહે છે કે ફૅમિલી કોર્ટ ભારતીય નાગરિકના બંધારણીય હક્કનો ભંગ કરે છે, દરેક નાગરિકને અદાલતમાં વકીલની મદદ લેવાનો હક્ક છે, ફૅમિલી કોર્ટનો કાયદો પસાર કરીને સરકારે એ હક્ક છીનવી લીધો છે. વકીલો આવું ન કહે તો જ નવાઈ.

છૂટાછેડા માટે ફૅમિલી કોર્ટમાં જ જવું અનિવાર્ય નથી. તમને શોખ થતો હોય તો તમે રેગ્યુલર સિવિલ કોર્ટમાં જઈ શકો છો. હાઈકોર્ટથી નીચેના સ્તરની અદાલતોમાં જ છૂટાછેડાનું કેસનું નિરાકરણ આવી જવું જોઈએ, પરંતુ વકીલોની ચડામણીથી ક્લાયન્ટ સામા પક્ષ પર વધુ ને વધુ આક્ષેપો કરવાનો ઇરાદો રાખે ત્યારે કેસનો ચુકાદો લંબાતો જાય છે. નછૂટકે હાઈકોર્ટમાં જવું પડે ત્યારે માની લેવાનું કે બીજાં પાંચ-દસ વર્ષ નીકળી જશે.

છૂટાછેડાના કેસમાં અદાલતમાં થયેલી કાર્યવાહીના સત્તાવાર રિપોર્ટ વાંચવા જેવા હોય છે. કોઈ સી-ગ્રેડ નવલકથાના સંવાદો જેવી સ્ક્રિપ્ટ વાંચવા મળશે. આવી એક અદાલતી કાર્યવાહીનો અંશ વાંચો. 'પતિઃ મારી પત્ની મહિને માંડ એક કે વધુમાં વધુ બે વાર મને એની સાથે જાતીય સુખ માણવા દે છે. એ મને નપુંસક કહે છે. એ કહે છે કે હવે હું એને સંતોષી શકતો નથી... પત્નીઃ ખોટી વાત છે. મારો પતિ રોજ રાત્રે મારી સાથે શય્યાસુખ માણતો હતો. મને પણ એમાં આનંદ આવતો હતો. મેં એના પૌરુષત્વ વિશે કોઈ કમેન્ટ કરી છે એવું કહેવું તદ્દન ખોટું છે. હું એને મારી સાથે સેક્સ કરવા નથી દેતી એવું કહેવું પણ જુઠ્ઠાણું જ છે... જજઃ મારા મત મુજબ પત્ની કરતાં પતિની વાત વધારે સાચી હોય એવું લાગે છે. શક્ય છે કે કોઈક વખત પત્ની કરતાં પતિ વહેલો સંતોષ લઈ લેતો હોય અને એને કારણે પત્ની હતાશ થઈ જતી હોય અને એવી હતાશામાં તીવ્ર પ્રત્યાઘાત આપતી હોય. પત્નીનું આવું વર્તન પતિ માટે ક્રૂરતાભર્યું છે. છૂટાછેડા માટેની પતિની અરજી મંજૂર રાખવામાં આવે છે...'

સામાન્ય રીતે સંસ્કારી અને ખાનદાન ગણાતાં યુગલો પણ અંગત જીવનની આવી વાતો કરીને છૂટાછેડા મેળવી લેતાં હોય છે. કેટલાક વકીલો માનતા હોય છે કે આક્ષેપો જેટલા બદસૂરત અને ભયંકર એટલા

છૂટાછેડા વહેલા મળવાના ચાન્સીસ વધારે. છૂટાછેડાના કેસમાંથી પચાસ ટકા કેસમાં પતિ કે પત્નીના લગ્નબાહ્ય સંબંધોનું કારણ કાનૂની કાગળિયાંઓમાં દેખાડાતું હોય છે. વર્ષો સુધી એકબીજા પરના વિશ્વાસને આધારે ચાલેલા લગ્નજીવનનો અંત વકીલોને કારણે એકબીજા પર લગ્નેતર સંબંધોના આક્ષેપનો કાદવ ઉછાળીને આવતો હોય છે. ક્યારેક પતિ કે પત્ની અદાલતમાં સામા પક્ષ પર સજાતીય સંબંધોનો આરોપ પણ મૂકતાં હોય છે.

અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીમાં ભણેલા અને દિલ્હીની સુપ્રીમ કોર્ટમાં પ્રૅક્ટિસ કરનારા ડૉ. સૂરત સિંહ નામના ખ્યાતનામ ધારાશાસ્ત્રી બહુ સરળતાથી કબૂલ કરે છે, ‘લોકો અમારી પાસે આવીને કહે છે કે અમે અમારા પતિ કે પત્નીથી છૂટાં પડવા માગીએ છીએ ત્યારે અમે એમને સલાહ આપીએ છીએ કે તમે ચોક્કસ આક્ષેપો લઈ આવો. કાયદાની દૃષ્ટિએ આ જરૂરી છે. લગ્નમાંથી મન ઊઠી ગયું છે એવાં કારણોસર કોર્ટ છૂટાછેડા નથી આપતી. એટલે જ છૂટાછેડામાં લગ્નેતર સંબંધોના આક્ષેપો મોટા પ્રમાણમાં થતાં હોય છે.’

પતિ-પત્ની વચ્ચે લગ્ન સમયે જે પ્રેમ હોય તે વર્ષો પછી ન રહે, બંને એકબીજા સાથે મન મોકળું કરીને વાત ન કરી શકે અને એકબીજાની હાજરીથી પોતાને ગૂંગળામણ થતી હોય એવું લાગે ત્યારે છૂટાછેડા જ એકમાત્ર ઉપાય છે એવું નથી. ભારતનાં જ નહીં, પશ્ચિમના દેશોમાં પણ લાખો યુગલો આવી પરિસ્થિતિને જીરવીને એમાંથી પણ કોઈક માર્ગ નીકળશે એવી આશાએ લગ્ન ટકાવતાં હોય છે. પણ પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહે ત્યારે પતિ-પત્નીએ કે બેમાંથી એકે છૂટાછેડા જેવો અંતિમ માર્ગ અપનાવવો પડે છે. કાનૂની કાગળિયાંઓના આધારે જ સર્વેક્ષણ કરો તો લગ્ન બહારના સંબંધો છૂટાછેડાના એક મહત્ત્વના કારણ તરીકે બહાર આવે, પરંતુ ખરાં કારણો છૂટી પડનાર બેઉ વ્યક્તિઓના મનમાં જ ધરબાયેલાં રહે છે.

છૂટાછેડાના કેસ કોર્ટમાં લંબાયા કરે એનું બીજું એક કારણ છે કેટલાક જજસાહેબો. ન્યાયાધીશોએ ઘણી વખત માની લીધું હોય છે કે બેઉ પક્ષકારોને સમજાવીને એમની વચ્ચે સમાધાન કરાવીને બેઉને ફરી પાછાં ભેગાં કરી શકાતાં હોય તો એવા તમામ પ્રયત્નો કરી જોવા. હકીકતમાં આ કામ ન્યાયાધીશનું નથી. મામલો અદાલતે ત્યારે જ પહોંચ્યો હોય છે જ્યારે સમાધાન કરાવવાના તમામ પ્રયત્નોમાં મિત્રો, સગાં, શુભેચ્છકો વગેરે નિષ્ફળ નીવડ્યાં હોય. જજે બને એટલો વહેલો ચુકાદો આપીને બેઉ પક્ષોને યાતનામાંથી ઉગારી લેવાનો હેતુ અપનાવવો જોઈએ.

લૉ કમિશનના 71મા રિપોર્ટમાં સૂચન થયું છે, ‘ફરી ક્યારેય જોડી ન શકાય એવા ભંગાણવાળાં લગ્ન’ હોય તો બીજાં કારણોની અવગણના કરીને પણ માત્ર એ જ કારણોસર છૂટાછેડા મળવા જોઈએ. પતિપત્ની એકબીજાથી ત્રણ કે પાંચ વર્ષ જુદાં રહ્યાં હોય (કેટલાં વર્ષ એ વિશે હજુ આખરી નિર્ણય નથી લેવાયો) તો એમને સહેલાઈથી છૂટાછેડા મળી જવા જોઈએ. આ સૂચન હિન્દુ મૅરેજ ઍક્ટમાં સામેલ થશે તો છૂટાછેડા લેવાની પ્રક્રિયા ઓછી અટપટી અને ઓછી ગંદકીભરી બની જશે. કમનસીબે લૉ કમિશનના આ 71મા અહેવાલની નકલો હજુય કમિટીઓ અને સ્ત્રી-સંસ્થાઓની ઑફિસોમાં અટવાયા કરે છે અને એમાં કરવામાં આવેલાં સૂચનોને કાનૂનનું સ્વરૂપ આપવાની લીલી ઝંડી મળતી નથી.

છૂટાછેડાનો ચુકાદો આવી ગયા પછી બાળકોના કબજા વિશેનો વિવાદ ઊભો જ રહે છે. બન્ને પક્ષ બાળકોને પોતાની પાસે રાખવાની જીદ કરે છે. ડિવોર્સનું આ સૌથી વરવું પાસું છે. છૂટાછેડાના કિસ્સાઓમાં પતિ કે પત્ની કરતાં અનેકગણું સહન કરવું પડે છે સંતાનોએ. છૂટાછેડા લેવા કે ન લેવા એ વિશે અદાલત ચુકાદો આપે તે પહેલાં પતિપત્નીએ પોતપોતાના વકીલની સલાહ લેવી જોઈએ. વકીલની સલાહ લેતાં પહેલાં મૅરેજ કાઉન્સેલરની સલાહ લેવી જોઈએ અને મૅરેજ કાઉન્સેલરને કન્સલ્ટ કરતાં પહેલાં સાઇકિયાટ્રિસ્ટને મળી લેવું જોઈએ. આજના જમાનામાં માનસચિકિત્સક પાસે જવાની શરમ રાખવાનો કોઈ અર્થ નથી. તટસ્થ સલાહ આપવામાં મિત્રો, સગાં, સંબંધીઓ વગેરે કદાચ ઊણાં ઊતરે. પરિસ્થિતિ વિશે કોઈ જાતના આવેશ વિના

પુખ્તતાથી વિચાર કરી શકે એ માટે કોઈ અજાણી પરંતુ કાબેલ વ્યક્તિની જરૂર હોય છે. આવા કિસ્સાઓમાં સાઇકિયાટ્રિસ્ટ આવી જ એક વ્યક્તિ બની શકે. સામાન્ય પરિસ્થિતિમાં લગ્નજીવન જેમને ત્રાસભર્યું અને ભારરૂપ લાગતું હોય એમણે વિચારવું જોઈએ – કયા ડિવોર્સીને તમે સુખી, ખુશ અને આનંદી જોયા?



એકવીસ
જબ દિલ હી ટૂટ ગયા
યાને કિ બ્રેક કે બાદ

તમારો પ્રેમી અથવા પતિ કે પછી તમારી પ્રેમિકા અથવા પત્ની તમને છોડી જાય તો તમે શું કરો? મૂકેશનાં ગીતો સાંભળ્યા કરો? દારૂના બારની ઘરાકી વધારતા રહો? રોજ દરિયાકિનારે જઈને ગુમસૂમ બેઠા રહો? સંબંધો બંધાય એ ઘટના જેટલી સાહજિક છે એટલી જ સ્વાભાવિક સંબંધોમાંથી છુટવાની બિના હોય છે. ખૂબ નજીક આવી ગયા પછી ખૂબ દૂર જતા રહેવાનું થાય ત્યારે મુઠ્ઠીભર મધુરકટુ પળો પાસે રહી જાય છે. દુઃખનું ઓસડ દહાડા એ વાત બરાબર, પણ કેટલા દહાડા? અને જ્યાં સુધી એ દહાડા પૂરા ન થાય ત્યાં સુધી શું કરવાનું? મોં લટકાવીને બેસી રહેવાનો તો કોઈ અર્થ નથી. કોઈ તમને રિજેક્ટ કરે છે કે તમે પોતે કોઈને તરછોડી દો છો ત્યારે મનમાં અસલામતી અને શંકાઓ ઉદ્ભવે છે. માણસ પોતાનામાં જ ઊંડે, ખૂબ ઊંડે ઊતરી જાય છે. આવા સમયે શું કરવું?

કામમાં ડૂબી જવું શ્રેષ્ઠ ઉપાય છે. કામનો બોજો બમણો થઈ જવાથી કાયમી જુદાઈને કારણે સર્જાતાં વમળો ઘણુંખરું શમી જાય છે. કસરત, જોગિંગ અને યોગાસન પણ મદદરૂપ બની શકે. છુટી ગયેલા સંબંધની રાખમાંથી બેઠી થઈ શકનારી વ્યક્તિ અગાઉ કરતાં વધુ મજબૂત અને વધુ સ્વસ્થ બની શકે છે. સંબંધો છુટ્યા પછી સ્ત્રીને પોતાની આસપાસના તમામ પુરુષો પર અને પુરુષને સ્ત્રીઓ પર અવિશ્વાસ પ્રગટે એ સ્વાભાવિક છે. એ લાગણી જલદી ખંખેરી નાખવી પડે, જો નવા છેડેથી જિંદગી શરૂ કરવી હોય તો.

નવા સંબંધોમાં જૂના સંબંધ જેવી તીવ્રતાનો કે એ આવેશનો અભાવ લાગે એ શક્ય છે. કશો વાંધો નથી. આવેશો પર સંબંધો ટકતા નથી એ તમે જોઈ લીધું. હવે તમને સમજ પડી ગઈ છે કે છૂટા પડવું એટલે વારંવાર ગૂંચવાયા કરતા પ્રશ્નનું કાયમી નિરાકરણ. આ વાત ધ્યાનમાં રાખ્યા પછી સહન કરવાનું સહેલું બનશે. તાજા જ તૂટેલા સંબંધો પછી વ્યક્તિ ખૂબ સંવેદનશીલ, ખૂબ આળી યાને કે વલ્નરેબલ બની જાય. વાતવાતમાં છંછેડાઈ જવું આ ગાળામાં સામાન્ય બની જાય. નાની નાની બાબતે માઠું લાગી જાય. ભૂતકાળના પ્રિયજન સામે બદલો લેવાની ભાવના તીવ્રતાથી પ્રગટે અને પછી ધીમે ધીમે શમી જાય. બદલો લેવો જ હોય તો એનો શ્રેષ્ઠ ઉપાય એ છે કે તમે એ વ્યક્તિની ફિકર કર્યા વિના તમારી જિંદગી જલસાથી, બેફિકરાઈથી અને કોઈ જાતની શરતો વિના જીવો. જૂના અને નવા અથવા હવે પછી આવનારા સાથી વચ્ચે સરખામણીઓ નહીં કરવાની. કરશો તો જૂની ભૂલોનું પુનરાવર્તન કરવાનું જોખમ વહોરી લેશો.

સંબંધોમાં બ્રેક કે બાદ અહમ્ ચૂરચૂર થઈ જાય. આત્મસન્માન સાવ તળિયે બેસી ગયું હોય એવું લાગવા માંડે. સંબંધ તૂટ્યા પછી શું કરવું? વર્ષોથી ન મળ્યા હોય એવા મિત્રો સાથેના સંબંધો તાજા કરવા. બહારગામ ફરવા જતા રહેવું. કપડાં નવાં ખરીદવાં, વાળની સ્ટાઇલ નવી કરાવવી, એના તમામ ફોટા અને પત્રો ફાડીને, એની ઝીણી ઝીણી કરચો દરિયામાં પધરાવી દેવી. આશા રાખવી કે જે ગયું છે તેણે વધુ સારી વ્યક્તિ માટે જગ્યા કરવા જ વિદાય લીધી છે.



બાવીસ

કેટલાક તાંતણાઓ તોડીને પણ પ્રસન્ન થવાતું હોય તો ખોટું નહીં

જિંદગીમાં વિનાકારણ ખૂબ ખુશ હો એવા કેટલા દિવસો યાદ છે? સ્મૃતિ શા માટે ઉદાસ દિવસોની જ હોય છે? નોસ્ટેલ્જિયા પ્રસન્ન ના હોઈ શકે? મનમાં પ્રસન્નતાનું સંગીત એકધારું વાગતું થઈ જાય એ પછી બહારનો ગમે એવો કોલાહલ પજવી શકતો નથી, ચલિત કરી શકતો નથી. આ તબક્કા પર પહોંચવાની સૌથી પહેલી શરત એ કે મને ખૂબ અન્યાય થયો છે, મારા જેટલું સહન બહુ ઓછા લોકોએ કર્યું હશે, જગત આખાની આપત્તિ મારા માથે જ આવીને બેસે છે – આવી માનસિકતા છોડી દેવી જોઈએ. સહેજ વધારે વિચાર કરતાં સમજાય છે કે તમારા જેવું નસીબદાર દુનિયામાં બીજું કોઈ નથી. તમને પોતાને તમારા ભાગ્યની ઈર્ષ્યા થવા માંડે ત્યારે પ્રસન્ન રહેવાનું સરળ થઈ જાય.

પ્રસન્ન રહેવા માટે આસપાસની સતત કજિયો કર્યા કરતી વ્યક્તિઓથી ચૂપચાપ દૂર થઈ જવું. કુટુંબમાં કે નિકટના મિત્રવર્તુળમાં કે કામ કરવાની જગ્યાએ કંકાસખોર વ્યક્તિઓના સંપર્કમાં અનિચ્છાએ આવવું પડે એવા સમયે સંઘર્ષ ટાળવા માટે નાની નાની તમામ બાબતોને મોટી સમસ્યા બનાવી દીધા વિના શરણાગતિ સ્વીકારી લેવી. ઝીણી ઝીણી વસ્તુઓમાં આગ્રહો જતા કરી દીધા પછી મહત્ત્વની બાબતોમાં આગ્રહ સાચવી શકીએ એવું વાતાવરણ તૈયાર થઈ જતું હોય છે. આમ છતાં તમે કંકાસથી સતત ઘેરાયેલા રહેતા હો તો ઉત્તમ ઉપાય છે – જે તાંતણાઓ જોડાયા છે એને તોડીને આગળ નીકળી જવાનો. છેક અંતિમ સંજોગો સર્જાય ત્યારે પરિવારની નિકટની વ્યક્તિ કે વ્યક્તિઓથી દૂર જવું પડે કે અંગત મિત્રોથી અંતર વધારી નાખવું પડે કે કામકાજનું સ્થળ કે કામકાજના સાથીઓમાં બદલાવ લાવવો પડે. તીવ્રતમ સંજોગો સર્જાય ત્યારે આવું ન કરવાથી જિંદગી બેસૂરી થઈ જાય. આવા વખતે વાંક તમારો જ હોય છે. તાંતણાઓ તોડવાની હિંમત ન હોય કે એવું સાહસ કર્યા પછીની અસલામતીનો સામનો કરવાની ઇચ્છા ના હોય તો પોતાની અપ્રસન્નતા બદલ જિંદગીમાં ક્યારેય બીજાને દોષ ન દેવો. તમે પોતે તમારું ગૌરવ જાળવી શકશો એટલું બીજું કોઈ નહીં જાળવે. તમે પોતે તમારા માટેનો આનંદ જેટલો સર્જી શકશો એટલો બીજું કોઈ સર્જી નહીં શકે. તમે પોતે તમને જેટલા દુ:ખી કરી શકશો એટલા દુ:ખી તમને બીજું કોઈ નહીં કરી શકે.

જેની કલ્પના કરીએ છીએ તે થઈને જ રહેતું હોય છે. આપત્તિઓની ધારણા અગાઉથી કરી રાખી હોય તો એને અગમચેતી કહેવાય અને પાણી પહેલાં પાળ બાંધવામાં કંઈ ખોટું નહીં. પરંતુ સતત વિચાર્યા કરવું કે દુ:ખના પહાડ તૂટી પડશે, ધનોતપનોત નીકળી જશે, ક્યાંયના નહીં રહીએ – એ માનસિક બીમારીની નિશાની છે. આવું જો વિચાર્યા કરતા હો તો એનો અર્થ એ કે તમને પોતાને તમારા શરીર પર ચાબુક મારવાની મઝા આવે છે. આવા સેડિસ્ટિક પ્લેઝરનો ઇલાજ માનસશાસ્ત્રીઓ પાસે જ હોઈ શકે.

કોઈકને અભિનંદન આપવાથી પ્રસન્નતા અનુભવી શકાય. કોઈકે કરેલી પ્રશંસામાં સતત ઇરાદાઓ શોધ્યા કરવાની કુટેવમાંથી મુક્ત થઈને પ્રસન્ન બની શકાય. આત્મપ્રશંસાના દૂષણથી છૂટીને પણ પ્રસન્ન બની શકાય. બીજાઓ પ્રત્યેના દ્વેષમાંથી છુટકારો મળી જાય તો પ્રસન્ન થઈ શકાય. પોતાની જાત વિશે સતત નકારાત્મક બોલવા-વિચારવાની આદત છોડીને પણ પ્રસન્ન થઈ શકાય. મનમાં સંઘરી રાખેલી વિવિધ બાબતો અંગેની ગિલ્ટ ફીલિંગનું નિરાકરણ લાવીને પ્રસન્ન થઈ શકાય. હું જ શ્રેષ્ઠ અને બીજા કનિષ્ઠ એવી માન્યતાને છોડીને પ્રસન્ન થઈ શકાય. પોતાની જરૂરિયાતો કઈ છે અને એ કેવી રીતે પૂરી થઈ શકે એ વિશે સ્પષ્ટ થઈ જવાથી

પ્રસન્ન થઈ શકાય. બીજાઓ પ્રત્યેની નાજુક લાગણીને સમયસર વ્યક્ત કરીને પ્રસન્ન થઈ શકાય. બીજાઓની એવી જ લાગણીને મીઠાશથી સ્વીકારી લઈને પ્રસન્ન થઈ શકાય. બીજાઓ સાથે સતત સરખામણી કર્યા કરવાની ટેવને છોડી દઈને પ્રસન્ન થઈ શકાય. દરેક વખતે બંધબેસતી પાઘડી પહેરી લેવાની મૂર્ખામી ત્યજીને પ્રસન્ન થઈ શકાય. ભૂખ કરતાં એક કોળિયો ઓછું ખાઈને પ્રસન્ન થઈ શકાય. પહેલું સુખ તે જાતે નર્યાની કહેવત માત્ર બોલવા-સાંભળવા માટેની નથી, પણ અમલમાં મૂકવા માટે છે એમ વિચારી શરીર પ્રત્યે બેદરકાર રહેવાની આદત ત્યજીને પ્રસન્ન થઈ શકાય. સારી વ્યક્તિઓની, સારા વાચનની અને સારા સંગીતની સંગતમાં રહીને પ્રસન્ન રહી શકાય. નજર સામે સતત કલ્પિત સૂર્યોદયો, પહાડો પરની લીલીછમ ઘટાઓ, હૂંફાળા તડકામાં પડતા પડછાયાઓ અને મેઘધનુષ્યનાં દશ્યો રાખીને પ્રસન્ન થઈ શકાય. પ્રસન્નતા વિશે લખીને પ્રસન્ન થઈ શકાય અને પ્રસન્નતા વિશે વાંચીને પણ...

ના, માત્ર વાંચીને પ્રસન્નતા કેળવી લેવાની ટેવ ખોટી. કેટલાક લોકો આર્મચેર ટ્રાવેલર્સ હોય છે. ખુરશીમાં બેઠાં બેઠાં પ્રવાસને લગતાં દુનિયાભરનાં પુસ્તકો વાંચે પણ ક્યારેય બૅગ પૅક કરીને પ્રવાસે ઊપડી ન પડે. કેટલાક લોકો આર્મચેર હેલ્થ ફૅનેટિક હોય છે. વૈદકને લગતું જાતભાતનું વાંચ્યા કરે પણ પોતાની તબિયત જાળવવા એમાંનું એક પણ સૂચન અમલમાં ન મૂકે. એ જ રીતે કેટલાક લોકો માત્ર પુસ્તકો વાંચીને જિંદગીને મનોમન પ્રેરણા આપ્યા કરે, પ્રસન્ન રાખ્યા કરે પણ લેખ પૂરો થતાં જ, એમાંની એકાદ વાત પણ અમલમાં મૂકવાને બદલે, એ વાતોનું બાષ્પીભવન થઈ જવા દે. અમલમાં મૂક્યા વિનાની આવી વાતોનું એટલું જ મૂલ્ય હોય છે જેટલું દરિયાના પેટાળમાં પડેલા છીપમાંના મોતીનું. ઊભા થઈને, ડૂબકી મારીને તળિયા સુધી જવાની તસ્દી જેઓ નથી લેતા તેઓ આખી જિંદગી છીછરા પાણીમાં છબછબિયાં કરતા રહે છે. આજની વાતોને આજથી જ અમલમાં નહીં મૂકવાનું આજે ઉત્તમ બહાનું છે – કાલથી કરીશું.

ત્રેવીસ

લગ્નજીવનમાં પતિ-પત્નીની જવાબદારી સરખા હિસ્સે વહેંચી શકાય નહીં

લગ્ન એવો વિષય છે જેને એક પ્રથા તરીકે માત્ર સમાજશાસ્ત્રની દૃષ્ટિએ જુઓ તો એનાં ઘણાં પાસાં ઊઘડ્યાં વિનાનાં રહી જાય. લગ્નને માત્ર રોમૅન્ટિક કલ્પના તરીકે જુઓ તો પણ એનાં અનેક પાસાં બહાર આવ્યાં વિનાનાં રહી જાય. લગ્નનું સત્ય સમાજશાસ્ત્ર અને રોમૅન્ટિસિઝમનાં અંતિમોની વચ્ચે છે.

લગ્નમાં બે આત્માઓ એક થઈ જાય એવી એક રોમૅન્ટિક વિચારણા છે પણ વાસ્તવિકતા એ છે કે લગ્ન પછી બેઉ વ્યક્તિઓએ પોતપોતાની આગવી ઓળખ જાળવી રાખવી જોઈએ. લગ્ન સહનશક્તિની મર્યાદાની કસોટી કરવાની પ્રયોગશાળા નથી. આપણાં મા-બાપોએ એમનાં મા-બાપોએ અને એમનીયે આગલી પેઢીનાં મા-બાપોએ એકબીજાંને 'ચલાવી લીધા' હોય એ શક્ય છે. આજે એકબીજાને ચલાવી લેવાની સુષુપ્તાવસ્થાને બદલે એકબીજાને પ્રયત્નપૂર્વક સમજવાની જાગ્રત પ્રક્રિયા સતત ચાલતી રહે એ જરૂરી છે.

લગ્નને ગાડાથી માંડીને રથ સુધીનાં વાહનોની ઉપમા આપીને કહેવાતું રહ્યું છે કે બેમાંથી એક પૈડું બરાબર ન ચાલે તો ગાડું ગબડી પડે. હકીકત અને વાસ્તવિકતા શું છે? લગ્નમાં બેઉ પૈડાં ક્યારેય એકસરખી ગતિથી, એકસરખી દિશામાં અને એકસરખાં સાતત્યથી ચાલતાં નથી હોતાં છતાં ગાડું ચાલે છે. ઊબડખાબડ રસ્તાઓ પર પણ પૂરા વિશ્વાસથી ચાલે છે. લગ્નમાં ક્યારેય બેઉ વ્યક્તિ વચ્ચે ફિફ્ટી-ફિફ્ટી જવાબદારી હોઈ શકે નહીં. લગ્નમાં બેઉ વ્યક્તિ ઇક્વલ છે, સમાન છે એવું માનીને ચાલનારાં દુઃખી થઈને વહેલાંમોડાં છૂટાં પડી જતાં હોય છે. વાસ્તવિકતા કહે છે કે લગ્નમાં પતિ યા પત્ની બેમાંથી એકની લગ્ન ટકાવવાની જવાબદારી વધુ અને બીજાની આપોઆપ ઓછી થઈ જતી હોય છે. આને કોઈ બીજી વ્યક્તિનું મહત્ત્વ વધી કે ઘટી જવાની ઘટના તરીકે ન જુએ કે આને કારણે કોઈ એકને અન્યાય થાય છે કે કોઈ એક સહાનુભૂતિને પાત્ર બની જાય છે એવું પણ નથી.

જિગ્ઝો પઝલના બે વાંકાચૂંકા ટુકડા જેવા બે વ્યક્તિત્વો એકબીજાની સાથે ફિટ થઈ શકે ત્યારે આદર્શ લગ્નજીવન સર્જાતું હોય છે. તકલીફ માત્ર એટલી જ છે કે પઝલની જેમ અહીં ટ્રાયલ ઍન્ડ એરરને અવકાશ નથી. વારાફરતી એક પછી એક ટુકડો ઉઠાવીને એ તમારી સાથે ફિટ થાય છે કે નહીં એવા પ્રયોગો તમે લગ્નમાં કરી શકતા નથી. જે સમાજમાં એવું થઈ શકે છે ત્યાં દરેકને છેવટે પોતાના વ્યક્તિત્વ સાથે ચુસ્તપણે બંધબેસતો ટુકડો મળી જ જશે એનીય કોઈ ગૅરન્ટી નથી.

એક અંગ્રેજી મહિલા સામયિકની જાહેરખબરમાં લખ્યું હતું: 'લગ્ન પહેલાં સેક્સ એક ખૂબસૂરત કલ્પનાનો વિષય હોય છે અને લગ્ન પછી એ જ સેક્સ ભવ્ય ભૂતકાળની એક યાદ બનીને રહી જાય છે.' લગ્ન અનેક ભ્રમણાઓ મનમાં ભેગી થઈ જાય એ પછી થતાં હોય છે. રોમાન્સના વિસ્તાર તરીકે અથવા તો રોમાન્સને અમરતા બક્ષવાના બાલિશ વિચારોને કારણે કેટલાક લોકો લગ્ન કરી બેસતા હોય છે.

રોમાન્સ જીવનનો એક તબક્કો છે. અડધી ચડ્ડી પહેરીને સ્કૂલથી સીધાં લગ્નમાં જતા હતા એ પણ એક તબક્કો હતો. પછી એ તબક્કાનું રૂપાંતર નથી થતું, એનો અંત આવી જાય છે અને એક બીજો તબક્કો શરૂ થાય છે – ફુલ પૅન્ટનો તબક્કો. લગ્નજીવનમાં રોમાન્સને ખેંચી પકડીને જીવતો રાખી શકાતો નથી. એવો પ્રયત્ન કરનારાઓ હાફ પૅન્ટમાં રિસેપ્શનમાં પહોંચી જતા કે બર્મ્યુડામાં બોર્ડ મિટિંગ ઍટેન્ડ કરનારા જેવા હાસ્યાસ્પદ લાગે. આવા પ્રયત્નમાં અમે સફળ થયા છીએ એવો દાવો કરનારાઓ પલાયનવાદમાં, ભ્રમણામાં, મૂરખાઓના

સ્વર્ગમાં રાખે છે, જાતને છેતરી રહ્યા હોય છે.

રોમાન્સવાળો તબક્કો લગ્નજીવન શરૂ થયા પછીના થોડાક મહિના સુધી કે થોડાંક વર્ષ સુધી લંબાય છે. લગ્નની દસમી, પંદરમી કે પચીસમી જયંતીઓ રોમૅન્ટિક નથી હોતી, હોઈ શકે પણ નહીં. રોમાન્સના તબક્કા પછી ગૃહસ્થીનો તબક્કો શરૂ થાય જે રોમાન્સથી વિરુદ્ધનો તબક્કો નથી, પરંતુ રોમાન્સનો એક જુદો તબક્કો છે. આ તબક્કો લગ્નજીવનના અંત સુધી ચાલે છે. મોટા ભાગના ગુજરાતીઓના લગ્નજીવનનો અંત બેમાંથી એક વ્યક્તિના જીવનના અંત સાથે આવતો હોય છે. લગ્ન અગાઉ શરૂ થઈ ચૂકેલો રોમાન્સનો તબક્કો લગ્ન પછી પૂરો થઈ જવાનો છે એવી માનસિક તૈયારી વિના જેઓ લગ્નજીવનની શરૂઆત કરે છે તેઓ ગૃહસ્થીનો દમામભેર આરંભ કરી શકતા નથી. અંગ્રેજીમાં જેને સેવન યર ઇચ કહે છે એમાં લગ્નનાં સાત વર્ષ પછી ચળ ઊપડે છે – કશુંક કરવાની. મોટે ભાગે લગ્નજીવન પર હથોડા મારીને એને ભાંગીને ભુક્કો કરી નાખવાની. લગ્નનાં વર્ષો પછી પણ બે વ્યક્તિઓનાં જીવનમાં આજીવન રોમાન્સની શક્યતા હોઈ શકે પરંતુ તે એકબીજાની સાથે નહીં. જોકે આ વિષય અત્યારે ચર્ચાઈ રહેલા લગ્નના વિષયની બહારનો છે. એ સંબંધોમાં પણ લગ્નજીવન જેટલી જ પવિત્રતા અને ઊંચાઈ હોઈ શકે.

■

ચોવીસ
મેઇડ ફૉર ઇચ અધર
અને એવું બધું

સાચા પ્રશ્નોનાં ખોટાં નિરાકરણો શોધવામાં જિંદગી વીતી જાય છે. તરસ પાણીની હોય ત્યારે પાણી જ એ છિપાવી શકે, અન્ય પીણાં ગમે એટલાં સત્ત્વશીલ હોય તો પણ એ પાણીનો વિકલ્પ નથી બની શકતાં. કેસર-બદામનું કઢિયલ દૂધ પણ જળની તરસનો વિકલ્પ નથી બની શકતું.

તરુણાવસ્થામાં સ્ત્રીને તેમ જ પુરુષને એક સાથીની ઝંખના હોય છે. એક એવા સાથીની, જે હૂંફ આપી શકે, જે આર્થિક-સામાજિક-ઇમોશનલ સલામતી આપી શકે, જેની સાથે દુઃખ-સુખ બેઉ વહેંચી શકાય. લગ્ન આ તમામ ઝંખનાઓનું સીધું અને એકમાત્ર નિરાકરણ છે એવું આ ઉંમરે લાગે તે સ્વાભાવિક છે. પ્રેમમાં પડીને લગ્ન કરવાં કે પછી વડીલોએ ગોઠવીને મંજૂર કરેલા પાત્ર સાથે લગ્ન કરવાં એ બે જ વિકલ્પો આંખ સામે હોય છે, એ ઉંમરે.

અગાઉ શરૂઆત જન્મપત્રિકા મેળવવાથી થતી, હવે પ્રગતિશીલ ગણાતા લોકો કુંડળીને બદલે ડિગ્રી અને બ્લડ ગ્રુપ મૅચ કરતા થઈ ગયા છે. ડૉક્ટર સાથે ડૉક્ટર પરણે એટલે યુગલ સુખી થઈ જાય એવું સીધું સમીકરણ લગ્નની બાબતમાં નથી હોતું. શ્રીમંત સાથે શ્રીમંતનાં લગ્ન થઈ જવાથી કે મધ્યમ વર્ગીય સાથે એવા જ મિડલ ક્લાસ પાત્રનાં લગ્ન થઈ જવાથી કે છોકરાને રૂપાળી કન્યા મળી જવાથી કે છોકરીને પૈસાદાર મુરતિયો મળી જવાથી બેઉ પાત્રો સુખી થઈ જશે એ એક મોટી ભ્રમણા છે. તો પછી અરેન્જડ મૅરેજમાં શું મૅચ કરવું?

ઘણું બધું. પણ એ પહેલાં એક વાત. મૅચિંગની પ્રક્રિયા શરૂ કરતાં પહેલાં વડીલોએ અને એમનાં સંતાનોએ એક ભ્રમણામાંથી બહાર આવી જવું જોઈએ કે લગ્ન પછી આ જોડી એક દૂજે કે લિયે જેવી જ લાગવી જોઈએ. વ્યવહારની દુનિયામાં મેઇડ ફૉર ઈચ અધર જેવું કંઈ હોતું નથી. જો બહારથી એવું લાગે તો અંદરની વાત કંઈક જુદી જ હશે એવું માની લેવાનું. લગ્નમાં બેઉ પાત્રોએ કરવા પડતાં સમાધાનો એકબીજા સાથે મૅચ થવા જોઈએ. બેઉ પક્ષની કઈ કઈ અપેક્ષાઓ અધૂરી રહી જવાની છે એની એક આખી યાદી બનાવી લીધા પછી સ્વીકારી લેવું જોઈએ કે ભાવિ દાંપત્યજીવન દરમિયાન કઈ કઈ બાબતોમાં પતિ-પત્ની એકમેકની સાથે મૅચ થઈ શકવાનાં નથી.

પતિ-પત્ની બનતાં પહેલાં યુવક-યુવતીઓના શોખ એકબીજા સાથે મૅચ થવા જોઈએ? દાખલા તરીકે બેઉને ખાવાનો, કપડાંનો, ફરવાનો કે વાંચવાનો એકસરખો શોખ હોય તો એનો અર્થ શું એવો કરી શકાય કે બેઉની વચ્ચે કેટલો બધો સુમેળ છે અને એટલે બેઉ એકબીજામાંથી ભરપૂર સુખી મેળવી શકશે? ના. જરૂરી નથી કે એકસરખો શોખ ધરાવનારાં દંપતીનું લગ્નજીવન વધુ સુખી (કે ઓછું દુઃખી) પુરવાર થાય. એકને ખાવાનો શોખ હોય (ચાહે એ સ્ત્રી હોય કે પુરુષ) તો બીજાને ખવડાવવાનો કે ખાવાનું બનાવવાનો શોખ હોવો જોઈએ (ચાહે એ સ્ત્રી હોય કે પુરુષ).

એકને સારાં કપડાં પહેરવાનો શોખ હોય તો બીજાની પાસે સારાં કપડાંની ખરીદી કરવાની આવડત હોવી જોઈએ. એકને પ્રવાસે જવાનો શોખ હોય તો બીજાને પ્રવાસે નીકળી પડવાની તૈયારી કરવામાં, સમગ્ર પ્રવાસનું આયોજન કરવામાં મઝા પડવી જોઈએ. એકને વાચનનો શોખ હોય તો બીજાને સારું વાચન શોધવામાં, લઈ આવવામાં અને સૂચવવામાં આનંદ આવતો હોવો જોઈએ. આ રીતે મૅચ થયેલું યુગલ લગ્નજીવનમાં સુખી થાય

એવી શક્યતા વધારે, પણ એ સુખી જ થશે એવી ખાતરી કોઈ ન આપી શકે. સુખી લગ્નજીવન માત્ર આટલી કે આવી બાબતોમાં મેળાપ સર્જાવાથી બની જતું નથી. લગ્નજીવનની સફળતાની ગણતરી લગ્નજયંતીઓની ઉજવણીના આંકડા પર નિર્ભર નથી. દીર્ઘ લગ્નજીવન બેઉની જિંદગીની શુષ્કતાનો સરવાળો હોઈ શકે. દીર્ઘ લગ્નજીવન એકબીજાએ પોતપોતાની અપેક્ષાઓની કરેલી બાદબાકીનું પરિણામ પણ હોઈ શકે.

જિંદગીમાં અંગત સંબંધો દ્વારા જે કંઈ મેળવવાની ઇચ્છા હોય તે બધું જ લગ્નજીવનમાંથી મળી શકવાનું નથી, મળી શકે પણ નહીં અને મેળવવાની કોશિશ પણ ન કરવી જોઈએ. આવી સમજણ સાથે જેઓ લગ્નજીવનનો આરંભ કરે એમના દાંપત્ય જીવનમાં સુખી, સફળ અને સંતોષમય ક્ષણો વધારે હોય. લગ્ન થયાનાં વર્ષો પછી આવી સમજ આવે ત્યારે એનો બહુ મોટો ફાયદો નથી થતો, લગ્ન પહેલાં જ આ સમજ આવી જવી જોઈએ. અણધાર્યા આવી પડનારાં તોફાનોનો સામનો કરવા તે જ ઘડીએ તૈયારીઓ કરવી પડે તેના કરતાં બહેતર છે કે ઇમર્જન્સી કિટ અગાઉથી જ પાસે રાખી લીધી હોય.

દોસ્તીમાં, લગ્નમાં કે પછી કોઈ પણ સંબંધમાં પરફેક્ટ મૅચિંગ એક ભ્રમણા છે. એકબીજાનાં પ્રતિબિંબ જેવી બે વ્યક્તિઓ વચ્ચે ક્યારેય હર્યોભર્યો સંબંધ સ્થપાઈ ન શકે. સામેની વ્યક્તિમાં શું ખૂટે છે એની તમને ખબર હોય અને એ ખૂટતી વાતની ખોટ તમને ક્યારેય નહીં સાલે એની તમને ખાતરી હોય તો તમે એની નિકટ આવી શકો. વ્યક્તિના સદ્‌ગુણોને તો કોઈ પણ જોઈ શકે, કોઈ પણ ચાહી શકે. વ્યક્તિના સ્વભાવની ખામીઓ ઓળખીને એને સ્વીકારી લેવાની તૈયારી વિના પ્રભુતામાં પગલાં પાડવા કરતાં બહેતર છે કે માથા પાછળ બે હાથ મૂકીને લાંબા થઈ પગ પર પગ ચડાવીને ગાયા કરવું: *અકેલે હમ, અકેલે તુમ...*

ડાયના અને પ્રિન્સ ચાર્લ્સે લગ્ન કર્યાં ત્યારે જાણે સ્વર્ગથી સીધું ઊતરી આવ્યું હોય એવું આ યુગલ લાગતું હતું. લગ્ન પછીનાં થોડાંક વર્ષો દરમિયાન તેઓ ધારત તો મેઇડ ફૉર ઇચ અધરની સ્પર્ધામાં ભાગ લઈને પ્રથમ ઇનામ મેળવી શક્યાં હોત. પણ થોડાં જ વર્ષોમાં તું તારે રસ્તે અને હું મારે રસ્તે થઈ ગયું. બ્રિટનના રાજવી ઘરાણાનું બંધિયાર કે પરંપરાગત વાતાવરણ અને એવું બધું તો બહાનું હતું ડાયનાનું. પ્રિન્સેસ ડાયના હોય, દ્વારકાની દીપ્તિ હોય કે ભાવનગરની ભૈરવી હોય – કોઈ પણ સ્ત્રી સાથે પરણ્યા પછી આવું થવાની શક્યતા હોય. લગ્ન પછી બે વ્યક્તિઓ એની એ જ રહે છે છતાં એ બેઉ વચ્ચેનો રોમાન્સ, બંને વચ્ચેનું આકર્ષણ કે પરસ્પર પ્રત્યેની મુગ્ધતા શા માટે ઓછાં થઈ જાય છે?

વાંક લગ્ન વિશેની માન્યતાનો છે. કૉફી શૉપના કૉર્નર ટેબલ પરના પાતળા ચિનાઈ ફ્લાવરવાઝમાં રાખેલા લૉન્ગ સ્ટીમ્ડ લાલ ગુલાબનો સ્પર્શ કરીને સામે બેઠેલી વ્યક્તિની બિયર કલરની આંખમાં આંખ પરોવીને લગ્નનાં ખ્વાબ જુઓ છો ત્યારે તમને એમાં નણંદ, જેઠાણી, સાસુ કે ઘરનો મહારાજ નથી દેખાતાં હોતાં. લગ્ન પછીની પ્રથમ રાત્રિથી જ ખબર પડવા માંડે છે કે સવારના પહોરમાં ઊંઘમાંથી ઊઠેલી વ્યક્તિ સુસ્ત, આળસુ અને અદર્શનીય જ દેખાય. અને પતિ? દરિયાકિનારે હાથમાં હાથ પરોવીને કલાકો સુધી ગપ્પાં માર્યા કરતો આ પુરુષ સવારે આઠ વાગ્યે રોટલી અને શાકનો લંબચોરસ લંચબૉક્સ લઈને નીકળશે તે છેક બાર કલાક પછી ઘરે પાછો આવશે ત્યારે એનાં મોજાંમાંથી દુર્ગંધ આવતી હશે. ક્યાં ગઈ બધી સુગંધો?

લગ્ન કરવા આતુર હોય એવા જુવાનિયાઓ માટે એક-એક મહિનાના ક્લાસ ખૂલવા જોઈએ. લગ્ન વિશેની તમામ વાસ્તવિકતાઓ એમને સમજાવી દેવી જોઈએ. (એકાદ વીકએન્ડમાં કોઈ જાણીતા વકીલને બોલાવી છૂટાછેડાની કલમો પણ સમજાવી દેવી જોઈએ). લગ્ન પહેલાં સંબંધો મહોરતા હોય છે અને લગ્ન પછી સંબંધો મેઇન્ટેઇન કરવા પડતા હોય છે, ક્યારેક કલ્ટિવેટ કરવા પડતા હોય છે. આદર્શ પતિ કે આદર્શ પત્નીની વાત જવા દો, સારા પતિ કે સારી પત્ની બનવામાં પણ આયાસ કરવો પડતો હોય છે. લગ્ન પછી કૉપીબુક રોમાન્સ ઓગળી જતો હોય છે. કૅન્ડલ લાઇટ ડિનરવાળી મીણબત્તી ધીમે ધીમે ઓગળીને પ્રથમ બાળક થાય ત્યાં સુધીમાં બુઝાઈ ચૂકી હોય છે.

બાસુ ભટ્ટાચાર્યની એક ફિલ્મમાં રોમાન્સની બુઝાઈ ગયેલી જ્યોત વિશે સ્પષ્ટતા કરતો એક સંવાદ આવે છે: 'અગાઉ આપણે રોજના ચોવીસ કલાકમાંથી માત્ર બે જ કલાક માટે મળતાં અને આ બે કલાક દરમિયાન આપણી પાસે જે ઉત્તમ છે એ જ બીજાને આપવાની કોશિશ કરતાં. આને કારણે આપણે બેઉ એકબીજાને ખૂબ સારાં લાગતાં.' લગ્ન પછી વ્યક્તિની સારી, ઓછી સારી અને ખરાબ – બધી જ બાજુઓ ખુલ્લી પડી જતી હોય છે.

એક જમાનામાં જે પુરુષ ગ્રીક દેવતા સમાન લાગતો કે જે સ્ત્રી સ્વર્ગમાંથી ઊતરી આવેલી અપ્સરા લાગતી તે લગ્ન પછી સાદીસીધી વ્યક્તિ તરીકે ઓળખાઈ જાય ત્યારે કલ્પનાના કિલ્લા ચૂરચૂર થઈ જતા હોય છે. ભર્યું ભર્યું લાગતું જીવન ક્યાંક એકાદ ખૂણામાં સાવ ખાલીખમ લાગવા માંડે છે. આવું થાય છે ત્યારે પુરુષ પ્રિન્સ ચાર્લ્સને પગલે ચાલે છે અને સ્ત્રી ડાયનાવાળી કરે છે. લગ્ન બહારના સંબંધ સર્જાય છે.

કવિ-નવલકથાકાર ભગવતીકુમાર શર્માએ એક વખત લખ્યું હતું, 'ભાગ્યે જ કોઈ પતિ-પત્નીનું સહજીવન આરંભથી અંત સુધી એકસરખું ઉષ્માપૂર્ણ, સુસંવાદી અને સ્નેહસભર રહી શકે છે.' ચિંતક-નિબંધકાર ગુણવંત શાહે પણ જાહેરમાં આ સંદર્ભે એકરાર કર્યો હતો, 'પેટછૂટી વાત કરું તો એમ કહી શકું કે લાગણીના તાણાવાણા મજબૂત હોવા છતાં (મારા દાંપત્યજીવનમાં) કંઈક ખૂટતું હોય એવી લાગણી મને રહ્યા કરે છે.'

દાંપત્યજીવનની કળા શીખવતાં અનેક પુસ્તકો અંગ્રેજીમાં પ્રગટ થયાં છે. હાઉ ટુ મેક લવ ટુ ધ સેમ પરસન ફૉર ધ રેસ્ટ ઑફ યૉર લાઇફ જેવાં લાંબુંલચક શીર્ષક ધરાવતાં પુસ્તકો પણ બજારમાં મળે છે. રીડર્સ ડાયજેસ્ટ પ્રકારનાં મૅગેઝિનોના દર ત્રીજા અંકે સફળ લગ્નજીવન સર્જવાનાં દસ પગથિયાં જેવા લેખો પ્રગટ થતા હોય છે પરંતુ પુસ્તકો કે લેખો વાંચી લેવાથી આપોઆપ કશું સુધરી જતું નથી. તું મળે તો જાણે આખું જગત મળે ઔર જીને કો ક્યા ચાહિયે એવું હિંદી ફિલ્મોનાં ગીતોમાં ગવાતું હોય છે. જીવવા માટે એક વ્યક્તિ ઉપરાંત બીજી ઘણી બધી ચીજોની આવશ્યકતા હોય છે એની પ્રતીતિ લગ્ન પછી જ થતી હોય છે. આ પ્રતીતિ લગ્ન પહેલાં થઈ જતી હોત તો ડાયનાએ ક્યારેય ચાર્લ્સ સાથે કે દ્વારકાની દીપ્તિએ ક્યારેય દક્ષેશ સાથે લગ્ન ન કર્યાં હોત.

ઉકેલ શું આનો? પડ્યું પાનું નિભાવી લેવાનું? કે પછી ચાર્લ્સે અને ડાયનાએ જે કર્યું તે કરવાનું? કે પછી હૉલીવૂડના સ્ટાર્સ જે કરે તે કરવાનું? એલિઝાબેથ ટેલરે સાત પતિ (વારાફરતી) કર્યા પછી પણ જિંદગીભર જેની સાથે રહેવાનું ગમે એવું પાત્ર ન મળ્યું એટલે આઠમી વાર લગ્ન કર્યાં. તાણીતૂસીને અને સમાધાનો કરીને પણ માણસે આજીવન એક જ વ્યક્તિ સાથે રહેવું જોઈએ? કે પછી પરફેક્ટ જીવનસાથીની ખોજ નિરંતર ચાલુ રાખવી જોઈએ? પ્રશ્નો અનેક છે અને એનો જવાબ એલિઝાબેથ ટેલર પાસે પણ નથી.



પચ્ચીસ

કલ્પના મુજબનું પાત્ર ન મળ્યું તો ?

'ફાઉન્ટેનહેડ' અને 'એટલસ શ્રગ્ડ' જેવી વૈચારિક નવલકથાઓ લખનાર વિદુષી આઇ્ન રૅન્ડ કહે છે, 'કોઈકે બહુ સરસ વાત લખી હતી કે દુનિયામાં નેવું ટકા લોકોએ જો પ્રેમ વિશે કશું વાંચ્યું, સાંભળ્યું કે જોયું જ ન હોત તો તેઓ કદી પ્રેમમાં પડ્યા જ ન હોત.' એક પત્રમાં આ અમેરિકન લેખિકાએ લખ્યું, 'પ્રેમમાં સામી વ્યક્તિ ગમવા ઉપરાંતનું કશુંક તત્ત્વ હોય છે, એ વ્યક્તિ પ્રત્યેના અહોભાવ ઉપરાંતનું કોઈક અશરીરી તત્ત્વ હોય છે. આ અકળ લાગણી શારીરિક બનીને વ્યક્ત થાય છે ત્યારે એમાં રહેલી તીવ્રતાની ઊંચાઈનો સીધો સંબંધ પેલા અલૌકિક તત્ત્વ સાથે બંધાયેલો હોય છે.'

સેક્સ વિશે આઇ્ન રૅન્ડનું શું માનવું છે: 'જેમને એમાં ભરપૂર આનંદ મળતો હોય તેઓ આ બાબતમાં અત્યંત સિલેક્ટિવ હોય છે. આવી વ્યક્તિઓ કોઈ મામૂલી ખેંચાણને વશ નથી થતી હોતી. ગમે તેની સાથે આ માટે તૈયાર થઈ જનાર વ્યક્તિ કામુક હોય છે એવું માનવાની ભૂલ ન કરવી. એથી તદ્દન ઊલટું હોય છે.'

જેમની જાતીય ચેતના પા પા પગલી ભરી રહી હોય એવી જ વ્યક્તિઓ ગમે તેની સાથે સંબંધ બાંધી શકે. જેમને ખાવાનો ખૂબ જ શોખ હોય એવી વ્યક્તિઓ અને જેઓ ખાઉધરા કે અકરાંતિયા હોય એવી વ્યક્તિઓ વચ્ચે ખોરાકની બાબતમાં જેવો ફરક હોય એવો જ તફાવત અહીં પણ છે. ખાઉધરા અને ખાવાના શોખીન – આ બેમાંથી કયા પ્રકારની વ્યક્તિ ખોરાકને વધુ આદર આપે છે એવું તમે કહેશો? વ્યક્તિને પોતાની જાત માટે કેટલો આદર છે એનું માપ આ અંગત બાબત પ્રત્યેના એના અભિગમ દ્વારા નીકળે છે. પોતાના માટેનું એનું ગૌરવ એ કોની સાથે આવા સંબંધો રાખે એના દ્વારા છતું થાય છે.

આઇ્ન રૅન્ડ પૂછે છે, 'એવું શા માટે કહેવાતું હોય છે કે માણસ જાતીય ઇચ્છાનો ગુલામ છે? એની એ તીવ્ર જરૂરિયાત મહેસૂસ કરે છે એટલે?'

અહીં ફરીથી બીજી પાયાની જરૂરિયાત સાથેની સરખામણી આવે છે – ખોરાક. અન્નની જરૂરિયાત વધુ બળવાન, તાત્કાલિક સંતોષવી પડે એ રીતની, વધુ અર્જન્સી ધરાવતી અને ક્યારેક જીવનમરણનો પ્રશ્ન બની જાય એ પ્રકારની છે. આમ છતાં શા માટે કોઈ એવું કહેતું નથી કે માણસ અન્નનો ગુલામ છે? માણસે ખોરાકની બાબતમાં સ્વીકારી લીધું છે કે હા, આપણને એની જરૂરિયાત છે અને કેવી રીતે એને સંતોષવી એ અંગેના તમામ રસ્તાઓ એના પોતાના તાબામાં પણ છે. એટલું જ નહીં, એ બાબતમાં માણસ સંતોષ મેળવવાની વધુ ને વધુ નવી રીતો, રેસિપીઓમાં ફેરફારો કરીને શોધતો જ રહે છે. ન તો કોઈ આવી પ્રક્રિયાને માણસનાં હવાતિયાં ગણે છે, ન આવું કરતી વ્યક્તિઓને દયાજનક માને છે.

કોઈ પણ નૉર્મલ, આધુનિક સમાજમાં એક સામાન્ય માણસ માટે જરૂર પૂરતો ખોરાક મેળવવો એ કોઈ મુશ્કેલભર્યું કામ નથી. હા, ખોરાક એના માટે પાયાની જરૂરિયાત છે. ખોરાક વિના રહેવું છે એવું એ ઇચ્છે તોય અમલમાં ન મૂકી શકે. પણ શા માટે એણે ખોરાક વિના રહેવું ય જોઈએ? પોતાની જરૂરિયાતને સંતોષવાના એની પાસે અનંત માર્ગો છે અને એના ઉત્પાદનનાં સાધનો પણ એના નિયંત્રણમાં છે.

અન્ન અને સેક્સની બાબતમાં જે પાયાની સામ્યતા છે તે એ કે બેઉની ઇચ્છા પ્રગટે ત્યારે એને વશ થયા વિના છૂટકો નથી એવી માનસિકતા ઊભી થાય છે. પણ સેક્સની બેઉ ભિન્ન આવેગોને સંતોષવાના માર્ગમાં ઘણો મોટો ફરક છે. અન્ન માટેની જરૂરિયાત જેટલી સહેલાઈથી સંતોષી શકાય છે એટલી આસાનીથી સેક્સની

અનિવાર્યતાને પૂરી કરી શકાતી નથી. આમ છતાં એટલું ખરું કે સંતોષ ક્યાંથી લેવો અને ક્યારે લેવો એ અંગેનો અંતિમ નિર્ણય લેવાનો હક્ક એની પોતાની જ પાસે રહે છે – બેઉ બાબતોમાં.

સવાલ એ આવીને ઊભો રહે કે પોતાની કલ્પના મુજબનું પાત્ર અથવા તો પોતાની ચોક્કસ વૈચારિક પ્રક્રિયાને અંતે તારવેલાં ગુણો અને લક્ષણો ધરાવતું પાત્ર ક્યારેય જીવનમાં ન મળ્યું, તો માણસે શું એક પગથિયું નીચે ઊતરીને સેકન્ડ બેસ્ટ ચોઇસ કરીને આ અંગે સમાધાન સ્વીકારી લેવું? આઇ્ન રૅન્ડ કહે છે, ‘હા, ભલે એમાં આધ્યાત્મિક અને શારીરિક સાયુજ્યની તમે કલ્પેલી ઊંચાઈ ન હોય, પરંતુ એ સંબંધ સાવ કંઈ નીચલા પગથિયાવાળો તો નહીં જ હોય.’

આઇ્ન રૅન્ડ એક પત્રમાં પોતાના પ્રકાશકને લખે છેઃ “તમે લખો છો કે મારા પર ‘શ્રદ્ધા’ રાખો. જુઓ, આવી ‘શ્રદ્ધા’ મેં ક્યારેય કોઈના પર રાખી નથી. આંખો મીંચીને કશુંક સ્વીકારી લેવું એવી ધાર્મિક પ્રકારની શ્રદ્ધા રાખવામાં હું માનતી પણ નથી. ભરોસો મૂકવા માટે મને કારણો જોઈએ. પૂરેપૂરી હકીકતો જોઈએ. હું તમને પ્રથમ વાર મળી ત્યારે ન તો મને તમારામાં, તમે જેને શ્રદ્ધા કે વિશ્વાસ કહો છો તે હતાં ન અશ્રદ્ધા કે અવિશ્વાસ. તમારી સાથેના ઉત્તરોત્તર વધતા વ્યવહારમાંથી મને પુરાવાઓ સાંપડતા ગયા એ પહેલાં મેં તમારા વિશે કોઈ પણ પ્રકારનો અભિપ્રાય બાંધ્યો નહોતો – ન સારો, ન ખરાબ.’’

કોઈ વ્યક્તિ તમને કહે કે મને તમારા માટે ખૂબ જ સારી ભાવના છે, અત્યંત ઉમદા લાગણીઓ છે કે ઊંડો આદર છે, ત્યારે તમારે એ વિચારવાનું કે આવું એ વ્યક્તિ બોલવા ખાતર બોલી રહી છે કે તમારી સાથેના એના વ્યવહારમાંથી તમને આ બાબતો અંગેના સીધા યા આડકતરા પુરાવાઓ સાંપડ્યા છે. માત્ર બોલાયેલા શબ્દોની કોઈ જ કિંમત નથી. વ્યવહારમાં ન મુકાયેલા આ શબ્દો હવામાં જ અધ્ધર રહેલા હોય ત્યારે એનાથી ભોળવાઈ જવું કે છેતરાઈ જવું કોઈનેય ન પોસાય.

છવ્વીસ
સંબંધમાં એકબીજાનું અંગત વિશ્વ પડાવી લેવાની લાલચ ન હોય

સંબંધો બાંધતી વખતે કે સંબંધો છોડતી વખતે કેટલીક વાતો યાદ રાખવાની. સંબંધો છૂટતા હોય છે, તૂટતા નથી હોતા. સંબંધોનાં વહેણ નદીની જેમ વહે છે. પાણી ઉપરથી નીચે તરફ વહેતું હોય અને એનાં વહેણને ઊલટાવવાનો ગમે એટલો પ્રયાસ કરો તો પણ એની અંતિમ ગતિ સમુદ્ર તરફની હશે. સંબંધનાં વહેણની સંપૂર્ણ દિશા બદલવાના પ્રયત્નો ન કરવા. પ્રયત્નો વહેણની આડે આવતા કાંકરા-પથ્થરોને દૂર કરવા માટે કરવાના.

દરેક સંબંધમાં કશુંક અકળ અને અવ્યક્ત હોય એનું ઘણું મોટું મહત્ત્વ છે. બધું જ બોલી નાખવું કે સારીનરસી તમામ લાગણીઓ બીજાને પહોંચાડી દેવી જરૂરી નથી. બોલ્યા વિના પણ ઘણું બધું કહી શકાતું હોય છે. આ મોઘમપણું સંબંધને એક જુદો, તાજગીભર્યો આકાર આપે છે.

સંબંધ બંધાયા પછી સામેવાળી વ્યક્તિની પસંદ-નાપસંદના વિકલ્પો પર ઇજારાશાહી સ્થાપવાની જીદ છોડી દેવી જોઈએ. મને તું લાલ શર્ટ પહેરે છે તે નથી ગમતું માટે લીલું જ પહેર એવી પસંદગી કોઈના માથે ઠોકી બેસાડાય નહીં. વ્યક્તિમાં જે નથી ગમતું તે તત્ત્વ એ વ્યક્તિને ચાહતી વખતે તમને કેટલું આડે આવે છે? લીલું શર્ટ ન પહેરનારી તમારી ગમતી વ્યક્તિને ચાહવામાં ખરેખર એ રંગ બાધારૂપ બને છે કે પછી તમારી જીદને કારણે તમે એવો આગ્રહ રાખો છો?

સંબંધમાં કોઈ એક વ્યક્તિ ચંચળ બની જાય ત્યારે બીજી વ્યક્તિએ સ્થિર થઈ જવું અનિવાર્ય. આવેશમાં આવીને એક જણ ગમે તે બોલી નાખે ત્યારે સામેવાળી વ્યક્તિએ તે ક્ષણ પૂરતું મૌન રાખવું પડે. એકની જિંદગી ખૂબ ધમાલભરી, પ્રવાસયુક્ત કે વ્યસ્ત બની જાય ત્યારે બીજી વ્યક્તિએ સમતુલા જાળવી લેવી પડે. સંબંધમાં ક્યારેય કોઈના પર બીજાએ લાદેલી મર્યાદા ન હોય. જેને જે કરવું હોય એની છૂટ. કોઈકે કહ્યું છે કે છૂટાં મૂકી દીધેલાં પંખી ફરી પાછાં એ જ સ્થાને આવે તો માનવું કે એ તમારાં જ હતાં, ન આવે તો માનવું કે એ ક્યારેય તમારાં ન હતાં. જે કંઈ મર્યાદા સંબંધમાં જાળવવાની હોય તે વ્યક્તિએ પોતે બાંધેલી મર્યાદા હોય, એનામાં આપોઆપ સ્ફુરેલી લક્ષ્મણરેખાઓ હોય. કોઈએ લાદેલા પ્રતિબંધોને ખાનગીમાં ઉવેખવા સહેલા હોય છે. સ્વશિસ્તને કારણે મનમાં સ્વીકારાયેલા પ્રતિબંધો તક હોવા છતાં તૂટતા નથી હોતા.

સંબંધમાં એકબીજાનું અંગત વિશ્વ પડાવી લેવાની લાલચ ન હોય. બે જણ ચૂપ બેઠાં હોય ત્યારે એક જણ પૂછી બેસેઃ 'શું વિચારે છે?' ત્યારે પ્રાઇવસીનો ભંગ થાય છે. તમારી સૌથી નજીકની વ્યક્તિની પ્રાઇવસીનો ભંગ કરવાનો પણ તમને હક્ક નથી. વ્યક્તિ જે વિચારે છે તે કહેવા માગતી હશે તો કહેશે, આજે નહીં તો ગમે ત્યારે કહેશે. શું વિચારે છે એવું પૂછીને તમે ક્યારેક એને ખોટું બોલવા માટે મજબૂર કરતા હો છો. બે વ્યક્તિ વચ્ચે સંબંધો સર્જાયા પછી બેઉની એકલતા જરૂર દૂર થઈ જાય, પણ બેઉને પોતપોતાનું એકાંત જાળવી રાખવાની સ્વતંત્રતા મળવી જોઈએ. દરેક વ્યક્તિ પાસે એક એવું ખાનગી વિશ્વ હોય છે જેમાં કોઈનેય ડોકિયું કરવા દેવાની પરવાનગી આપવાની એને ઇચ્છા નથી હોતી. આ વિશ્વ જળવાય તો જ વ્યક્તિને વિકસવા માટેની પૂરતી જગ્યા મળી રહે.

વાતવાતમાં વાંકું પાડીને છૂટાં થઈ જવાની વાત કરવાની ટેવ સંબંધને વગર કારણે બરડ બનાવી દે અને કોઈ એક તબક્કે કોઈ ગંભીર કારણ વિના એ તૂટી જાય. કેટલાક લોકોને ટેવ હોય છે એવું વિચાર્યા કરવાની કે

આની સાથે આવું થશે એટલે હું સંબંધ તોડી નાખીશ. સંબંધ ક્યારે, કેવી રીતે તોડી નાખીશ એની કલ્પનાઓ કર્યા કરવાને બદલે એટલો જ સમય આ સંબંધ કેવી રીતે વધુ સમૃદ્ધ બને એ વિચારવા માટે વાપર્યો હોય તો?

સંબંધોમાં માલિકીભાવની બાદબાકી વિશે ઘણું લખાયું છે. આ સંદર્ભમાં મરાઠી કવયિત્રી હેમા લેલેની બે પંક્તિઓ યાદ આવે છેઃ "પ્રિય, તેં કહ્યુંઃ 'જે ઘાસ પર ચરણ ટેકવ્યાં તે જ ઘાસ પર ઊડવાનું મન થાય એ કંઈ વાજબી નથી.' મેં કહ્યુંઃ હું ઊડવાની છું, ઊડી જવાની નથી."

સંબંધમાં ઊડવું એટલે ઊડી જવું નહીં એવું સમજતાં વાર લાગે છે. ક્યારેક ખૂબ મોડું થઈ ગયા પછી સમજાતું હોય છે કે એણે માત્ર ઊડવાની ઇચ્છા વ્યક્ત કરી હતી, એના મનમાં ક્યારેય ઊડી જવાની લાગણી જન્મી નહોતી. પણ ઊડવાની ઇચ્છા વ્યક્ત થતાં જ તમે અસલામત થઈ ગયા અને ભયભીત બનીને એની પાંખો બાંધી દેવા તમારા હાથ લંબાયા. પોતાની પાંખો પર આવી રહેલા પ્રતિબંધને જોઈને, માત્ર ઊડવાની આશા રાખનારે છેવટે નક્કી કર્યું ઊડી જવાનું. આખી વાતના સારમાં અવિનાશી સત્ય એ છે કે ઊડવાની ઇચ્છા કોઈ વ્યક્ત કરે તો હેમા લેલેના કાવ્યની અંતિમ પંક્તિ બોલવાનીઃ 'તેં કહ્યુંઃ ઊડી જશેને તોય આપણા બન્નેનું આકાશ તો એક જ હશે એની તકેદારી મેં પહેલેથી જ રાખી છે.'

સંઘર્ષથી સંબંધ મજબૂત નથી બનતો, થાકી જાય છે. જેને જાળવવા સતત સંઘર્ષ કરવો પડે એવા સંબંધોમાં અંતે હારી જવાતું હોય છે. ડગલે ને પગલે સ્થાન સાચવી રાખવાની જહેમત હોય એવી યાત્રાના અંતે થકાન સિવાય બીજું કશું નથી મળતું. સંબંધમાં જેને જે જોઈએ તે આપી દીધા પછી ખાલી થઈ જવાનો, નિર્ભાર બની જવાનો આનંદ હોય છે.

■

સત્યાવીશ
ત્રણ ખાતરી અને પાંચ નિશ્ચય

પ્રિય વ્યક્તિ સાથે મતભેદ સર્જાય અને તે ઝઘડામાં પરિણમે ત્યારે એની સાથે બોલાચાલી કરતી વખતે ત્રણ વાતની ખાતરી મનમાં હોવી જોઈએ. આવી ખાતરી ન હોય તો ઝઘડો કરવાનું ટાળવું. અન્યથા એ ઝઘડો કાયમી જુદાઈમાં પરિણમી શકે. આવી ખાતરી ન હોય છતાં ઝઘડો અનિવાર્ય હોય તો તૈયારી રાખવાની કે ગમે ત્યારે એનું પરિણામ છૂટાં પડવામાં આવવાનું છે અને જો એવું થવાનું હોય તો પછી ઝઘડો કરીને શા માટે છૂટાં પડવું, કર્યા વિના જ છૂટા પડી જવું બહેતર છે.

સૌથી પહેલાં તો તમને એ વાતની ખાતરી હોવી જોઈએ કે સામેની વ્યક્તિ એક જેન્યુઇન વ્યક્તિ છે અને તમારા પ્રત્યેની એની નિષ્ઠામાં કોઈ બેમત નથી, એના વિચારો અને એના વર્તન પાછળના ઇરાદાઓ હંમેશાં ઉમદા હોય છે. એના ઇરાદાઓ વિશે તમારા મનમાં ક્યારેય શંકા-કુશંકા ન હોવી જોઈએ. એ વ્યક્તિ ક્યારેય જાણી જોઈને તમારી લાગણીને ઠેસ પહોંચાડવા નથી માગતી અને અજાણતાંય જો એવું થઈ જાય તો એનું એને દુ:ખ હોય છે. આ પહેલી ખાતરી તમારા મનમાં હોવી જોઈએ.

બીજી ખાતરી તમને એ હોવી જોઈએ કે તમારા જીવનમાં એ સૌથી અગત્યની વ્યક્તિ છે અને એના જીવનમાં તમે સૌથી અગત્યના છો.

ત્રીજી અને સૌથી મહત્ત્વની ખાતરી તમને એ હોવી જોઈએ કે આ સંબંધો કાયમી છે. એટલું જ નહીં, તમે બેઉ હંમેશ માટે એકબીજાંને ગમતાં રહો, એકબીજાના પ્રેમને પાત્ર રહો અર્થાત્ એકમેક માટે લાઇકેબલ અને લવેબલ રહો એ માટે તમામ પ્રયત્નો કરી રહ્યા છો અને તમારામાં રહેલું સર્વશ્રેષ્ઠ તમે આ માટે ખર્ચી નાખવા તૈયાર છો.

આ ત્રણ વાતની ખાતરી જ નહીં, પાક્કી ખાતરી હોય તો આ પાંચ નિશ્ચયો ઝઘડો સર્જાય તે પહેલાં, અને જો મોડું થઈ ગયું હોય તો ઝઘડો કર્યા પછી, કરવા જોઈએ અને કોઈ પણ સંજોગોમાં એને વળગી રહેવું જોઈએ :

1. પ્રેમ કરવાનો હોય, માગવાનો ન હોય. માગવાથી બીજું ઘણું મળી જતું હશે, પ્રેમ નહીં. માટે જ એની અપેક્ષા પણ રાખવાની ન હોય. ઉપલી ત્રણ ખાતરીઓ જે વ્યક્તિ માટે હોય એવી વ્યક્તિને પ્રેમ કરતાં રહેવું એ જ ઘણું મોટું સદ્‌ભાગ્ય છે. એ તમારી સાથે એવો જ વ્યવહાર કરશે એવી અપેક્ષા મનમાં જન્મશે તો મન સતત અદૃશ્ય ત્રાજવાનાં બે પલ્લાં એકસરખાં રહે એવા વ્યવહારો કરતું રહેશે. આવું થશે તો જતે દહાડે સંબંધ વરાળ બનીને ઊડી જશે.
2. સામેની વ્યક્તિ તમારી પાસે કઈ કઈ અપેક્ષાઓ રાખે છે એની તમને જાણ હોવી જોઈએ. શક્ય છે કે કેટલીક અપેક્ષાઓ વારંવાર પ્રગટપણે જણાવવામાં ન આવતી હોય, માત્ર એકાદ-બે વાર અગાઉ કહેવાઈ ગઈ હોય. કેટલીક અપેક્ષાઓ ક્યારેય ન ઉચ્ચારાઈ હોય એવું પણ બને. વણકહેલી અપેક્ષાઓ પામી જઈને એ પણ પૂરી કરવાની હોય. સામે પક્ષે એ તમારી બધી કે કોઈ અપેક્ષા પૂરી કરશે એવું ધારી લેવું નહીં.
3. કાળજી કે ફિકર તમારે એની રાખવાની હોય, તમારી કાળજી કોઈ લેશે કે ફિકર કરશે એવું માનવાનું ન હોય.

ઉપરના ત્રણેય મુદ્દાઓ વિશે એક કૉમન સ્પષ્ટતા કરવાની. તમને લાગશે કે હું જ બધું એના માટે કરું, હું મારી જીદ જતી કરું, હું એને ખુશ રાખું તો શું મને હક્ક નથી કે એ પણ મારી સાથે એવો વ્યવહાર રાખે? અહીં સવાલ ધીરજનો છે. ઉપલા ત્રણ મુદ્દા જેવું વર્તન તમે કરતા હો છો ત્યારે સામેની વ્યક્તિ આપોઆપ, તમારી માગણી વિના, તમારા કહ્યા વિના, તમારી કોઈ અપેક્ષા વિના, તમને પ્રેમ કરતી રહે છે. તમારી અપેક્ષાઓ સમજી જઈને એને સંતોષતી રહે છે અને તમારી કાળજી લેતી રહે છે. આ બધું સાહજિક રીતે બને છે. પ્રેમમાં શતરંજના દાવની જેમ એક પ્યાદું તમે ચાલો ને બીજું પ્યાદું એ ચાલે એવી મુત્સદ્દીગીરી ન હોય. તમારી સહજતાથી તમે વર્તન કરો, એટલું જ સાહજિક વર્તન સામેથી આવશે. એ ક્યારે આવશે એની રાહ જોયા કરવાની નહીં. આરંભે આપેલી ત્રણ ખાતરીઓનું સ્થાન સંબંધમાં હશે તો વહેલુંમોડું, તમારા જેવું જ સાહજિક વર્તન એનું પણ આવશે જે પ્રેમ, કાળજી બધું જ લઈને આવશે.

ધારો કે કોઈ એક તબક્કે, ખૂબ ધીરજ ધર્યા પછી પણ એવું બન્યું કે એનું સાહજિક વર્તન તમારા સુધી ન પહોંચ્યું, તો એનું કારણ કદાચ એ હોઈ શકે કે પાંચ નિશ્ચયમાંના પ્રથમ ત્રણનું પાલન તમે પોતે જ ન કર્યું હોય.

4. ચોથો નિશ્ચય. એનો કે તમારો – કોનો નિર્ણય અમલમાં મુકાય છે એ બાબત તદ્દન ગૌણ, ક્ષુલ્લક હોવી જોઈએ. કારણ કે એવા અનેક મતભેદો સર્જાતા હોય છે જેનો ઉકેલ બેઉને પસંદ પડે એવો શક્ય ન પણ હોય. આવા સમયે જીદ છોડતાં આવડવું જોઈએ અને એવું ત્યારે શક્ય બને જ્યારે ઝઘડામાં સામેલ થયેલા મુદ્દાને પ્રેસ્ટિજ ઇશ્યુ બનાવવામાં ન આવ્યો હોય.
5. અંતિમ નિશ્ચય. ઝઘડા દરમ્યાન મન સહેજ પણ અશાંત થતું લાગે ત્યારે પ્રતિક્રિયાને લાગણીશીલ બનવા દેવાને બદલે તર્કબદ્ધ બનાવતાં શીખી જવું. આટલું શીખવું જ પડે. આપોઆપ જે પ્રતિક્રિયા આવવાની છે તે લાગણીનું દ્વાર ખોલીને જ આવવાની છે. ઝઘડા વખતે આ દરવાજો બંધ રાખીને તર્કનાં કમાડ ઉઘાડી નાખવાં સારાં, કારણકે આવી પરિસ્થિતિઓમાં લાગણીની ત્વરિત પ્રતિક્રિયા સંબંધ માટે અત્યંત જોખમી અને હાનિકારક હોય છે.

ત્રણ ખાતરીઓ અને પાંચ નિશ્ચયો પછી ઝઘડો થાય છે ત્યારે મનમાં એક જ વાત હોય છેઃ મારે તારી સાથે રહેવું છે – પ્રેમ કરતાં કરતાં અને ઝઘડો કરતાં કરતાં પણ તારી સાથે જ રહેવું છે.

●●